સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૫ વર્ષ

# દૈનિક મુંબઈ સમાચાર

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 161 ■ વિક્રમ સંવત ૨૦૮૨

નિજ જયેષ્ઠ વદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 July 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

ગુરુવાર, ૯ જુલાઈ ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


લાડકી પૂર્તિ ૭ ૮ ૯


LIKE & FOLLOW: /Mumbaisamachar4u







**સુરતની સૂરતઃ** સુરતમાં ભારે વરસાદને લીધે અનેક રસ્તા પર પાણી ભરાયાં હતાં અને તેમાંથી ફૂડ પૅકેટ્સ સાથે પસાર થતાં લોકો તેમ જ એક મંદિર પણ અંશતઃ પાણીમાં ડૂબી ગયું હતું. (પીટીઆઇ)

# વરસાદે મચાવી તબાહી, સુરતમાં ૨૪ કલાકમાં ૧૩નાં મોત

## ૨૪ કલાકમાં લગભગ ૧૫ ઇંચ વરસાદ પછી સુરતમાં મેઘરાજા ઠંડા તો પડ્યા પણ હજી ઘૂંટણસમા પાણીઃ પ્રજા અનેક સમસ્યાથી ઝૂઝી રહી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ત્રણ દિવસથી સર્જાયેલા મેઘતાંડવને કારણે ૨૨ જણે જીવ ગુમાવ્યા છે, જેમાં છેલ્લા ૨૪ કલાકમાં પડેલા વરસાદને કારણે ૧૩ જણે જીવ ગુમાવ્યાના અહેવાલો પ્રકાશમાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર પૂરના પાણીમાં ડૂબી જવાથી ૧૧ જણનાં મોત થયાં છે જ્યારે એકનું પડી જવાથી અને યુવકનું વીજ કરંટથી મોત થયું હોવાના અહેવાલો છે.

મૃતકોની મળતી વિગતો અનુસાર ડિંડોલીમાં ૫૮ વર્ષીય પ્રસાદ વીરચંદ કાપડે સફાઈ કામદાર હતા અને કામકાજ પરથી ઘરે આવતા સમયે તેઓ ડૂબી ગયા હતા. પૂણા ગામના બે યુવક મહેશભાઈ ઝાલોદરા અને પરેશસિંહ ખેંગાર પણ પાણીના પ્રવાહમાં ડૂબી જતા મોતને ભેટ્યા હોવાના અહેવાલો છે. આ ઉપરાંત સચિન વિસ્તારમાં ડૂબી જવાથી એક વ્યક્તિનું મોત થયું હતું.

આ ઉપરંત ઉન પાટીયા પાસે પણ બે જણ ડૂબી ગયા હતા તો ૨૦ વર્ષીય યુવકને ફ્રિજમાંથી કરંટ લાગતા તેનું મોત થયું હતું. વડોદ ગામમાં એક પ્રજ્ઞાચક્ષુ પડી જવાથી તેમનું મોત થયું હોવાના અહેવાલો મળ્યા હતા.

સતત ત્રણ દિવસથી શહેરને ધમરોળ્યા બાદ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વરસાદે પોરો ખાધો હતો. સમગ્ર ગુજરાતમાં બુધવારે નહીવત વરસાદ વરસ્યો હતો. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અનુક્રમે સિઝનનો ૩૪.૧૩ અને ૨૭.૫૯ ટકા વરસાદ વરસ્યો હતો, જ્યારે મધ્ય પૂર્વ ગુજરાત, ઉત્તર ગુજરાત અને કચ્છમાં અનુક્રમે ૧૭.૨૭, ૧૪.૦૯ અને ૧.૯૨ ટકા વરસાદ વરસ્યો છે, જે ઘણો જ ઓછો છે અને લગભગ નહીવત જેવો છે.

જોકે બુધવાર સવારથી રાજ્યભરમાં વરસાદની ગતિ ઘણી જ ધીમી રહી હતી. સ્ટેટ ઈમર્જન્સી ઑપરેશન સેન્ટર દ્વારા આપવામાં આવેલા સવારે છથી સાંજે છ વાગ્યા સુધીના આંકડા અનુસાર રાજ્યના ૫૯ તાલુકામાં વરસાદે માત્ર હાજરી નોંધાવી હતી. વલસાડના માત્ર બે તાલુકામાં એકથી દોઢ ઇંચ વરસાદ વરસ્યો હતો. આજથી વરસાદ ધીમો પડે તેવી સંભાવના છે, તેમ હવામાન વિભાગનાં સૂત્રોએ જણાવ્યું હતું.

છેલ્લા ૨૪ કલાકમાં (બુધવારે સવારે છ વાગ્યા સુધી) સુરત શહેરમાં ૧૪.૯ ઇંચ, પલસાણામાં ૧૮.૧૯ ઇંચ, કામરેજ ૧૭.૪૦ ઇંચ, નવસારીમાં ૧૫ ઇંચ વરસાદ વરસ્યો હતો. સુરતમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાને લીધે બુધવારે પણ જનજીવન ખોરંભે ચડેલું હતું. લોકો ઘૂંટણિયાસમા પાણીમાં ચાલવા મજબૂર થયા હતા. શહેરમાં રાહત અને બચાવ કામગીરી હેઠળ અત્યાર સુધીમાં ૩,૪૧૬ લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે, જ્યારે ૩૮૬૨ લોકોનું સુરક્ષિત સ્થળાંતર કરી નજીકના કોમ્યુનિટી હોલ તેમજ શાળાઓમાં સુરક્ષિત આશ્રય અપાયો છે. જે તમામ માટે ફૂડ પેકેટ્સની વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે લોકોના માલસામન, વાહનોને પારાવાર નુકસાન થયું હોવાના અહેવાલો છે. આ સાથે અબોલ પ્રાણીઓ પણ ભારે અઘરી સ્થિતિમાં મુકાયાં હતાં.

શહેરમાં પૂર જેવી સ્થિતિને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારે શહેરમાં બચાવ અને રાહત કામગીરીને અસરકારક બનાવવા માટે સુરતના પૂર્વ મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલને મોટી જવાબદારી સોંપી હતી.

મળતી વિગત પ્રમાણે, સરકારે શાલિની અગ્રવાલને તરત જ સુરત પહોંચીને પૂરની રાહત કામગીરીમાં જોડાવા આદેશ આપ્યો છે. તેઓ પહેલા સુરતના મ્યુનિસિપલ કમિશનર રહી ચૂક્યા હોવાથી અહીંના વિસ્તારો, ડ્રેનેજ સિસ્ટમ અને સરકારી તંત્રને બહુ સારી રીતે જાણે છે. સુરતમાં ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ છે અને તંત્ર બચાવ કામગીરીમાં લાગેલું છે, તેથી આ મુશ્કેલ સમયમાં તેમનો અનુભવ ખૂબ ઉપયોગી સાબિત થશે, તેમ માનવામાં આવે છે.

દરમિયાન મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ટ્વિટ કરી હતી કે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહે મારી સાથે ટેલીફોનિક વાતચીત કરીને ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદની સ્થિતિ અંગેની વિગતો જાણી હતી. વહીવટીતંત્ર આગોતરા આયોજન અને સજજતાથી પરિસ્થિતિને પહોંચી વળે તે અંગે તેઓએ માર્ગદર્શન આપ્યું હતું અને કેન્દ્ર સરકાર તરફથી તમામ જરૂરી સહયોગની ખાતરી આપી હતી. અતિભારે વરસાદની આ સ્થિતિમાં રાજ્ય સરકાર જાનમાલને નુકસાન નિવારવા માટે પ્રતિબદ્ધ છે. સંબંધિત જિલ્લાતંત્રો સાથે હું સીધા સંપર્કમાં છું, અને બચાવ-રાહત કામગીરીની સમીક્ષા કરી રહ્યો છું. રાજ્ય સરકાર પૂરી સતર્કતા સાથે તમામ જરૂરી પગલા લઈ રહી છે.

આ સાથે ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટની બેઠકમાં પણ વરસાદી સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, પ્રવર્તમાન વરસાદી પરિસ્થિતિનો પ્રત્યક્ષ તાગ મેળવવા, અસરગ્રસ્તોની સ્થિતિ જાણવા અને રાહત-બચાવ કામગીરીનું જાત નિરીક્ષણ કરવા માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ આજે સુરત અને વલસાડ જિલ્લાની રૂબરૂ મુલાકાત લેશે. આ ઉપરાંત, મુખ્ય પ્રધાને રાજ્યના તમામ વરસાદગ્રસ્ત વિસ્તારોમાં જે-તે જિલ્લાના સ્થાનિક પ્રધાનો તેમજ પ્રભારી પ્રધાનોને સ્થળ મુલાકાત લેવા આદેશ કર્યો છે. વહીવટી તંત્રની સજજતા અને આપત્તિ વ્યવસ્થાપનની તૈયારીઓની વ્યક્તિગત સ્તરે સમીક્ષા કરવા માટે પણ ખાસ સૂચના આપવામાં આવી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. ■

# સરદાર સરોવર પ્રોજેક્ટના ખર્ચની વહેંચણીનો ચાર રાજય વચ્ચે કરાર

## ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાનોએ સહી કરી

નવી દિલ્હીઃ નર્મદા અવૉર્ડના લાભાર્થી રાજ્યો - ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન વચ્ચે ખર્ચની બાકી નીકળતી રકમની ચુકવણી માટે મંગળવારે અંતિમ કરાર થયો હતો.

કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ અને જળશક્તિ પ્રધાન સી. આર. પાટીલની હાજરીમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, રાજસ્થાનના મુખ્ય પ્રધાન ભજનલાલ શર્મા અને મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવે સરદાર સરોવર પ્રોજેક્ટના નિર્માણનો ખર્ચ વહેંચવા માટેના અંતિમ કરાર પર સહી કરી હતી.

અમિત શાહે દાવો કર્યો હતો કે આ કરારથી અંતિમ સમાધાન પેટે ચુકવણીની બાકી નીકળતી રકમ માટે સંમતિ સધાઇ ગઇ છે. આ મુદ્દો ચારે રાજ્ય વચ્ચે ઘણાં સમયથી વણઉકેલાયેલો હતો, પણ હવે તે સુલેહસંપથી ઉકેલાયો છે.

તેમણે જણાવ્યું હતું કે આ બંધ (ડૅમ) પૂરો થવાથી તેનું પાણી અને તેનાથી ઉત્પન થનારી વીજળી ચારે રાજ્ય સુધી પહોંચાડાય છે. નર્મદાનું પાણી જ્યાં પહોંચ્યું છે, ત્યાં જમીનના ભાવ વધી ગયા છે અને ખેડૂતોની કિસ્મત બદલાઇ ગઇ છે.

કેન્દ્રના ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે આ પ્રકરણમાં લાભાર્થી ગુજરાત, મધ્ય પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન કે મહારાષ્ટ્ર હોય, છેવટે તો તેનો ફાયદો દેશના લોકો, ખાસ કરીને ખેડૂતોને જ થયો છે.

દરમિયાન, કૉંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવે આ કરારમાં બાંધછોડ કરવા દઇને ગુજરાતને ફાયદો કરાવી આપ્યો છે.

કૉંગ્રેસના મધ્ય પ્રદેશ એકમના પ્રમુખ જીતુ પટવારીએ જણાવ્યું હતું કે યાદવે 'ગુજરાત લૉબી'ની તરફેણમાં મધ્ય પ્રદેશના હિતની સાથે બાંધછોડ કરી છે.

મધ્ય પ્રદેશની ઘણી જમીન અને જંગલ નર્મદા પ્રકલ્પ માટે અપાઇ હતી અને ગુજરાત સરકાર પાસે રૂપિયા ૭,૬૬૯ કરોડનું વળતર માગ્યું હતું, પરંતુ હવે મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન ગુજરાતને રૂપિયા ૫૫૦ કરોડ આપવા તૈયાર થઇ ગયા છે. (એજન્સી) ■

# લખપતના બકલ બેટ પરથી અમેરિકન નેવીનું કન્ટેઇનર મળી આવ્યુંઃ એરફોર્સ દ્વારા સઘન તપાસ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના સરહદી અને વ્યૂહાત્મક રીતે અત્યંત સંવેદનશીલ ગણાતા દરિયાઈ વિસ્તારમાંથી અવારનવાર શંકાસ્પદ વસ્તુઓ મળી આવવાનો સિલસિલો જારી રહ્યો છે. ગત સોમવારે બપોરે સરહદી સલામતી દળના જવાનોને સર્ચ ઓપરેશન દરમિયાન લખપત તાલુકાના બકલ બેટ દરિયા કિનારેથી એક વિદેશી બિનવારસુ કન્ટેઇનર હાથ લાગ્યું હતું. સુરક્ષા એજન્સીઓએ આ બોક્સનો કબજો મેળવીને તેને ખોલતાં તેમાંથી અત્યાધુનિક હાઇડ્રોલિક પંપ મળી આવ્યો હતો. રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ સમગ્ર મામલાની આગળની તપાસ એરફોર્સને સોંપવામાં આવી છે. કોસ્ટલ સિક્યોરિટીનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, દરિયાકાંઠેથી મળી આવેલા આ કન્ટેઇનર પર સ્પષ્ટ અક્ષરોમાં પ્રોપર્ટી ઓફ યુએસ ગવર્મેન્ટ (અમેરિકી સરકારની સંપત્તિ) અને 'નેવી) લખેલું છે, જે દર્શાવે છે કે આ સામગ્રી યુએસ નેવીના શિપિંગ નેટવર્ક સાથે જોડાયેલી છે. આ ઉપરાંત, બોક્સની અંદર રહેલા હાઇડ્રોલિક પંપ પર ઓસ્ટ્રેલિયાની 'એટલાન્ટિસ ફાયર એન્ડ સેફ્ટી સર્વિસ' કંપનીનું સ્ટીકર મારેલું છે તેમજ તેના પર એક સર્વિસ ટેગ પણ છે, જેમાં '૫ નવેમ્બર ૨૦૨૪' ની તારીખ અંકિત થયેલી છે. સંરક્ષણ ક્ષેત્રના જાણકારોના મતે, અગાઉ ઈરાન અને અમેરિકા વચ્ચેના વધેલા યુદ્ધના તણાવ દરમિયાન અરબ સાગરમાંથી અમેરિકન નેવીના અનેક યુદ્ધજહાજો પસાર થયાં હતાં. આ દરિયાઈ સફર દરમિયાન કોઈ શિપમાંથી હાઇડ્રોલિક પંપનું રિ-યુઝેબલ કન્ટેઇનર અકસ્માતે અરબ સાગરમાં પડી ગયું હોવાની પ્રબળ આશંકા છે. કન્ટેઇનરની સપાટી પર ચોંટી ગયેલા દરિયાઈ જીવો અને છીપલાં એ વાતની સાક્ષી પૂરે છે કે આ બોક્સ લાંબા સમય સુધી સમુદ્રના પાણીમાં તરતું રહ્યું હતું અને ઊંચા મોજાંના કારણે ઘસડાઈને આખરે લખપતના કાંઠે આવી પહોંચ્યું છે. ■

**યુદ્ધ ફરી શરૂ**

# ઈરાનનાં ૮૦ ઠેકાણાં પર અમેરિકાનો હુમલો

દુબઈઃ અમેરિકા અને ઇરાન વચ્ચે લડાઇ ફરી શરૂ થઇ હતી. અમેરિકાએ બુધવારે સવારે ઇરાન પર હુમલા શરૂ કર્યા હતા. અમેરિકા દ્વારા ઇરાનને તેલ વેચવા તાજેતરમાં અપાયેલી પરવાનગી ફરી રદ કરાઇ હતી. તહેરાને હોર્મુઝ ખાડીમાંનાં જહાજો પર કરેલા હુમલાના જવાબમાં વૉશિંગ્ટને આ કાર્યવાહી કરી હોવાનું કહેવાય છે. ઇરાને બાહરીન અને કુવૈત પર પણ હુમલા કર્યા હતા. અખાતના દેશોમાં ફરી લડાઇ શરૂ થતાં ખનિજ તેલ, કુદરતી ગૅસ અને ખાતરના ભાવમાં ફરી વધારો થયો છે.

દરમિયાન, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે જણાવ્યું હતું કે યુદ્ધવિરામ માટે થયેલા વચગાળાના કરારનો અંત આવ્યો છે, પણ હું ખાડીના દેશોમાં શાંતિ સ્થાપવા માટેની મંત્રણા ચાલુ રહેવા દઇશ. મને લાગે છે કે બન્ને દેશના નેતાઓ (શાંતિ) મંત્રણા કરીને સમય બરબાદ કરી રહ્યા છે. અમેરિકાના હુમલામાં માર્યા ગયા હોવાનું કહેવાતા ઇરાનના સર્વોચ્ચ નેતા આયોતોલ્લાહ અલી ખામેનેઇના અંતિમ સંસ્કાર ગુરુવારે થવાના છે. છેલ્લા થોડા દિવસથી ચાલતી અંતિમ વિધિ દરમિયાન ડાઘુઓએ ટ્રમ્પ અને ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામીન નેતન્યાહુની હત્યા કરવાની હાકલ કરી હતી. (એજન્સી) ■

# સેન્સેક્સમાં ૧૭૦૦નો કડાકો, નવ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હોર્મુઝ અને શેરબજારમાં માંડ માંડ શાંતિ સ્થાપવાની આશા જન્મી હતી ત્યાં ઇરાન સાથે અમેરિકાની નવી ચકમક ઉપરાંત ઈરાન સાથેના શાંતિ કરાર અંગેની ટ્રમ્પની નકારાત્મક ટિપ્પણીઓને કારણે ડહોળાયેલા વાતાવરણમાં ગ્લોબલ ઇક્વિટી, ક્રૂડ ઓઇલ અને ફોરેક્સ માર્કેટમાં પણ ફટકો પડ્યો છે.

બીએસઇનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૭૧.૨૩ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કામકાજના દિવસે રૂ. ૪૮૦.૨૦ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૮.૯૭ લાખ કરોડનો ઘટાડો થયો હતો.

હોર્મુઝ સ્ટ્રેઇટમાં ફરીથી ભયનું વાતાવરણ ખડું થતાં સર્જાયેલા રિસ્ક ઓફ મૂડમાં રોકાણકારોએ કરેલી ગભરાટભરી વેચવાલીના દબાણ વચ્ચે સેન્સેક્સમાં ૧૭૦૦ પોઇન્ટનો અને ક્રૂડ ઓઇલમાં લગભગ સાત ટકાનો જોરદાર કડાકો બોલાયો છે. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૬.૧૮ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૭૮.૭૪ ડૉલરની સપાટીએ પહોંચ્યું હતું.

હોર્મુઝની ખાડીમાં ઈરાને મરચંટ જહાજ પર કરેલા હુમલા અને ત્યારબાદ અમેરિકાએ ઈરાન પર ૮૦ ઠેકાણે કરેલા બોમ્બમારા સામે ઈરાને કરેલા વળતા પ્રહારથી ફેલાયેલા ગભરાટ વચ્ચે સેન્સેક્સ ૧,૬૭૭.૧૨ પોઈન્ટના તોતિંગ કડાકા સાથે ૭૬,૫૦૩.૬૦ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો, જ્યારે નિફ્ટી ૫૧૬.૬૫ પોઈન્ટના કડાકા સાથે ૨૩,૮૮૨.૦૫ પર બંધ થયો હતો.

સાર્વત્રિક વેચવાલી વચ્ચે બીએસઈ સેન્સેક્સની ત્રીસે ત્રીસ સ્ક્રિપ ઘટી હતી અને વ્યાપક બજારનું પ્રતિનિધિત્વ કરતા બેન્ચમાર્ક પણ ગબડ્યા હતા. બીએસઈ પર કુલ ૪,૪૫૪ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૧,૦૭૦ શેરોના ભાવ વધ્યા હતા, ૩,૨૧૧ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૧૭૩ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. બીએસઇ પર કુલ ૧૧૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૦૪ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. કુલ ૧૯ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૧૧ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૮ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. ■

# રાજકોટમાં ૭૨ હજાર કરતાં વધુ વૃક્ષો રોપવાનો મનપાનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરના વિકાસ અને પર્યાવરણના સંરક્ષણને ધ્યાનમાં રાખીને અનેક મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયાના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં પર્યાવરણની જાળવણી અને શહેરને હરિયાળું બનાવવા માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે અંતર્ગત મનપાના વિવિધ પ્લોટ ઉપરાંત લાયન સફારી પાર્કની આસપાસના વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં વૃક્ષારોપણ કરવામાં આવશે. રૂ. ૬૬.૫૦ લાખથી વધુના ખર્ચે ૭૨ હજાર કરતાં વધુ વૃક્ષો રોપવાનો નિર્ણય લેવાયો છે. મનપાના આ વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત કુલ ૭૨,૦૦૦ વૃક્ષોમાંથી ૬૮,૦૦૦ જેટલાં વૃક્ષોનું વાવેતર જાપાનીઝ 'મિયાવાકી પદ્ધતિ'થી કરવામાં આવશે. આ પદ્ધતિની ખાસિયત એ છે કે તેનાથી ખૂબ ટૂંકા ગાળામાં ગીચ જંગલ તૈયાર કરી શકાય છે અને છોડનો વિકાસ સામાન્ય કરતાં ઘણો ઝડપી થાય છે. આ સિવાય અન્ય ૪,૦૦૦ વૃક્ષો પરંપરાગત અને નિયમિત પદ્ધતિથી રોપવામાં આવશે. આ ઉપરાંત સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રાજકોટ ફાયર બ્રિગેડના સાપ્તાહિક રિપોર્ટની સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ માધાપરસ્થિત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના મેન્ટેનન્સ સહિત અન્ય વહીવટી અને નાગરિક સુવિધા સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા હતા. મનપાના આ નિર્ણયને શહેરમાં પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળું રાજકોટ બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પીઓકેમાં સશસ્ત્ર બળવો થાય તો પાકિસ્તાનને ભોં ભારે પડી જાય

પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં પાકિસ્તાન સરકાર સામે રસ્તા પર ઊતરેલાં લોકોનું આંદોલન ઉગ્ર બની રહ્યું છે. ખોરાક, વીજળી અને મૂળભૂત જરૂરીયાતોની માગ સાથે શરૂ થયેલા આંદોલનમાં લોકો હવે પાકિસ્તાનથી મુક્તિ માગી રહ્યા છે. કાશ્મીરની પ્રજા પોતાનો અધિકાર માગી રહી છે ત્યારે પાકિસ્તાનની સરકાર તેમને આતંકવાદી જાહેર કરીને તેમના પર પાશવી અત્યાચારો ગુજારી રહી છે. એક તરફ પાકિસ્તાનની સરકારે આર્થિક નાકાબંધી કરીને કાશ્મીરીઓને મળતી અનાજ સહિતની ચીજો બંધ કરી દીધી છે ત્યારે બીજી તરફ જનાક્રોશને દબાવી દેવા માટે લશ્કરને છૂટો દોર આપી દીધો છે. કાશ્મીરની જનતા આ અત્યાચારો સામે અડીખમ બનીને લડી રહી છે પણ લશ્કરના અત્યાચારો સામે ક્યાં સુધી ઝીંક ઝીલશે એ સવાલ છે ત્યારે એક રસપ્રદ ઘટના બની છે.

પીઓકેની જનતાના અવાજને બુલંદ બનાવવા માટે લોકોના પ્રતિનિધીઓની જોઇન્ટ અવામી એક્શન કમિટી (જેએએસી) બનાવાઈ છે. આ જેએએસીના નેતા સરદાર અમન ખાને ભારતને દરમિયાનગીરી કરવા માટે સીધી અપીલ કરી છે. અત્યારે પીઓકેના જનાક્રોશનું કેન્દ્ર રાવલકોટનું ઈદગાહ ગ્રાઉન્ડ છે. આ ગ્રાઉન્ડમાં મળેલી જંગી જાહેર સભાને સંબોધતાં સરદાર અમન ખાને ભારતને માનવીય સહાય મોકલવા અને નિયંત્રણ રેખા (એલઓસી) પર સરહદ ખોલવા હાકલ કરી છે. અમન ખાને કહ્યું કે, પીઓકેમાં રાશનની અછત છે અને પાકિસ્તાન અત્યાચારો કરી રહ્યું છે તેથી અમને ભારતની મદદની જરૂર છે.

સોશ્યલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં અમન ખાન કહે છે કે, પાકિસ્તાન આર્મીએ પીઓકેના લોકોના અવાજને દબાવવા માટે માઝા મૂકી છે એ આર્થિક નાકાબંધી કરી છે તેથી પીઓકેના રહેવાસીઓ ખોરાક અને દવાઓની અછતનો સામનો કરી રહ્યા છે. લોકો ભૂખથી અને દવા વિના તરફડીને મરી રહ્યા છે એ જોતાં ભારત અમારી વહારે આવે. ભારતે સરહદ પણ ખોલવી જોઈએ કે જેથી પરિસ્થિતિ વધુ બગડે તો પીઓકેનાં લોકો પાસે ભારતમાં સ્થળાંતર કરવાનો વિકલ્પ હોય. સરદાર અમન ખાને હાજર હજારો લોકોને વારંવાર સવાલ પણ કર્યો કે, આપણે નિયંત્રણ રેખા તરફ આગળ વધવું જોઈએ? લોકોએ આ સવાલનો જવાબ ‘હા’માં આપ્યો છે.

સરદાર અમન ખાને બીજી ચીમકી પણ આપી છે કે, પાકિસ્તાન અમને આતંકવાદી ગણાવીને ગોળીઓ મારી રહ્યું છે પણ પીઓકેનાં લોકો લાંબો સમય ચૂપ નહીં રહે. અમારી પાસે પણ બીજા વિકલ્પો છે ને પાકિસ્તાન અત્યાચારો બંધ નહીં કરે તો અમારે એ રસ્તે જવું પડશે. મતલબ કે, પીઓકેની પ્રજા પણ પાકિસ્તાન આર્મી સામે હથિયારો ઉઠાવી શકે છે.

અમન ખાનની હાકલ અને લોકોનો જવાબ જોતાં લાગે છે કે, પીઓકેમાં સ્થિતિ હજુ વધારે ખરાબ થશે. અત્યારે જ પીઓકેમાં લાખો લોકો રસ્તા પર આવી ગયા છે. પાકિસ્તાની લશ્કરે તેમને ડરાવીને પાછા ઘરોમાં પુરાઈ જવાની મથામણમાં કોઈ કસર છોડી નથી પણ લોકો ડર્યા વિના રસ્તા પર જ અડીખમ છે. પાકિસ્તાનનું આર્મી ગોળીઓ છોડી રહ્યું છે તેમાં લોકો મરી રહ્યા છે, લાઠીઓ વરસાવે છે તેમાં લોકોનાં હાડકાં તૂટી રહ્યાં છે છતાં લોકોનો જુસ્સો તૂટી નથી રહ્યો. આ બુલંદ જુસ્સા સાથે લડી રહેલા લાખો લોકો કાલે નિયંત્રણ રેખા તરફ આગળ વધવાનું નક્કી કરે તો શું થાય એ સમજવાની જરૂર છે.

સૌથી પહેલાં તો લોકોને રોકવા માટે પાકિસ્તાન આર્મી પૂરી તાકાત લગાવી દે તેથી પીઓકેમાં જ આંતરિક વિગ્રહ ફાટી નીકળે. અમન ખાને કહ્યું છે તેમ પીઓકેની પ્રજા હથિયારો ઉઠાવે તો પાકિસ્તાનના સૈનિકો પણ આ વિગ્રહમાં મરે ને મોટો રક્તપાત થઈ જાય. સ્વાભાવિક રીતે જ પાકિસ્તાન આર્મી બધા દેખાવકારોને તો ના જ રોકી શકે ને તેમાંથી થોડાક હજાર લોકો પણ નિયંત્રણ રેખાની નજીક પહોંચી જાય તો સ્થિતિ અત્યંત વિસ્ફોટક બની જાય.

અત્યારે રાવલકોટ પીઓકેની પ્રજાના જનાક્રોશનું કેન્દ્ર છે. રાવલકોટ એલઓસીથી માત્ર ૪૬ કિલોમીટર દૂર છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે જમ્મુ અને કાશ્મીરના પૂંચથી રાવલકોટ વચ્ચે બસસેવા ચાલતી હતી તેથી એકદમ પાકો રોડ બનેલો છે. આ કારણે લોકો માટે નિયંત્રણ રેખા સુધી પહોંચવું મુશ્કેલ નથી. નિયંત્રણ રેખા સુધી પહોંચેલા લોકોને રોકવા માટે પાકિસ્તાન આર્મી પૂરી તાકાત લગાવી દે તેથી નિયંત્રણ રેખા પર જ પીઓકેનાં લોકો અને પાકિસ્તાન આર્મી વચ્ચે જંગ છેડાઈ જાય.

આ જંગમાં સ્વાભાવિક રીતે જ પાકિસ્તાન આર્મીનો હાથ ઉપર રહે કેમ કે પાકિસ્તાન આર્મી વ્યૂહાત્મક સ્થળો પર ગોઠવાયેલી છે અને તેની પાસે અમર્યાદિત દારૂગોળો છે. દેખાવકારોને રોકવા આર્મી ગોળી પણ મારી શકે ને તોપના ગોળા પણ છોડી શકે. વાહનોમાં આવતાં લોકોને ઉડાવવા મિસાઈલ પણ ફેંકી શકે ને આર્મીનાં હેલિકોપ્ટર્સમાંથી બૉમ્બ પણ વરસાવી શકે. આવી સ્થિતિ પેદા થશે જ એવું છાતી ઠોકીને ના કહી શકાય પણ પીઓકેમાં ભીષણ ઘર્ષણ નક્કી છે.

કોઈ પણ જગાએ લોકો મરે એ સારું ના કહેવાય એ જોતાં પીઓકેમાં પણ લોકો મરે એવી આશા રાખતા નથી પણ આપણી શુભ ભાવનાથી કશું રોકાવાનું નથી. પીઓકેને પોતાની સાથે જોડાયેલું રાખવા માટે પાકિસ્તાન મરણિયું બન્યું છે તેથી પીઓકેનાં લોકો આમ પણ ગોળીઓ ખાઈને મરી જ રહ્યા છે. ઘર્ષણ તીવ્ર બને તો થોડાક વધારે લોકો મરે પણ પીઓકેને પાકિસ્તાનથી અલગ કરીને કાયમ માટે શાંતિ સ્થાપવાની એક તક આવી જાય એ પણ વાસ્તવિકતા છે.

પીઓકેની અત્યારની સ્થિતિ ૧૯૭૧ પહેલાંના બાંગ્લાદેશ જેવી છે. બાંગ્લાદેશમાં લોકોના અવાજને દબાવી દેવા પાકિસ્તાને આ રીતે જ અત્યાચારો શરૂ કરતાં બાંગ્લાદેશની પ્રજાએ હથિયારો ઉઠાવી લીધેલાં. શેખ મુજીબુર રહેમાનની હાકલને વધાવીને મુક્તિબાહિનીની રચના કરાઈ અને આ મુક્તિબાહિનીને મદદ કરીને ઈન્દિરા ગાંધીની સરકારે પાકિસ્તાનને ભારત પર આક્રમણ કરવા મજબૂર કર્યું. ભારત પાકિસ્તાનને ભરી પીવા તૈયાર બેઠેલું તેથી પાકિસ્તાને આક્રમણ કર્યું કે તરત વળતો પ્રહાર કરીને આપણે પાકિસ્તાનના બે ટુકડા કરી નાખ્યા. પીઓકેમાં અત્યારે એવી જ સ્થિતિ છે એ જોતાં યોગ્ય સમયે ઘા મારીને ભારત પીઓકેને આંચકી લઈ શકે છે. ભારતે સરદાર અમન ખાનની હાકલ સામે કોઈ પ્રતિક્રિયા નથી આપી. એ સ્વાભાવિક પણ છે કેમ કે આપણી વ્યૂહરચના જાહેર કરવાની ના હોય ને બહુ બકબક ના કરવાનું હોય. અત્યારે પીઓકેમાં ઊડકેલો જનાક્રોશ કે સરદાર અમન ખાનની હાકલ પણ મોદી સરકારની વ્યૂહકચનાનો ભાગ હોય એવું બને. એવું હોય તો મોદી સરકાર સાચી દિશામાં જઈ રહી છે. આ મુદ્દે અત્યારે કોઈ પણ પ્રકારની ચર્ચા રાષ્ટ્રના હિતમાં નથી તેથી આ વિષયને છોડીએ પણ સાથે સાથે આશા રાખીએ કે, પીઓકેની પ્રજાનો સંઘર્ષ ફળે અને પીઓકેની પ્રજા પાકિસ્તાન આર્મીને ભગાડીને ભારત સાથે જોડાય. પીઓકે ભારતનો જ વિસ્તાર છે તેથી પીઓકેનાં લોકોની તકલીફોને નિવારવામાં ભારત કોઈ કસર નહીં છોડે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, ગુરુવાર, તા. ૯–૭–૨૦૨૬, ભદ્રા પ્રારંભ
- ભારતીય દિનાંક ૧૮, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ વદ–૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ વદ–૯
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૫મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર અશ્વિની બપોરે ક. ૧૪–૫૫ સુધી, પછી ભરણી
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૨, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
- ભરતીઃ સવારે ક. ૦૬–૪૭, સાંજે ક. ૧૮–૧૧
- ઓટઃ બપોરે ક. ૧૨–૨૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૧૧ (તા. ૧૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’ નામ સંવત્સર, નિજ જયેષ્ઠ કૃષ્ણ – નવમી. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૧–૩૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત મુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુ–કળશ, રિક્તા • તિથિમાં લગ્નમુહૂર્ત ગ્રાહ્ય છે. (આથી રિક્તા તિથિ છતાંય સામાન્ય દર્શાવેલ છે.) ગુરુ–કેતુ ગ્રહદેવતાનું પૂજન, પરદેશગમનનું પસ્તાનું, પ્રયાણ શુભ, નવાં વસ્રો, આભૂષણ, વિદ્યારંભ, નવા વાસણ, પશુ લે–વેંચ, પ્રથમ વાહન, નૌકા બાંધવી, યંત્ર આરંભ, દસ્તાવેજ, દુકાન–વેપાર, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, પશુ લે–વેંચ, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, સપ્તસતી પાઠ વાંચન, શ્રી દત્તાત્રેય પૂજન, દત્તબાવની વાંચન.

આચમનઃ સૂર્ય–રાહુ અર્ધચતુષ્કોણ ભાવહીન, બુધ–મંગળ અર્ધચતુષ્કોણ અતશયોક્તિ કરનારા

ખગોળ જ્યોતિષઃ સૂર્ય–રાહુ અર્ધચતુષ્કોણ, બુધ–મંગળ અર્ધચતુષ્કોણ

ગ્રહગોચરઃ સૂર્ય–મિથુન, મંગળ–વૃષભ, વક્રી બુધ–મિથુન, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–સિંહ, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર.

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# આખેરતના ખૌફ સિવાય તમામ પ્રકારના ભયથી નજાત મેળવવા ઈચ્છો છો?

**મોમીનોમાં** વધતો જતો ખૌફ અને અસલામતીની ભાવના પાછળના કેટલાક કારણો આપણે ગયા અંકમાં વાંચી ગયા. ઈસ્લામ તેની ઉમ્મતને જે માર્ગદર્શન આપે છે તે માત્ર જાણી લેવાથી અર્થ સરવાનો નથી. જ્યાં સુધી હિદાયતો પર ચિંતન–મનન અને એ પછી અમલમાં મુકવામાં ન આવે ત્યાં સુધી બેહાલી પીછો છોડવાની નથી. કાલ્પનિક ભય પર નિયંત્રણ મેળવવામાં આજનો મુસલમાન નિષ્ફળ જઈ રહ્યો છે. ખોટા ભયના રોગનો ભોગ બનેલા શખસો ગભરાટ જેવી બીમારીથી પણ પીડાતા જોવા મળે છે. જતે દિવસે તબિયત લથડતી જાય છે અને માનસિક શાંતિ સાથે શારીરિક તંદુરસ્તી જોખમાય છે. આવા ભયથી મુક્તિ મેળવવા માટે ગુજરાતી, અંગ્રેજી, ઉર્દૂ સહિત અનેક ભાષામાં પુસ્તકો લખાયા છે, જેમાં દર્શાવાયું છે કે હિમ્મતથી ભયનો સામનો કરો. બીજાના ડર ઉપર વિશ્વાસ ન રાખો, તમારા ખૌફને ઉચ્ચ શક્તિમાં ફેરવી નાખો તેમજ ભયનું કારણ શોધવા દિલથી પ્રયત્ન કરો. હા, એક અલ્લાહ અને તેની રહેમત ઉપર એતબાર રાખશો તો યકિનથી આમાંથી મુક્તિ મેળવી શકશો. હઝરત અલી અલૈયહિસ્સલ્લામના એક કથનનો સાર એવો છે કે સૌથી પહેલા પોતાની જાતને ઓળખો અને જેણે પોતાની જાતને ઓળખી તેણે તેના અલ્લાહને પણ ઓળખ્યો અને એક વખત અલ્લાહ ઓળખાયો તો પછી તેના પ્રત્યે બહેદ મહોબ્બત પેદા થવાની અને જેવી અલ્લાહ અને બંદા વચ્ચે પરસ્પર મહોબ્બત જન્મી એટલે ભય નાબૂદ થવાનો. કારણ એકબીજા તરફ ખેંચતાણ થતી રહેશે ત્યારે એક પ્રકારની રૂહાની શક્તિ ઉત્પન્ન થશે. આવી પરિસ્થિતિમાં કાલ્પનિક ભય સદાને માટે દૂર થશે. તવારીખે ઈસ્લામમાં ભયમુક્ત થવાના આવા અનેક દાખલા મૌજુદ છે.

દીને ઈસ્લામમાં એક લાખ અને ચોવીસ હજાર જેટલા પયગંબરો થઈ ગયા. આખરી પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલૈયહિ વસ્સલ્લમે પરવરદિગારે આલમને એવી દુઆ ગુજારી હતી કે –‘યા અલ્લાહ, મારા ઈલ્મમાં તું વૃદ્ધિ કર અને મને દરેક ચીજોનું ઈલ્મ અતા કર જેથી હું તારી કુદરતના ઊંડાણને સમજુ અને સાથે મારી જાતને ઓળખી ફક્ત તારો જ તથા આખેરતના ખૌફ સિવાય તમામ પ્રકારના દુન્યવી ખૌફથી નજાત મેળવું.’ રસૂલ સલ.ની આ દુઆ પોતાની જાતને અને અલ્લાહને ઓળખવા માટે કયામત સુધી દરેક માનવીને મદદરૂપ થવાની. ઈલ્મ મેળવવા માટેનો એક ઉમદા તરીકો–પદ્ધતિ એ પણ, છે કે ધાર્મિક પુસ્તકો–સાહિત્યનો બને તેટલો અભ્યાસ કરવો. દુન્યવી જંજાળ અને મોહમાયામાંથી મન હટાવી, થોડો સમય આ માટે ફાળવવામાં આવશે તો ચમત્કારિક પરિણામ અનુભવશો. હઝરત અલી અલૈયહિસ્સલ્લામ આ અંગે ફરમાવે છે કે – ‘અય ઈનસાન, તારું શરીર આ દુનિયામાંથી ઉઠી જાય તે પહેલાં તારું દિલ આ જગતમાંથી હટાવી લે તો જન્નતનો શોખ તથા આખેરતનો ખૌફ પેદા થશે અને બાકીના તમામ પ્રકારના ભયથી મુક્તિ મળશે.’

હઝરત આદમ અલૈયહિસલ્લામ ભયમુક્ત થઈ જન્નતમાં રહેતા હતા, પરંતુ સેતાને તેમને લલચાવી જન્નત છોડાવી, કારણ સેતાન ઈબ્લીસે તો ઈલ્મ સાથે ક્યારનો નાતો તોડી નાખ્યો હતો. જ્યારે હઝરત આદમ અલૈયહિસલ્લામનું પૂતળું તૈયાર થયું અને તેમાં રૂહ ફૂંકવાનું બાકી હતું ત્યારે અલ્લાહતઆલાએ સેતાન ઈબ્લીસ સહિત દરેક ફરીસ્તાઓને ફરમાવ્યું હતું કે, હું જ્યારે આમાં રૂહ મૂકું ત્યારે તમે દરેક તેને સજદો (નમન) કરજો ત્યારે પહેલા તો એ ફરીશ્તાઓએ વિરોધ નોંધાવેલ, પણ જ્યારે અલ્લાહતઆલાએ હઝરત આદમ (અ.સ.)ને દરેક ચીજોના નામનું ઈલ્મ આપ્યું અને ફરીશ્તાઓને ફરમાવ્યું, કે કહો, તમે એ જાણો છો? ત્યારે તેઓ બોલ્યા, નહીં. અમે તો ફક્ત તારા ફરમાબરદાર છીએ અને જે તું જાણે છે, તે અમે નથી જાણતા. અર્થાત્ઃ ફરીશ્તાઓએ હઝરત આદમ અ.સ.ને આપેલા ઈલ્મનો એકરાર કર્યો અને ઈલ્મની ફઝીલત (કૃપા) સ્વીકારી તેને સજદો કર્યો, પરંતુ સેતાન ઈબ્લીસે તો અલ્લાહની અદાલતને ચેલેંજ કરી. પરિણામે તેણે પોતાનું આગલું ઈલ્મ પણ ખોયું અને અકડી બેઠો, કે હઝરત આદમ અસ.થી પોતે અફઝલ, ચઢિયાતો, શ્રેષ્ઠ છે, કારણ તે આગમાંથી બન્યો છે! બસ, તે દિવસથી તે કયામત સુધી મરદુદ અને હડધુત બન્યો છે અને અલ્લાહના બંદાને ઈલ્મથી દૂર ભગાડી પોતાના સાથી બનાવે છે તેમજ ખોટા ખોટા ભય પેદા કરતો રહે છે.

– માટે દુન્યવી જંજાળમાંથી મનને હટાવી લેશો તો સેતાનની બાજી ઊંધી વળી જશે અને આખેરતના ખૌફ સિવાયના તમામ પ્રકારના ભયથી નજાત મળશે.

‘ખુદા સિવાય કોઈ માબુદ (પૂજનીય) નથી. તે બાદશાહ છે, હક્ક ઝાહિર છે. હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અલ્લાહના રસૂલ વાયદાના સાચા અમાનતદાર છે. ‘આ વિર્દ (કલમો) રોજ એકસો વખત પઢનારાની રોજી બહોળી થશે. કબ્રના અઝાબથી બચશે. મરતી વેળા જન્નતમાં જવા માટે સર્વે દરવાજા ખુલી જશે. આ કલમો રોઝ–એ–અનવર સલ. (પયગંબર હઝરત મુહંમદ સલ.ની મઝાર મુબારક)ની જાલી પર લખવામાં આવેલ છે. ■

# મહાદેવ એપના પ્રમોટરની ઓમાનમાં અટકાયતઃ ભારતની પ્રત્યર્પણની માગ

નવી દિલ્હીઃ મહાદેવ બેટિંગ ઍપ સિન્ડિકેટના મુખ્ય આરોપી અને ફરાર ફાઉન્ડર સૌરભ ચંદ્રાકરની ઓમાનમાં અટકાયત કરવામાં આવી છે. ભારત ચંદ્રાકરને ઓમાનથી પ્રત્યર્પણ અથવા ડિપોર્ટ કરવાના પ્રયાસ કરી રહ્યું હોવાનું અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર છત્તીસગઢના રહેવાસી અને ૩૦-૪૦ વર્ષની વયના ચંદ્રાકરની થોડા અઠવાડિયા પહેલા રોયલ ઓમાન પોલીસે અટકાયત કરી હતી. આ કાર્યવાહી ઇડી અને છત્તીસગઢ પોલીસ જેવી ભારતીય તપાસ એજન્સીઓ દ્વારા તેમના વિરુદ્ધ જારી ઇન્ટરપોલ રેડ નૉટિસના આધારે કરવામાં આવી હતી.

મની લોન્ડરિંગની તપાસ કરનાર કેન્દ્રીય એજન્સી ઇડીએ અગાઉ કહ્યું હતું કે મહાદેવ બેટિંગ ઍપ કેસમાં છત્તીસગઢના ઘણા ટોચના રાજકારણીઓ અને અમલદારો સંડોવાયેલા છે. આ કેસમાં ગુનાની કથિત રકમ ૬,૦૦૦ કરોડ રૂપિયા છે. ચંદ્રાકર અને એપના પાર્ટનર અને કો-ફાઉન્ડર એવા રવિ ઉપ્પલ પાછળ રોકાયેલી તપાસ એજન્સીઓએ જણાવ્યું કે ચંદ્રાકર કથિત રીતે દક્ષિણ-પૂર્વ એશિયાઇ દેશના પાસપોર્ટ પર મુસાફરી કરી રહ્યો હોવાનું બિનસત્તાવાર માહિતી પરથી જાણવા મળે છે.

ભારતીય એજન્સીઓએ છેલ્લે અહેવાલ આપ્યો હતો કે ચંદ્રાકર દુબઇમાં હતો. જ્યાં યુએઇ અધિકારીઓએ ૨૦૨૪માં તેને આવી જ રીતે અટકાયતમાં લીધો હતો, પરંતુ બાદમાં તેને છોડી દેવામાં આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે તેમની સામેના આરોપોની ગંભીરતાને ધ્યાને લેતા ભારત તેને ઓમાનથી પ્રત્યર્પણ અથવા ડિપોર્ટ કરવાના પ્રયાસો કરી રહ્યું છે. ભારત અને ઓમાન વચ્ચે સારા દ્વિપક્ષી સંબંધો છે. તેમજ અધિકારીઓએ તેઓ આ બાબતે સફળ થશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ■

# લશ્કર-એ-તૈયબાનો ટોચનો કમાન્ડર હણાયો

સુરેશ એસ. ડુગ્ગર

નવી દિલ્હીઃ કાશ્મીરના શોપિયાં વિસ્તારમાં પોલીસ દ્વારા ચાર દિવસથી ચલાવવામાં આવેલા સર્ચ ઑપરેશન દરમિયાન પોલીસ સાથેની અથડામણમાં લશ્કર-એ-તૈયબાનો ટોચનો કમાન્ડર જાકિર ગની ઠાર મરાયો હતો. ઍન્કાઉન્ટરના સ્થળેથી પોલીસે હથિયાર અને દારૂગોળો કબજે કર્યા હતા.

શોપિયાંના ચનાપોરા વિસ્તારમાં પોલીસ સાથેના ઍન્કાઉન્ટરમાં લશ્કર-એ-તૈયબાનો ટોચનો કમાન્ડર ઠાર મરાયો હોવાનું તેમણે કહ્યું હતું.

પોલીસ અને સેનાની સંયુક્ત ટીમ દ્વારા ગયા શનિવારે સવારે આ અભિયાન આરંભવામાં આવ્યું હતું. બુધવારે સવારે આ વિસ્તારમાંથી એક આતંકવાદીનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ ઍન્કાઉન્ટરને પોલીસે મોટી સફળતા લેખાવી હતી. ■

# એનસીઈઆરટીના સુધારિત પાઠ્યપુસ્તક બહાર પડાયું

નવી દિલ્હીઃ નેશનલ કાઉન્સિલ ઑફ એડ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ (એનસીઇઆરટી) દ્વારા ચાલુ અઠવાડિયે બહાર પાડવામાં આવેલા ધોરણ આઠના સોશ્યલ સાયન્સ (સમાજશાસ્ત્ર)ના પાઠ્યપુસ્તક ‘એક્સ્પ્લોરિંગ સોસાયટીઃ ઇન્ડિયા ઍન્ડ બિયૉન્ડ’માં અનેક વિવાદાસ્પદ લખાણ કાઢી નખાયું હતું, પરંતુ હજી પણ તેમાંનું કેટલુંક લખાણ વિવાદાસ્પદ હોવાનું કહેવાય છે.

જૂના પાઠ્યપુસ્તકમાં દેશના ૧૯૪૭માં થયેલા ભાગલા વખતના કૉંગ્રેસના વલણ અંગે લખાયું હતું કે ‘દેશમાં કોમી રમખાણ થયા હોવાથી દેશના ભાગલાને સ્વીકારવા સિવાય કોઇ વિકલ્પ મહાત્મા ગાંધી અને કૉંગ્રેસના મોટા ભાગના નેતાઓ પાસે નહોતો બચ્યો.’

નવા પુસ્તકમાં દેશના ભાગલાને લગતું આ લખાણ કાઢી નખાયું છે.

સુધારિત પાઠ્યપુસ્તકમાં અન્ય એક જગ્યાએ લખાયું છે કે ‘વિનાયક દામોદર સાવરકરે ૧૯૨૫માં સંપૂર્ણ સ્વરાજ્યની માગણી કરી હતી.’

સુભાષચંદ્ર બોઝે હિટલરની મદદ માગી હતી, એવું કહેતા અગાઉના પાઠ્યપુસ્તકમાંનું લખાણ બદલીને સુધારિત પુસ્તકમાં લખાયું છે કે ‘સુભાષચંદ્ર બોઝે બ્રિટિશ-વિરોધી પરિબળોની મદદ માગી હતી.’

અગાઉના પાઠ્યપુસ્તકમાં ન્યાયતંત્રને લગતું લખાણ પણ વિવાદાસ્પદ હતું અને સર્વોચ્ચ અદાલતે આ કિસ્સામાં દરમિયાનગીરી કરીને આ પુસ્તકની છપાયેલી અને ડિજિટલ નકલો પાછી ખેંચવા આદેશ આપ્યો હતો. નેશનલ કાઉન્સિલ ઑફ એડ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગે આ પ્રકરણમાં માફી પણ માગવી પડી હતી. પુસ્તકમાં ચોથો પાઠ ‘ધ રૉલ ઑફ ધ જ્યુડિશિયરી ઇન સોસાયટી’ (સમાજમાં ન્યાયતંત્રની ભૂમિકા) કેન્દ્રના શિક્ષણ મંત્રાલય દ્વારા રચાયેલી નિષ્ણાતોની સમિતિ દ્વારા નવેસરથી લખાયો હતો. (એજન્સી) ■

# હવે ઇરાનનાં વીજ-પાણી મથકો ટાર્ગેટઃ ટ્રમ્પ

અન્કારાઃ ઇરાનની નાગરિકી માળખાકીય સુવિધાઓ પર હુમલો કરવાની અને ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત ખાર્ગ ટાપુ પર કબજો કરી લેવાની અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે બુધવારે ધમકી આપી હતી.

અમેરિકા અને ઇરાન વચ્ચેના શસ્ત્રવિરામ અંગે નિર્માણ પામેલી અચોક્કસતા વચ્ચે ટ્રમ્પે આ ધમકી આપી હતી.

અખાતના દેશોમાં અમેરિકાના સૈન્ય મથકો પર ઇરાન દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ અમેરિકા નવેસરથી ઇરાન પર હુમલા કરવાની તૈયારી કરી રહ્યું હોવાની ટ્રમ્પે જાહેરાત કરી હતી. ■

# નિજજરની હત્યામાં નથી ભારતનો હાથઃ કૅનેડાની પોલીસે કબૂલ્યું

ટોરન્ટોઃ કૅનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને ચાલી રહેલા વિવાદમાં એક નવો વળાંક આવ્યો છે. રોયલ કૅનેડિયન માઉન્ટેડ પોલીસે (આરસીએમપી) જણાવ્યું છે કે ચાલી રહેલી તપાસમાં એવા કોઈ પુરાવા મળ્યા નથી જેનાથી ભારત સરકાર કે તેના કોઈ પણ અધિકારીની સંડોવણી સાબિત થાય.

અમેરિકાના ન્યાય વિભાગે કૅનેડામાં શીખ અલગતાવાદી હરદીપ સિંહ નિજજરના હત્યા કેસમાં જેલમાં બંધ ભારતીય ગૅંગસ્ટર લૉરેન્સ બિશ્નોઈ અને તેના સાથી ગોલ્ડી બાર પર આરોપ સાર્વજનિક કર્યા હતા.

રોઈટર્સના એક રિપોર્ટ અનુસાર, આ કેસ અમેરિકા, કૅનેડા અને યુરોપમાં સંગઠિત ગુના નેટવર્ક્સ પર કરવામાં આવી રહેલી વ્યાપક કાર્યવાહીનો એક ભાગ છે, પરંતુ અમેરિકના આરોપ પત્રમાં આ હત્યામાં ભારત સરકારની કોઈ પણ ભૂમિકાનો આરોપ લગાવવામાં આવ્યો નથી. જસ્ટિન ટ્રુડોએ પદ છોડ્યા અને માર્ક કાર્નીએ કૅનેડાના વડા પ્રધાનનું પદ સંભાળ્યા પછી ભારત અને કૅનેડા વચ્ચેના વર્ષોના તણાવપૂર્ણ સંબંધો પછી નવી રાજદ્વારી સંબંધો ફરીથી મજબૂત બની રહ્યા છે. ભારતીય સરકારી અધિકારીઓ વિરુદ્ધ પુરાવાને નકારી કાઢતા રોયલ કૅનેડિયન માઉન્ટેડ પોલીસ (આરસીએમપી) ના ડેપ્યુટી કમિશનર લિસા મોરલેન્ડે ભારપૂર્વક કહ્યું હતું કે હાલમાં તપાસ ચાલી રહી છે.

તેમણે કહ્યું હતું કે એવા કોઈ પુરાવા નથી કે જાણી શકાય કે સંગઠિત ગુના સિન્ડિકેટની આ તપાસ અને લગાવવામાં આવેલા આરોપોના આધાર પર ભારત સરકારના અધિકારીઓ પર આરોપ લગાવવામાં આવે અથવા તેમાં સામેલ હોઈ શકે છે. ભારત સરકારની તેમાં સંડોવણી હોવાની કોઈ વાત સામે આવી નથી. તેમણે ઉમેર્યું કે ધરપકડો અને દરોડાના આધારે તપાસ હજુ પણ ચાલી રહી છે. ભારત સરકાર આ તપાસમાં સહકાર આપી રહી હતી. આરસીએમપીના નિવેદનને એક મોટી ઘટના તરીકે જોવામાં આવી રહ્યું છે કારણ કે તે સપ્ટેમ્બર ૨૦૨૩માં કૅનેડિયન સંસદમાં ટ્રુડોના દાવાઓથી વિપરીત છે. તેમણે કહ્યું હતું કે સુરક્ષા એજન્સીઓ ભારતીય એજન્ટો અને નિજ્જરની હત્યા વચ્ચે સંભવિત જોડાણના વિશ્વસનીય આરોપોની તપાસ કરી રહી છે. ભારતે વારંવાર આ આરોપોને નકારી કાઢ્યા છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે કૅનેડાએ તેના દાવાઓને સમર્થન આપવા માટે કોઈ વિશ્વસનીય પુરાવા શેર કર્યા નથી. ■

# દિલ્હીમાં રસ્તાઓ પર પાણી ભરાતાં ઠેર ઠેર ટ્રાફિક જૅમ

નવી દિલ્હીઃ દિલ્હીમાં બુધવારે થયેલા ભારે વરસાદને કારણે અનેક વિસ્તારમાં રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો અને ટ્રાફિક જૅમની સમસ્યા સર્જાઈ હતી.

સદર બજાર, નાસિરપુર, ગ્રેટર કૈલાસ, બાદરપુર, તેલિવારા, મહાવીર બજાર, સ્વરૂપ નગર અને કુશક રોડ સહિતના વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા.

કલાકો સુધી સર્જાયેલા ટ્રાફિક જૅમને કારણે રસ્તાઓ પર વાહનોની લાંબી લાંબી લાઈન લાગેલી જોવા મળી હતી.

બાઈકસવારોએ વરસાદથી બચવા એલિવેટેડ મેટ્રો રેલ કોરિડોરની નીચે આશરો લીધો હતો. અનેક જિલ્લાઓમાં વાદળોના ગડગડાટ અને વીજળી સાથે ભારે વરસાદ અને પ્રતિકલાક ૪૦ કિ.મીની ઝડપે પવન ફૂંકાય એવી શક્યતા હોવાની બાબતને ધ્યાનમાં રાખીને હવામાન ખાતાએ રેડ અને ઑરેન્જ અલર્ટ જારી કર્યા હતાં. બુધવારે સવારે ૮ઃ૩૦ વાગે પૂરા થયેલા ૨૪ કલાકમાં સફદરજંગમાં ૧૪.૨ મિ.મી. વરસાદ થયો હતો અને ૨૫.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. (એજન્સી) ■

ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન યુવા પુરસ્કાર

# અમદાવાદના હવેલી સંગીતના વિદ્ધાન આચાર્ય રણછોડલાલજી ગોસ્વામીની પસંદગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારતીય શાસ્ત્રીય સંગીતની પ્રાચીન અને સમૃદ્ધ પરંપરામાં



મહત્વનું સ્થાન ધરાવતા પુષ્ટિમાર્ગીય હવેલી સંગીતને રાષ્ટ્રીય સ્તરે સન્માન મળ્યું છે. કેન્દ્ર સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળ કાર્યરત સંગીત નાટક અકાદમી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે જાહેર કરાયેલા ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન યુવા પુરસ્કાર-૨૦૨૫ માટે અમદાવાદના કાલુપુર સ્થિત ગોસ્વામી હવેલીના ૧૬ મી પેઢીના આચાર્ય અને હવેલી સંગીતના વિદ્વાન આચાર્ય રણછોડલાલજી ગોસ્વામીની પસંદગી કરવામાં આવી છે. પુષ્ટિમાર્ગની સ્થાપના મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીએ આશરે ૫૫૦ વર્ષ પહેલાં કરી હતી. આ પરંપરામાં કીર્તન અને સંગીતને ભક્તિનું સર્વોચ્ચ સાધન માનવામાં આવે છે.

આજે પણ હવેલીઓમાં દિવસના અલગ-અલગ પ્રહરો અને ઋતુઓને અનુરૂપ વિશિષ્ટ રાગોમાં સેવા-કીર્તન કરવામાં આવે છે. વસંત, ગ્રીષ્મ, શ્રાવણ કે શરદદરેક ઋતુ માટે અલગ સંગીત પરંપરા વિકસાવવામાં આવી છે, જે હવેલી સંગીતને અનોખી ઓળખ આપે છે.

અમદાવાદના ૪૫૦ વર્ષ જૂના દોષીવાડાની પોળમાં આવેલી ગોસ્વામી હવેલીના આચાર્ય તરીકે સ્થાપિત રણછોડલાલજી ગોસ્વામીએ ગુરુ-શિષ્ય પરંપરામાં સંગીતની તાલીમ મેળવી છે. સાથે જ ગુજરાત યુનિવર્સિટીની ઉપાસના સ્કૂલ ઓફ પરફોર્મિંગ આર્ટ્સમાંથી સંગીત વિષયમાં અનુસ્નાતક અને એમ.ફિલ. પૂર્ણ કરીને હાલમાં પીએચ.ડી. સંશોધન કરી રહ્યા છે. માત્ર ૩૨ વર્ષની વયે તેઓએ ૨૨ હજારથી વધુ ભક્તિપદોની રચના કરી છે અને આઠ પુસ્તકોનું સર્જન કર્યું છે. તેઓ ગુજરાત યુનિવર્સિટીના હવેલી સંગીત અભ્યાસક્રમમાં તજજ્ઞ તરીકે પણ સેવા આપે છે. વ્રજભાષા, ગુજરાતી, સંસ્કૃત ઉપરાંત ચારણી, મેવાડી અને મારવાડી જેવી ભાષાઓમાં તેમની રચનાઓ જોવા મળે છે. ■

# પોસ્ટ ઓફિસની પાસબુક અને એફડી બુકની બે મહિનાથી અછતનો કૉંગ્રેસનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં લગભગ ૯૦૦૦ જેટલી પોસ્ટ ઓફિસ છે અને તેના રોકાણકારો હાલમાં પાસબુક અને એફડી બુકની અછતથી પરેશાન છે, તેવી માહિતી સાથે કૉંગ્રેસે સરકાર પર પ્રહારો કર્યા હતા. કૉંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલે આક્ષેપો કર્યા હતા કે ગુજરાતની પોસ્ટ ઓફિસોમાં છેલ્લા બે મહિનાથી પાસબુક, એફડી બુક અને અન્ય સ્ટેશનરી સંપૂર્ણપણે ખલાસ થઈ ગઈ છે. ગુજરાતમાં અંદાજે ૯,૦૦૦ જેટલી પોસ્ટ ઓફિસ આવેલી છે, જેમાંથી ૮,૦૦૦ જેટલી પોસ્ટ ઓફિસ છેવાડાના ગામડાઓમાં અને ૧,૦૦૦ જેટલી શહેરમાં છે. આ પોસ્ટ ઓફિસો મારફતે ગુજરાતમાં અંદાજે ૨ થી ૨.૫ કરોડ જેટલા વિવિધ બચત ખાતાઓનું સંચાલન થાય છે. આટલા વિશાળ પાયે લોકોની પરસેવાની કમાણી જમા થતી હોય, ત્યારે ૨ મહિના સુધી પાસબુક જ ઉપલબ્ધ ન હોવી એ કરોડો ખાતેદારોના નાણાં સાથે ચેડાં કરવા સમાન છે. રાવલે વધુમાં આક્ષેપો કરતા જણાવ્યું હતું કે હાલત એટલી હદે કથળી ગઈ છે કે પોસ્ટ ઓફિસની તમામ નાણાકીય સેવાઓ માટે જરૂરી પાસબુક કે સર્ટિફિકેટનું પ્રિન્ટિંગ જ બંધ છે. આ સેવાઓમાં સામાન્ય બચત ખાતા, રિકરિંગ ડિપોઝિટ, ફિક્સ ડિપોઝિટ, સિનિયર સિટીઝન સેવિંગ સ્કીમ,માસિક આવક યોજના,સુકન્યા સમૃદ્ધિ યોજના, મહિલા સન્માન બચત પત્ર, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ, કિસાન વિકાસ પત્ર, નેશનલ સેવિંગ સર્ટિફિકેટ પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ સહિતની તમામ યોજનાઓનો સમાવેશ થાય છે.

તેમણે દાવો કર્યો હતો કે રોકાણકારો પોતાના હજારો-લાખો રૂપિયા જમા કરાવે ત્યારે પુરાવા તરીકે માત્ર પૈસા ભર્યાની સ્લીપ પર એક રબર સ્ટેમ્પ (સિક્કો) મારીને પકડાવી દેવામાં આવે છે! કાગળની આ કાપલીઓ લોકો ક્યાં સુધી અને કેવી રીતે સાચવશે, તેવો સવાલ પણ તેમણે કર્યો હતો. જ્યારે સિસ્ટમમાં કે પાસબુકમાં પૈસા જમા થયાની કોઈ પ્રિન્ટેડ એન્ટ્રી કે સ્ટેટમેન્ટ જ ન મળતું હોય, ત્યારે ભવિષ્યમાં પોસ્ટ ઓફિસોમાં મોટાપાયે ગેરનીતિ અને કરોડો રૂપિયાના જંગી કૌભાંડ થવાની પૂરેપૂરી સંભાવના છે, તેમ તેમણે જણાવ્યું હતું. જો ખાતેદારની પાસબુકને કોઈપણ પ્રકારનું નુકસાન થયું હોય તો તે માટે રૂ. ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર એફિડેવિટ કરાવવા સહિતની જટિલ પ્રક્રિયા છે, પણ જ્યારે નવી પાસબુક લેવા ખાતેદાર જાય ત્યારે સ્ટેશનરી ઉપલબ્ધ ન હોવાનો જવાબ મળતો હોવાનો આક્ષેપ તેમણે કર્યો હતો.

તેમણે માગણી કરી હતી કે યુદ્ધના ધોરણે પાસબુકો અને એફડી બુકનો જથ્થો પૂરો પાડવામાં આવે, અન્યથા પ્રજાના નાણાં સાથે થતા કોઈપણ ચેડાં કે હાલાકી માટે સંપૂર્ણપણે સરકાર જ જવાબદાર ઠરશે. આ મામલે સરકારે કે પોસ્ટ ઓફિસ ડિપાર્ટમેન્ટે હજુ સુધી કોઇ સ્પષ્ટતા કરી નથી. ■

# એકતા સમિતિની બેઠક રથયાત્રામાં હાથીઓને ખલેલ પડે તેવા ડીજે સાઉન્ડ ન વગાડવાનું સૂચન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આગામી અષાઢી સુદ બીજ, તા. ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ યોજાનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાને શાંતિપૂર્ણ, સુવ્યવસ્થિત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન કરવાના હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દાણાપીઠ ખાતે શહેર એકતા સમિતિની બેઠક યોજાઈ હતી. અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં પોલીસ વિભાગ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગોના અધિકારીઓ, જગન્નાથ મંદિરના મહંત, શહેર એકતા સમિતિના સભ્યો તથા વિવિધ સમાજોના આગેવાનોએ ઉપસ્થિત રહી રથયાત્રાના સફળ આયોજન માટે વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી.જેમા કેટલાક મહત્ત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ મુદ્દાઓમાં હાથીઓની સલામતીની પણ ચર્ચા થઈ હતી. આ અંગે મળતી માહિતી અનુસાર રથયાત્રા પૂર્વે વિવિધ વ્યવસ્થાઓનું સ્થળ પર નિરિક્ષણ પણ કરવામાં આવશે. આ બેઠકમાં ગત વર્ષોના અનુભવોના આધારે વિવિધ મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને જગન્નાથ મંદિર ટ્રસ્ટ તરફથી પ્રાપ્ત સૂચનોને ધ્યાનમાં રાખીને રથયાત્રા વધુ સુવ્યવસ્થિત રીતે પસાર થાય તે માટે આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત રથયાત્રા દરમિયાન હાથીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે ખાસ તકેદારી રાખવામાં આવશે. હાથીઓ પસાર થાય ત્યારે ડીજે અથવા ઊંચા અવાજના સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ કરવામાં ન આવે તેમજ અનાવશ્યક ઘોંઘાટ ટાળવામાં આવે તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવશે. રથ પરત ફરતી વખતે જમાલપુર વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જેથી રથના કાફલાની અવરજવર નીર્વિઘ્નપણે થઈ શકે. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે રથયાત્રા દરમિયાન હાથી વિફર્યાની ઘટના ઘટી હતી. ■

# સુરતવાસીઓ પાણીમાં, પણ નેતાઓ નાસ્તાપાર્ટીમાં મસ્તઃ વીડિયો વાઈરલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ડાયમન્ડ સિટી અને ટેક્સટાઈલ્સ સિટી તરીકે જાણીતા સુરત શહેરની હાલત હાલમાં તો વૉટર સિટી જેવી થઈ ગઈ છે. મંગળવારે એક જ દિવસમાં શહેરમાં ૧૪ ઇંચ કરતા વધારે પામી પડી જતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે અને લગભગ આખું સુરત પાણી પાણી થઈ ગયું છે.

ખાસ કરીને ગરીબ ઘરના નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોની ઘરવખરી સહિતની વસ્તુઓ પણ પાણી તાણી ગયું છે. લોકો ઘુંટણસમા પાણીમા અછ્તો વચ્ચે જીવી રહ્યા છે ત્યારે અહીંના મહાનગર પાલિકાના પદાધિકારીઓનો નાસ્તાની જયાફતો ઉડાડતો એક વીડિયો બહાર આવ્યો છે, જેણે લોકોમાં રોષની લાગણી પેદા જન્માવી છે.

અહેવાલો દ્વારા મળતી વિગતો અનુસાર સુરત મહાનગરપાલિકાના તાપી ભવનમાં સમિતિના અધ્યક્ષ-ઉપાધ્યક્ષોની નિમણૂક બાદ યોજાયેલી નાસ્તા પાર્ટીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ ભવન સત્તાધારી પક્ષ ભાજપના કાર્યાલય કરતા માંડ ૫૦૦ મીટર દૂર હોવાનું જાણવા મળ્યું હતું.

અહીં તાપી ભવન ખાતે વિવિધ સમિતિઓના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષોની નિમણૂક બાદ ભાજપના હોદ્દેદારો, નવા પદાધિકારીઓ અને તેમના સમર્થકોની નાસ્તા પાર્ટીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

એક તરફ શહેર પાણીમાં ગરકાવ થઈ ગયા જેવી સ્થિતિમાં હતું, વીજસેવા ખોરવાઈ હતી, જીવન જરૂરિયાતની વસ્તુઓ માટે ફાંફાં હતા. લોકો ફરિયાદો કરતા હતા કે મત માગવા આવનારા લોકો આવા સમયે ગાયબ થઈ ગયા અને મતદારોની મદદે આવ્યા ન હતા.

આ મામલે પક્ષ તરફથી કોઈ સ્પષ્ટતા આવી નથી. ■

# વડોદરામાં વરસાદની શરૂઆતમાં જ મગરો શહેરોમાં દેખાવા લાગ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ભારે વરસાદની સ્થિતિ છે, જોકે મધ્ય ગુજરાતમાં હજુ જોઈએ તેવો વરસાદ વરસ્યો નથી, તેમ છતાં વડોદરા શહેરમાં રોજના બે-ચાર ઝાંપટા પડી જાય છે. હજુ સામાન્ય વરસાદમાં જ શહેરીજનોને પાણી ભરાવાની અને રોડ ધસી જવા જેવી સમસ્યાઓનો તો સામનો કરવો પડી જ રહ્યો છે, પરંતુ વડોદરાવાસીઓએ વધુ એક સમસ્યાથી સતર્ક રહેવું પડે છે. શહેરમાં વરસાદની સાથે જ મગરોની લટારો શરૂ થઈ જાય છે. છેલ્લા એકાદ અઠવાડિયામાં પડેલા વરસાદ બાદ ત્રણ સ્થળે મગર દેખાયા છે અને તેને રેસ્ક્યુ કરવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

મળતી વિગતો અનુસાર અહીંના વાસણા રોડના બંગલા નજકી એક મહાકાય નવ ફૂટનો મગર દેખાયો હતો, જેને રેસ્ક્યુ કરવામાં આવ્યો હતો. અહીં ગેલેક્સી બંગલો એકદમ રોડ પર મગર આવતો કોઈ જોઈ ગયું હતું. ત્યારબાદ ગૌરક્ષા સમિતિના કાર્યકરો આવ્યા હતા અને મગરનું રેસ્ક્યુ કર્યું હતું. આ સાથે અહીંના તાંદલજા વિસ્તારમાં આવેલા બસ સ્ટેન્ડ નજીક એક મહાકાય મગર હોવાનું જાણમાં આવ્યું હતું. આવી જ રીતે પાદરા-ઘાયજ રોડ ઉપર પણ મગર રોડ પર લટાર મારતો હોવાનો વીડિયો વાયરલ થયો હતો.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર મગરોને તે જે જળાશયમાં રહેતા હોય તેમાં વરસાદી પાણીથી હલચલ થાય તે ગમતું નથી, તેમની શાંતિમાં ખલેલ પડતા તેઓ બહાર નીકળી પડે છે. અગાઉ વરસાદ સમયે વિશ્વામિત્રી નદીની આસપાસના વિસ્તારમાં મગરો જોવા મળ્યા ના ઘણા કિસ્સા બહાર આવ્યા છે. જોકે વડોદરાના વન્ય વિભાગના અધિકારીઓ તેમ જ જીવદયા સાથે જોડાયેલા સ્વયંસેવકો મોટેભાગે મગરોને સુરક્ષિત રેસ્ક્યુ કરી લેતા હોય છે. ■

# પાટણમાં રથયાત્રાના તહેવાર પહેલાં જીવંત કારતૂસ સાથે છ રીઢા ગુનેગારો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પાટણ શહેરમાં આગામી અષાઢી બીજની રથયાત્રાના તહેવાર પહેલાં પોલીસે અલગ-અલગ વિસ્તારોમાં દરોડા પાડીને ગેરકાયદેસર દેશી તમંચા અને જીવતા કારતૂસ સાથે ૬ રીઢા ગુનેગારોને ઝડપી પાડ્યા હતા. જિલ્લામાં હાથ ધરાયેલા સઘન ચેકિંગ અને કોમ્બિંગ ઓપરેશન દરમિયાન પાટણ ટીમને મોટી સફળતા મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પાટણ ની ટીમે બાતમીના આધારે સમી તાલુકાના ગાઝીનપુરા, મુજપુર, શંખેશ્વરના રાણીસર અને સાંતલપુર તાલુકાના વારાહી વિસ્તારમાં કડક સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. આ કાર્યવાહી દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી ૫ દેશી કટ્ટા અને ૪ જીવતા કારતૂસ જપ્ત કર્યા હતા. પોલીસે આ સમગ્ર મામલે આર્મ્સ એક્ટની વિવિધ કલમો હેઠળ શંખેશ્વર પોલીસ સ્ટેશનમાં ૧, સમી પોલીસ સ્ટેશનમાં ૧ અને વારાહી પોલીસ સ્ટેશનમાં ૩ મળીને કુલ ૫ અલગ-અલગ ગુનાઓ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ઝડપાયેલા આરોપીઓમાં મંઝુરહુસેન સૈદમિયા કાદરમિયા સૈયદ (રહે. મુજપુર, શંખેશ્વર), ઈકબાલખાન અયુબખાન કરીમખાન મલેક (રહે. અમરાપુર, સમી), અરશદખાન હાજીખાન દલાજી મલેક (રહે. વારાહી, સાંતલપુર), સલીમખાન ફકીર લાલો મલેકખાન મલેક (રહે. વારાહી, સાંતલપુર), હનીફ હરિયાભાઈ ભરી (રહે. રાણીસર, સાંતલપુર), મોમીનભાઈ ગનીભાઈ હજીજીભાઈ વેપારી (રહે. સમી)નો સમાવેશ થાય છે. જ્યારે વોન્ટેડ આરોપીઓ દાઉજી ઉકાજી માઝીરાણા (રહે. કેલાસરી, રાધનપુર) અને હરિયાભાઈ મુસાભાઈ ભરી (રહે. રાણીસર, સાંતલપુર)ને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે, પકડાયેલા આરોપીઓ પૈકીના ડાહ્યાજી ઉકાજી માજીરાણા વિરુદ્ધ મોરબી, ડીસા, જામનગર, અમદાવાદ, રાધનપુર અને ધાનેરા સહિતના જુદા-જુદા પોલીસ સ્ટેશનોમાં કુલ ૧૮ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. ■



સામૂહિક વૃક્ષારોપણ અભિયાન

સામૂહિક વૃક્ષારોપણ અભિયાનઃ ગાંધીનગર લોકસભા - હરિયાળી લોકસભા સંકલ્પ સાથે આગામી ૧૨ જુલાઈ ૨૦૨૬, રવિવારના રોજ મોટા પાયે સામૂહિક વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત નાગરિકોને પોતાના પરિવારના સભ્ય દીઠ એક છોડ વાવવા અને તેના ઉછેરની જવાબદારી લેવા માટે આહવાન કરાયું છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના નેતૃત્વમાં ૨૦૨૬-૨૭ દરમિયાન ગાંધીનગર લોકસભા હેઠળ આવતી તમામ સાત વિધાનસભા બેઠકોમાં કુલ ૧,૦૧,૧૦,૦૨૬ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. જેમાં સાણંદ વિધાનસભામાં સૌથી વધુ ૫૨.૬૪ લાખ વૃક્ષ-વાવેતરનું આયોજન કરાયું છે. કલોલ તેમજ ગાંધીનગર (ઉત્તર) જેવા વિસ્તારોમાં પણ લાખોની સંખ્યામાં વૃક્ષારોપણ કરી ગ્રીન કવરને વ્યાપક બનાવવામાં આવશે. આગામી રવિવારે યોજાનારા આ સામૂહિક મહોત્સવમાં જનભાગીદારી વધારવા માટે ઓનલાઈન પોર્ટલ પણ શરૂ કરાયું છે. નાગરિકો સવારે નધિારિત મુખ્ય સ્થળો પર પર્યાવરણ મહોત્સવનો હિસ્સો બની શકશે.

# અંધશ્રદ્ધાનો સહારો લેવો પડ્યો ભારે, તાંત્રિકે વિધિના બહાને સગીરાને બનાવી હવસનો શિકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિજ્ઞાન ગમે તેટલી પ્રગતિ કરે તો પણ લોકો તાંત્રિકો અને મેલી વિદ્યા પર ભરોસો રાખી તેનો સહારો લે છે. આવા જ એક માતા-પિતાને તાંત્રિક પરનો ભરોસો ભારે પડી ગયો હતો. પોતાની ૧૭ વર્ષીય દીકરી નાની નાની વાતોમાં ચિડાઈ જતી હોવાથી અને ગુસ્સો કરતી હોવાથી માતા-પિતા તેને ગોત્રી રોડ પર આવેલા નરેન્દ્ર ભટ્ટ પાસે લઈ ગયા હતા. દીકરી પર ખરાબ છાયા પડી હોવાનું કહી તંત્રિકે વિધિ કરવાનું કહ્યું હતું. માતા-પિતાને બહાર બેસાડી તેણે અંદરથી દરવાજો બંધ કરી સગીરા પર બે વાર દષ્કર્મ કર્યું હતું. ■

અમદાવાદ બ્લાસ્ટ કેસ

# ભુજના અબ્બાસ સમેજાની જિમ ટ્રેનરથી માંડીને ફાંસીના માંચડા સુધી પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અમદાવાદ શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકા કેસમાં હાઈકોર્ટે ૩૮ દોષિતને ફાંસીની સજા ફટકારી છે, જેમાં ૧૬મા નંબરનો આરોપી કચ્છના ભુજનો અબ્બાસ ઉમર સમેજા ઉર્ફે અભલા પણ સામેલ છે. અબ્બાસની ધરપકડ સાથે જ પાકિસ્તાનને અડકીને આવેલા કચ્છમાં પ્રતિબંધિત સંગઠન 'સીમી'ના વ્યાપક નેટવર્ક અને દેશવિરોધી પ્રવૃત્તિઓનો પર્દાફાશ થયો હતો, જે તે સમયે સમગ્ર દેશમાં ચર્ચાનો વિષય બન્યો હતો. અંગ્રેજી માધ્યમમાં સ્નાતક સુધીનો અભ્યાસ કરનાર અને કસરતનો શોખીન અબ્બાસ સમેજા ભુજના કેમ્પ વિસ્તારમાં રહેતો હતો. તે ભુજના હોસ્પિટલ રોડ પર આવેલા 'લેક્રોસ' નામના અદ્યતન જીમમાં ટ્રેનર તરીકે કામ કરતો હતો, જ્યાં અંદાજે ૧૦૦થી ૧૨૫ મહિલા-પુરુષો અને તબીબો કસરત માટે આવતા હતા. આ જીમ પ્રશિક્ષકના વ્યવસાયની આડમાં અબ્બાસે સીમી સંગઠન સાથે મળીને પોતાની દેશવિરોધી પ્રવૃત્તિઓ તેજ કરી હતી. અત્યંત સતર્કતાથી કામ કરતો અબ્બાસ હાલોલ ખાતે યોજાયેલા આતંકી કેમ્પમાં બદલાયેલા નામે સામેલ થયો હતો.

આ ઉપરાંત, ભુજના જીમમાં પણ શંકાસ્પદ લોકોની અવરજવર રહેતી હતી. અમદાવાદ બોમ્બ ધડાકાના ષડયંત્ર માટે ફાળો એકત્ર કરવામાં અબ્બાસની સક્રિય ભૂમિકા રહી હતી. તેની ધરપકડ બાદ તેના ઘરેથી સીમીના લેટરપેડ સહિતનું વાંધાજનક સાહિત્ય મળી આવ્યું હતું. તપાસ દરમિયાન ખુલાસો થયો હતો કે, ભુજના કેમ્પ વિસ્તારમાં આવેલું એક મકાન વર્ષ ૨૦૦૧માં રૂા. ૧.૪૦ લાખમાં વેચાયું હતું, જેના બોગસ દસ્તાવેજો વર્ષ ૨૦૦૩માં રૂા. ૨૦ના સ્ટેમ્પ પેપર પર તૈયાર કરાયા હતા. બોમ્બકાંડના અન્ય આરોપી ઝાહીદ શેખે આ મકાન અબ્બાસના ભાભી હાજરાબેનના નામે ખરીદ્યું હતું, જેની નોંધ ભુજ નગરપાલિકાના ચોપડે પણ મળી આવી હતી અને પોલીસે તે પુરાવા તરીકે કબજે લીધી હતી.

અમદાવાદ બોમ્બ ધડાકા બાદ તુરંત જ ક્રાઇમ બ્રાન્ચે અબ્બાસની ધરપકડ કરી હતી. કચ્છમાં સીમીના પગપેસારા અને આ નેટવર્કને તોડવા માટે ખાસ તપાસ ટુકડીએ ભુજમાં ધામા નાખીને વ્યાપક પુરાવા એકત્ર કર્યા હતા.

ધરપકડ બાદથી જ જેલના સળિયા પાછળ ધકેલાયેલો અબ્બાસ માત્ર એક જ વાર નજીકના સંબંધીના અવસાન વખતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ ભુજ આવ્યો હતો. ભુજના આ શિક્ષિત યુવાનની આતંકી પ્રવૃત્તિઓએ કચ્છ સહિત સમગ્ર દેશને ચોંકાવી દીધો હતો, જેનો અંત હવે મૃત્યુદંડની સજા સાથે આવ્યો છે. ■

# વડોદરામાં આધેડે નવ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચર્યું

## માતા-પિતાએ રંગેહાથ ઝડપી લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નૈતિક મૂલ્યોના અધપતનની ઘટના બનતી રહે છે. આવી જ એક ઘટનામાં વડોદરાના ૫૭ વર્ષના આધેડે માત્ર ન વર્ષની માસૂમ બાળકીને હવસનો શિકાર બનાવી હતી. બાળકીના માતા-પિતાએ આરોપીને રંગે હાથ ઝડપી લીધો હતો અને ત્યારબાદ પોલીસે તેની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. છાણી વિસ્તારમાં જગદીશ ગોહિલ નામનો આરોપી વેરહાઉસમાં કામ કરતો હતો ને ચોકેલટ બિસ્કિટ આપી બાળકો સાથે વાતચીત કરતો હતો. બાળકીના પિતા કામ માટે બહાર ગયા હતા ત્યારે તે ચોકલેટ આપવાના બહાને ઘરમાં આવ્યો હતો. બાળકીને ચોકલેટની લાલચ આપી તેના પર બળજબરી કરી હતી અને કોઈને ન કહેવાની ધમકી આપી હતી. જોકે નજીકની દુકાનમાં રહેતી મહિલાને શક જતા તેણે બાળકીના માતા-પિતાને જાણ કરતા તેને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. ■

# વિદેશ ફરાર થયેલા ઓશિયા મૉલના ફરાર માલિકો સામે સીઆઈડીમાં ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ઓશિયા મોલના માલિકો સામે છેંતરપિંડીની ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ હતી. ઓશિયા મોલના સંચાલકોએ છેલ્લા એક વર્ષથી વિવિધ વેપારીઓ પાસેથી માલ ખરીદી પૈસા ન આપવાનો વિવાદ ચાલી રહ્યો હતો. જે મામલે અંતે સીઆઈડી પોલીસ સ્ટેશનમાં સંચાલક સહિત પર્ચેસ મેનેજરની સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી.

અમદાવાદના એક વેપારી વિવેક અગ્રવાલે સીઆઈડી ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે સીઆઈડી ક્રાઈમ પોલીસે તપાસ શરૂ કરી છે. ફરિયાદી વિવેક અગ્રવાલે ફરિયાદ કર્યા પ્રમાણે ૧૨ જેટલા હોલસેલ વેપારીઓ પાસેથી આરોપીઓએ ૨૦૧૪થી ઓક્ટોબર ૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન વેપારીઓનો વિશ્વાસ કેળવ્યો હતો. ત્યાર બાદ શહેરના વેપારીઓ પાસેથી મોટા પ્રમાણમાં માલ ખરીદીને રૂપિયા ૪.૭૩ કરોડથી વધુની ઠગાઈ આચરવામાં આવી છે.

ઓશિયા મોલના માલિક ધીરેન્દ્ર ચોપરા કે જેઓ ધીરજ ચોપડા તરીકે પણ ઓળખાય છે, તેમજ તેમની પત્ની કવિતા ચોપરા વેપારીઓનું મોટી રકમનું ફુલેકું ફેરવીને ફરાર થઈ ગયા હોવાના ગંભીર આક્ષેપો આ વેપારીઓએ કર્યા હતા.

વેપારીઓને પેમેન્ટ ન મળતાં અને આપેલા ચેકો પણ બેંકમાં બાઉન્સ થતાં આખરે ભોગ બનનાર વેપારીઓએ પોલીસમાં ફરિયાદ કરી હતી. વેપારીઓએ સરકાર પાસે પોતાના ફસાયેલા નાણાં પરત મેળવવા ન્યાયની માંગ કરી છે. ■

# યુએન મહેતા ડ્રેનેજના સફાઈ કામદારનાં મોત બાદ બે સુપરવાઈઝર વિરુદ્ધ એફઆઈઆર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અસારવામાં આવેલી યુએન મહેતા હોસ્પિટલમાં ડ્રેઇન-સફાઈ કામગીરી દરમિયાન એક સફાઈ કર્મચારીના મૃત્યુ બાદ શાહીબાગ પોલીસે મંગળવારે સ્માર્ટ મેન્ટેનન્સ કંપનીના બે મુખ્ય સુપરવાઇઝર સામે એફઆઈઆર નોંધી હતી. ૩૨ વર્ષીય કોન્ટ્રાક્ટ સેનિટેશન વર્કર પ્રવીણ વાઘેલા દ્વારા મેન્યુઅલ સ્કેવેન્જર્સ તરીકે રોજગાર પર પ્રતિબંધ અને તેમના પુનર્વસન અધિનિયમ હેઠળ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. વાઘેલા છેલ્લા એક વર્ષથી આ કંપની સાથે જોડાયેલો છે તેને પણ હૉસ્પિટલના બેઝમેન્ટમાં સફાઈકામ સોંપવામાં આવ્યું હતું. ફરિયાદ મુજબ, આ ઘટના સોમવારે સાંજે ૭ થી ૭.૩૦ વાગ્યાની વચ્ચે બેઝમેન્ટ ૧ માં બાયોમેડિકલ વિભાગ પાસે બની હતી, જ્યાં એક ગટર સાફ કરવાની હતી. વાઘેલાએ આરોપ લગાવ્યો હતો કે મુખ્ય સુપરવાઇઝર રાજ ભરતકુમાર બારોટ અને પિનાકિન ધનજીભાઈ પરમારે તેમને અને અન્ય કામદારોને સફાઈ કાર્ય કરવા માટે ગટરમાં અંદર જવાની સૂચના આપી હતી. એફઆઈઆર મુજબ, સફાઈ કામદાર સાહિલ નાડિયા પહેલા ગટરમાં ઉર્તયો હતો પરંતુ શ્વાસ લેવામાં તકલીફ પડતાં તે બહાર નીકળી ગયો હતો તે ફરીથી ઉતર્યો અને પાછો બહાર નીકળ્યો હતો. બાદમાં, રોકી મેકવાન ગટરમાં ઉતર્યો અને બેભાન થઈ ગયો. નાડિયા તેને બચાવવા માટે કૂદી પડ્યો હોવાના અહેવાલ છે, પરંતુ તે પણ પડી ગયો. ત્યારબાદ, વાઘેલા કથિત રીતે બંને માણસોને બચાવવાના પ્રયાસમાં ગટરમાં ઉતરી ગયો હતો, પરંતુ ધુમાડાથી તે ગુંગળાયો એટલે ઘટનાસ્થળે હાજર અન્ય લોકોએ તેને બહાર કાઢ્યો હતો. વાઘેલાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને બાદમાં તેમને ખબર પડી કે ફાયર બ્રિગેડના કર્મચારીઓએ મેકવાન અને નાડિયાને બચાવી લીધા છે. સારવાર દરમિયાન મેકવાનનું મૃત્યુ થયું હતું, જ્યારે નાડિયા બેભાન છે અને હૉસ્પિટલમાં છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે બંને સુપરવાઇઝરોએ કામદારોને જોખમોથી વાકેફ હોવા છતાં પૂરતા સલામતી સાધનો અથવા સાવચેતી વિના જોખમી કામ કરવા આદેશ આપ્યા હતા. ■

# લશ્કર-એ-તૈયબાનો ટોચનો કમાન્ડર હણાયો

સુરેશ એસ. ડુગ્ગર

નવી દિલ્હીઃ કાશ્મીરના શોપિયાં વિસ્તારમાં પોલીસ દ્વારા ચાર દિવસથી ચલાવવામાં આવેલા સર્ચ ઑપરેશન દરમિયાન પોલીસ સાથેની અથડામણમાં લશ્કર-એ-તૈયબાનો ટોચનો કમાન્ડર જાકિર ગની ઠાર મરાયો હતો. ઍન્કાઉન્ટરના સ્થળેથી પોલીસે હથિયાર અને દારૂગોળો કબજે કર્યા હતા.

શોપિયાંના ચનાપોરા વિસ્તારમાં પોલીસ સાથેના ઍન્કાઉન્ટરમાં લશ્કર-એ-તૈયબાનો ટોચનો કમાન્ડર ઠાર મરાયો હોવાનું તેમણે કહ્યું હતું.

પોલીસ અને સેનાની સંયુક્ત ટીમ દ્વારા ગયા શનિવારે સવારે આ અભિયાન આરંભવામાં આવ્યું હતું. બુધવારે સવારે આ વિસ્તારમાંથી એક આતંકવાદીનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ એન્કાઉન્ટરને પોલીસે મોટી સફળતા લેખાવી હતી. ■

# ઑનલાઈમ કટ્ટરવાદઃ દેશભરનાં ૨૦ સ્થળે એનઆઈએના દરોડા

નવી દિલ્હીઃ લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકાર વિરુદ્ધ હિંસક જિહાદ મારફતે ભારતમાં ઇસ્લામિક રાષ્ટ્રની સ્થાપના કરવાના આશય સાથે આઈએસઆઈએસ અને એક્યૂઆઈએસના વિચારો અને આદર્શોને ફેલાવવા પ્રોત્સાહન આપી ઑનલાઈન કટ્ટર આતંકવાદ ફેલાવવા સંબંધિત કેસને મામલે નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)એ બુધવારે રાષ્ટ્રવ્યાપી દરોડા પાડ્યા હતા.

સર્ચ ઑપરેશનના ભાગરૂપ એનઆઇએની ટીમ દ્વારા આંધ્ર પ્રદેશ, તેલંગણા, કર્ણાટક, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર, રાજસ્થાન, ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હીના વિવિધ ૨૦ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હોવાનું એનઆઈએ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આ કાર્યવાહી દરમિયાન કબજે કરાયેલા અનેક ડિજિટલ ઉપકરણો ફોરેન્સિક તપાસ માટે મોકલી આપવામાં આવ્યા હતા. કેસને મામલે અત્યાર સુધીમાં એક સગીર સહિત ૧૨ જણની ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. એનઆઇએએ આ વર્ષના મે મહિનામાં વિજયવાડા પોલીસ પાસેથી આ તમામનો કબજો મેળવ્યો હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# પૂરગ્રસ્ત મહારાષ્ટ્ર, ગુજરાત, કાશ્મીરને કેન્દ્રીય સહાયની અમિત શાહની ખાતરી

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે બુધવારે મહારાષ્ટ્ર, ગુજરાત અને જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાનોસાથે વાતચીત કરી હતી અને ભારે વરસાદને કારણે ઊભી થયેલી પરિસ્થિતિનો તાગ મેળવ્યો તેમને કેન્દ્ર સરકાર તરફથી શક્ય તમામ સહાયની ખાતરી આપી હતી. વાસ્તવમાં અમિત શાહે આ રાજ્યોમાં ભારે વરસાદને કારણે ઉભી થયેલી પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ગૃહપ્રધાને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાને ફોન કર્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ફોન પર વાતચીત દરમિયાન શાહે તેમને વરસાદ સંબંધિત પરિસ્થિતિનો સામનો કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી શક્ય તમામ સહાયની ખાતરી આપી હતી. બુધવારે મુંબઈમાં ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે લોકલ ટ્રેન સેવાઓમાં વિલંબ થયો હતો અને ઓફિસ જનારા લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. શહેરમાં શનિ અને રવિવારે ભારે વરસાદ પડ્યો હતો અને મંગળવારે થોડી રાહત મળી હતી.

પડોશી પાલઘર જિલ્લામાં વસઈ-વિરાર સેક્શન અને દક્ષિણ ગુજરાતનાં અનેક સ્થળોએ પાણી ભરાઈ જવાને કારણે ગુજરાત જતી લાંબા અંતરની ટ્રેન સેવાઓ ખોરવાઈ ગઈ છે. સોમવારે ભોર ઘાટ સેક્શનમાં ભૂસ્ખલન બાદ મુંબઈ-પુણે રૂટ પરની કામગીરી પણ સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી.

મહાનગરપાલિકાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, મુંબઈને પીવાનું પાણી પૂરું પાડતાં સાત જળાશયોમાંનું તુલસી કેચમેન્ટ વિસ્તારમાં ભારે વરસાદને કારણે મોડી રાત્રે છલકાઈ ગયું હતું. ભારતીય હવામાન વિભાગે દિવસ દરમિયાન મુંબઈ અને ઉપનગરોમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની આગાહી કરી છે.

દક્ષિણ ગુજરાતમાં પણ મંગળવારે 'અતિ ભારે' વરસાદ વરસ્યો હતો જેમાં સૌથી વધુ અસર સુરત જિલ્લામાં થઈ હતી, જ્યાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં પાંચ લોકોના મોત થયા હતા, જ્યારે ૨,૧૦૦ લોકોને પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં મંગળવારે સાંજે ૪ વાગ્યા સુધી પૂરા થયેલા ૧૦ કલાકમાં ૩૦૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો. મંગળવારે ધોધમાર વરસાદને કારણે નવસારી જિલ્લા અને સુરતમાં શાળાઓ અને કોલેજો બંધ રહી હતી.

હવામાન વિભાગના મતે છેલ્લા ૨૪ કલાકમાં સુરત, વલસાડ, દાદરા અને નગર હવેલીમાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદ પડ્યો છે. પત્રકારો સાથે વાત કરતા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર એમ. નાગરાજને જણાવ્યું હતું કે વિવિધ ઝોનમાંથી લગભગ ૨,૧૦૦ લોકોને સલામત આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા છે. ■

## હિન્દુ મરણ

ગામ દેપાડિયા, સ્વ. કુરજીભાઈ રણછોડભાઈ ગડારા (ઉં. વ. ૬૦) તા. ૬/૭/૨૬ના સોમવારે સ્વર્ગવાસ પામેલ છે. સદગતનું બેસણું તા. ૦૯/૦૭/૨૬, ગુરુવારના રોજ ૮ થી ૧૦. ક. સ્વ. રણછોડભાઈ મોહનભાઈ ગડારા, દેવરાજભાઈ રણછોડભાઈ ગડારા, પ્રાગજીભાઈ રણછોડભાઈ ગડારા, વલ્લભભાઈ રણછોડભાઈ ગડારા, સ્વ. જેન્તીભાઈ રણછોડભાઈ ગડારા સ્થળઃ માતૃશ્રી જેઠીબેન ગોરધનભાઈ ગોવાણી, ઉમા ભવન, આલાપ એવન્યુની બાજુમાં, યુનિવર્સિટી રોડ, રાજકોટ.

**ઘોઘારી મોઢ વાણિક**

ચુડા નિવાસી, હાલ મલાડ, સ્વ. સુશીલાબેન બિપિનભાઈ મહેતા (ઉં.વ. ૮૬) તે સ્વ. બિપિનભાઈ બી. મહેતાના ધર્મપત્ની. સ્વ. અનંતરાય પારેખની સુપુત્રી. સ્વ. હરીશભાઈ, અતુલભાઈના બેન. ચારુબેન તથા રીટાબેનના બેન. મહેશભાઈ બી. મહેતાના ભાભી તા. ૬-૭-૨૬ના સોમવારે શ્રીજીચરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

સરોજબેન હીરાલાલ અઢિયા (ઉં.વ. ૮૩) સ્વ. હરીલાલ નારણદાસ અઢિયા તથા સ્વ. હીરાલક્ષ્મી એચ. અઢિયાના સુપુત્રી. તે સ્વ. વિનોદભાઈ, સ્વ. વસંતભાઈ, સ્વ. કિશોરભાઈ, સ્વ. સુકન્યાબેન, કુમુદબેનના બેન. રાજેશ વસંતકુમાર અઢિયાના ફઈબા. તા. ૮-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

નવીબંદરવાળા હાલ કાંદિવલી, દિલીપ નારણદાસ ઠક્કરના સુપુત્ર કેતન દિલીપ ઠક્કર. તા. ૬-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે નરોતમભાઈ ગોકળભાઈ ડોડિયાના જમાઈ. તે મીનાબેનના પતિ. પ્રાપ્તિ, પ્રાચીના પિતાશ્રી. તે પંકિલ, અંગદના સસરા. તે મીતાબેન અનિલ ઠક્કર, ચિરાગના મોટાભાઈ તેમની પ્રાર્થનાસભા તા. ૯-૭-૨૬ના સાંજે. ૫થી ૭. સ્થળઃ સનરાઈસ હોલ, શ્રીજીમહલનીયર, આણંદીબાઈ કાલે કોલેજ, સાઈબાબા નગર, બોરીવલી (વેસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ છે.)

**કચ્છી લોહાણા**

સ્વ. ગોમતીબેન ગોકલદાસ ધીરાવાણી કચ્છ ગામ કોઠારાના સુપુત્ર હાલે મુલુંડ વિજયભાઈ (ઉં.વ. ૭૫) મંગળવાર, તા. ૭-૭-૨૬ના રામશરણ પામેલ છે. તે વિજયાબેનના પતિશ્રી. ચિ. અમિત, ચિ. સમીરના પિતાશ્રી. અ.સૌ. હેતલબેન, અ.સૌ. યોગીતાબેનના સસરાજી. ચિ. ત્વિશા, ચિ. રાઘવના દાદાજી. ગામ કોઠારાના સ્વ. સુંદરબેન ગોપાલજીભાઈ (બાબુભાઈ મોટા) દામજી ભંગદેના જમાઈ. રમેશભાઈ, કિરીટભાઈ, સ્વ. શરદભાઈ, સ્વ.નિમેષ, શ્રીમતી બેબીબેન, શ્રીમતી ભાનુબેન, અ.સૌ. સરોજબેન, અ.સૌ. ભદ્રાબેન, અ.સૌ. કિરણબેન, સ્વ. દિનાબેન, સ્વ. વંદનાબેનના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૯-૭-૨૬, ગુરુવારે સારસ્વતવાડી, ભોયતળિયે, સાંજે. ૫.૩૦થી ૭.૦૦. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે. બૈરાઓએ તે જ દિવસે આવી જવું.

**કચ્છી લોહાણા**

ભગવાન લક્ષ્મીદાસ સચદે (ઉં. વ. ૭૨) તે સ્વ. રામાબેન લક્ષ્મીદાસ સચદે કચ્છ મોટી મઉ હાલે મુલુંડવાળાના સુપુત્ર. તે જ્યોતિબેનના પતિશ્રી. સ્વ. માનકુંવરબેન નાથાલાલ વેડિયાના જમાઈ. અ. સૌ. હિરલ નીરજભાઈ ઠક્કર, અ. સૌ. ધ્વનિ દિપકભાઈ મૈંદનના પિતાશ્રી. અ. સૌ. પારૂલ વિનયભાઈ ઠક્કરના કાકાશ્રી. નૈતિક, ધ્યુમન, વિહાના તથા મીરનાના નાનાજી સોમવાર, તા. ૬-૭-૨૦૨૬ના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક સમાજ**

ડુમિયાણી નિવાસી હાલ ઘાટકોપર, અ.સૌ. સરોજબેન ધીરજલાલ વૈદ્ય (ઉં. વ. ૮૯) તે ધીરજલાલ દેવચંદ વૈદ્યના ધર્મપત્ની, સોમવાર તા. ૦૬/૦૭/૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. દિવાળીબેન તથા લાલજીભાઈ નાનજી લોટીયાના દીકરી. સ્વ. હિમાંશુભાઈ, અલકાબેન હર્ષદરાય, કિરણભાઈ, જ્યોતિબેન કિરણભાઈ, ગં.સ્વ. મીનાબેન કિશોરના માતુશ્રી. અમિતાબેન કિરણભાઈ, હર્ષદરાય હરજીવન, કિરણભાઈ હરેન્દ્ર, કિશોરભાઈ લક્ષ્મીચંદના સાસુ. મુકુંદરાય દેવચંદના ભાભી. તેમની પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૦૯/૦૭/૨૬ના રોજ ૪ થી ૫ઃ૪૫. સ્થળઃ શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર સરિતા પાર્ક, ગારોડીયા નગર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર ઇસ્ટ.

**લુહાર સુતાર**

સાવરકુંડલાવાળા હાલ જોગેશ્વરી, ગં.સ્વ. સવિતાબેન હરજીવનદાસ (બાલુભાઈ) ચૌહાણ (ઉં. વ. ૭૮) તા. ૦૬/૦૭/૨૬ના સ્વર્ગવાસ પામ્યા છે. તે સ્વ. હરજીવનદાસ મોહનલાલ ચૌહાણના ધર્મપત્ની, દેવેનભાઈ, ભરતભાઈના માતુશ્રી. અંજનાબેન, નિશાબેનના સાસુજી. રોનક, અનેરી, નિધિ, હર્ષ તથા અ.સૌ. દેવાંશીબેન રોનક ચૌહાણના દાદીમા. લાઠીવાળા સ્વ. નારણદાસ કરશનદાસ મકવાણાની દીકરી. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૧૦-૦૭-૨૦૨૬ના સાંજે ૦૫ થી ૦૭ ક. લુહાર સુતાર વેલ્ફર સેન્ટર કાર્ટર રોડ નં ૩, બોરીવલી ઈસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔદિત્ય અગિયારસે બ્રાહ્મણ**

મૂળ ગામ ઉસરડ હાલ કાંદિવલી, નીતિનકુમાર મહિપતરામ જાની (ઉં. વ.૭૩)

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## જૈન મરણ

**પોરબંદર દશા શ્રીમાળી જૈન**

પોરબંદર નિવાસી હાલ ડોમ્બિવલી, આશાબેન અજીતભાઈ શાહ (ઉં.વ. ૫૯) તે ૮-૭-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે તારામતી દિનેશચંદ્ર શાહ (નાથાભવન)ના પુત્રી. આશિષ, વિપુલ તથા પ્રીતિ ધીરેન શાહના બેન. તારાબેન લાલદાસભાઈ શાહના પુત્રવધૂ. મુકેશભાઈ અને રાજેશભાઈના ભાભી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**સ્થા. વિશા શ્રીમાળી જૈન**

બોટાદ નિવાસી, હાલ બોરીવલી, સ્વ. કુસુમબેન પ્રવિણકાંત (કનુભાઈ) ભોગીલાલ દોશીના સુપુત્ર કૌશિક (ઉં.વ. ૬૩) તે ભાવનાબેનના પતિ. માનસી ચિંતનભાઈ બારભાયા. કૃપાલી જિમિતભાઈ ભનસાલી, દર્શીની સ્ટીવ દોશીના પિતાશ્રી. તે જુલેશભાઈના ભાઈ. સુરેન્દ્રનગર નિવાસી સ્વ. દલીચંદભાઈ લહેરચંદભાઈ વસાણીના જમાઈ. તા. ૬-૭-૨૬, સોમવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સરનામુંઃ બી-૪, ડ્રીમલેન્ડ બિલ્ડિંગ, લીંક રોડ, ઓરા હોટેલની બાજુમાં, બોરીવલી (વેસ્ટ).

**સ્થાનકવાસી જૈન**

અજાબ નિવાસી હાલ અંધેરી, નીનાબેન નવીનભાઈ બદાણી (ઉં. વ. ૮૧) તે નવીનભાઈ મેઘજીભાઈ બદાણીના ધર્મપત્ની. પૂનમ સંજય અજમેરા, નીતા પ્રેરક ઝવેરી, જાસ્મિન નિરવ બાટવિયા, સીમા ભાવેશ ગાંધીના માતૃશ્રી. હિતેશભાઈ અને વિપુલ ભુપેન્દ્રભાઈ બદાણીના કાકી. જીવીબેન જયંતિભાઇ ભાયાણીના સુપુત્રી. જિતેન્દ્રભાઈ, જયપ્રકાશભાઇ, યશુમતીબેન, શારદાબેન, જશુમતીબેનના બેન. તા. ૦૫/૦૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૦૯/૦૭/૨૬ના રોજ ૫ થી ૭. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપારલે પશ્ચિમ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન,**

ભાડલા નિવાસી હાલ મુંબઈ, તરુલતાબેન મનહરલાલ શાહ (ઉં. વ. ૮૯) તે સ્વ. ડો. મનહરલાલ લક્ષ્મીચંદ શાહના ધર્મપત્ની, સ્વ. પાનાચંદ મુળચંદ વોરાની સુપુત્રી, સુનિલ શાહ, શિતલ શાહના માતુશ્રી. કોમલ સુનિલ શાહના સાસુ. ઋષભ અને સિદ્ધાર્થના દાદી તારીખ ૦૬ જુલાઈ ૨૦૨૬ને સોમવારે અવસાન થયું છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના શ્રીમતી રમીલા નાનજી છેડા (ઉં. વ. ૬૭) તા. ૭-૭-૨૬ના અરિહંત શરણ પામેલ છે. નામલબેન વેલજી રતનશીના પૌત્રી. રતનબેન નાનજી વેલજી ના સુપુત્રી. ત્રગડી પુરબાઈ કાનજી કરમશી ના દોહિત્રી. નીરવના માતુશ્રી. હેમંત, મુકેશની બેન. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી મહાજનવાડી, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.), મું. ૧૯. ટા. ૪ થી ૫.૩૦.

ઉર્મિલાબેનના પતિ. નેહા મિલિંદ ત્રિવેદીના પિતાશ્રી. ધનંજયભાઈના મોટાભાઈ. સ્વ. વિમળાબેન ઈચ્છાશંકર મહેતાના જમાઈ તા. ૦૫-૦૭-૨૬ના રોજ અક્ષરનિવાસી થયા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**સૌરાષ્ટ્ર પટેલ સમાજ**

મૂળગામ પીપરીયા હાલ કાંદિવલી, સ્વ. વિમળાબેન પ્રાગજીભાઈ માલવિયાના પુત્ર અશોકભાઈ (ઉં. વ. ૬૮) ૭/૭/૨૬ના અક્ષરધામ પામેલ છે. તે નયનાબેનના પતિ. વિનોદભાઈ, સ્વ. હર્ષદભાઈ, સ્વ. હરિકૃષ્ણભાઈ, દિલીપભાઈ, સ્વ. મહેશભાઈના ભાઈ. શ્વેતા જીજ્ઞેશ સુરાણી, અંકિતાના પિતા. સ્વ. શાંતાબેન જાધવજી રામાણીના જમાઈ. લૌકિક પ્રથા બંધ છે.

**વૈષ્ણવ**

બોરીવલી સ્થિત, ગં. સ્વ. મણિબેન નારાયણભાઈ પૂજારી (ઉં. વ. ૮૯) ૭/૭/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સુરેન્દ્રભાઈ, મનોજભાઈ, પુષ્પાબેન લાલચંદ શાહના માતુશ્રી. પ્રતિભાબેન તથા રિટાબેનના સાસુ. કિશોર, નિલેશ, કમલેશ, કિરીટ, નિમેષ, દેવેશ્રીના દાદી. તેમની પ્રાર્થનાસભા ૯/૭/૨૬ના રોજ ૫ થી ૭ ક. મધુરમ હોલ, શીમ્પોલી રોડ, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

ભાવનગર નિવાસી હાલ થાણા, ગં.સ્વ. લીલાબેન નરેન્દ્રભાઈ ઠક્કર (ઉં. વ. ૭૭) સોમવાર તા. ૬.૭.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નરેન્દ્રભાઈ ઈશ્વરલાલ ઠક્કર (વસાણી)ના ધર્મપત્ની, સ્વ. કરસનદાસ પોપટલાલ પુજારાની દીકરી. વિશાલભાઈના માતાશ્રી. કવિતાબેનના સાસુ. હંસાબેન વિરેન્દ્રભાઈ વસાણી, મંજુલા મનસુખલાલ કારિયાના ભાભી. બેનીશા, નમિતાના દાદી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૯.૭.૨૬ના રોજ ૫ થી ૭. ડાયમંડ હોલ, ચોથે માળે, ટીપટોપ પ્લાઝા, એલબીએસ રોડ, થાણા પશ્ચિમ.

પાચમાં પાનાનું ચાલુ

### બે જળાશય

પાંચ દિવસ જબરદસ્તી બૅટિંગ કરીને મુંબઈને ધમરોળી નાખ્યું છે. કેચમેન્ટ એરિયામાં પણ વરસાદનો જોર વધતાં મંગળવારની રાતે નવ વાગે વિહાર તળાવ છલકાઈ ગયું હતું. આ જળાશય ગયા વર્ષે છેક ૧૮ ઑગસ્ટે ભરાયું હતું.

૨૭,૬૯૮ મિલિયન લિટરની ક્ષમતાવાળું આ જળાશય ૨૦૨૪માં પચીસ જુલાઈએ છલકાયું હતું. જોકે મુંબઈને પાણી પૂરું પાડતાં સાત જળાશયમાં વિહાર બીજા નંબરનું સૌથી નાનું તળાવ છે. આ તળાવમાંથી રોજ સરેરાશ ૯૦ મિલિયન લિટર પાણી નાગરિકોને પૂરું પાડવામાં આવે છે. વિહાર છલકાવાની સાથે રાતે ૧૧.૪૩ વાગ્યે તુલસી તળાવ પૂર્ણ ક્ષમતાથી ભરાઈ ગયું હતું. ગયા વર્ષે આ તળાવ ૧૬ ઑગસ્ટે, જ્યારે ૨૦૨૪માં ચોથી ઑગસ્ટે છલકાયું હતું. આ તળાવમાંથી દક્ષિણ મુંબઈમાં રોજ સરેરાશ ૧૮ મિલિયન પાણી પૂરું પાડવામાં આવે છે. જોકે આ તળાવ સૌથી નાનું છે અને તેની ક્ષમતા માત્ર ૮.૦૪૬ મિલિયન લિટરની છે. મુંબઈ મહાપાલિકા અનુસાર મોડક સાગર ૭૨ ટકા, તાનસા ૬૯ ટકા, ભાતસા ૩૬ ટકા, મિડલ વૈતરણા ૩૫ ટકા અને અપર વૈતરણા ૨૧ ટકા ભરાયું છે.

### અંધેરીમાં ઝાડની ડાળી પડતાં એક જખમી

મુંબઈઃ અંધેરી પૂર્વમાં ઝાડની ડાળી માથા પર પડતાં ૫૦ વર્ષનો રાહદારી ગંભીર રીતે ઘવાયો હતો. જખમીની ઓળખ આદેશ ગાયકર તરીકે થઈ હતી. સારવાર માટે તેને કૂપર હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. આદેશ બુધવારની સવારે ૧૦ વાગ્યે અંધેરી સબ નજીક નાગરદાસ રોડ પરથી ડી. જે. હાઉસ પાસેથી પસાર થતો હતો ત્યારે તેના પર ઝાડની મોટી ડાળી તૂટી પડી હતી. તેના માથામાંથી લોહી નીકળતું હતું.

### કરન્ટ લાગતાં પરિવારના ચારનાં મોત

પુણેઃ સાતારા જિલ્લાના ફલટણ તાલુકામાં બનેલી કમનસીબ ઘટનામાં વીજળીનો આંચકો લાગવાથી દંપતી અને તેમનાં બે સંતાને જીવ ગુમાવ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ ઘટના બુધવારની વહેલી સવારે છ વાગ્યાની આસપાસ ફલટણ તાલુકાના ખામગાંવ ખાતે બની હતી. મૃતકોની ઓળખ સતીશ ઉર્ફે પિસુર્ધા કિસન શિંદે (૪૫), તેની પત્ની ગંગુ શિંદે (૪૦), પુત્ર સચિન શિંદે (૨૬) અને પુત્રી આરતી શિંદે (૨૪) તરીકે થઈ હતી. ફલટણ પોલીસ સ્ટેશનના અધિકારીના કહેવા મુજબ કરન્ટ લાગવાથી ચારેયનાં મોત નીપજ્યાં હોવાનું જણાય છે.

### સ્કૂલ બસ ઊંધી વળતાં બાવીસ વિદ્યાર્થી જખમી

લાતુરઃ લાતુર જિલ્લામાં સ્કૂલની બસ રસ્તાકિનારેની નાની ગટરમાં ઊંધી વળી જતાં બાવીસ વિદ્યાર્થીને ઇજા થઈ હતી, જેમાંથી એકની હાલત ગંભીર હોવાનું પોલીસે જણાવ્યું હતું. ચાકુર પોલીસ ઈન્સ્પેક્ટર બાલાજી ભાંડેએ જણાવ્યું હતું કે ઘટના બુધવારની સવારે ૯.૩૦ વાગ્યે ચાકુર તહેસીલના સાંડોલ-મહાંડોલ રોડ પર બની હતી. રાચન્નાવાડી ખાતેની પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોળકર વિદ્યાલયના ૩૫ વિદ્યાર્થીને લઈ બસ સ્કૂલ તરફ જઈ રહી હતી. ■

### વિપક્ષની

હતી. જયંત પાટીલ (એનસીપી - એસપી) અને નાના પટોલે (કોંગ્રેસ) જેવા સભ્યોએ જણાવ્યું હતું કે ૧૩૪ તાલુકાઓમાં વરસાદ ઓછો પડવાથી ઘણા વિસ્તારોમાં ખેડૂતોને ફરીથી વાવણી કરવાની ફરજ પડી છે, બીજા અનેક વિસ્તારોમાં આવું કરવા માટે નાણાકીય સંસાધનોનો અભાવ છે. સ્પીકરે સભ્યોને ચર્ચાની ગંભીરતા જાળવી રાખવા અને દુષ્કાળ, અપૂરતા વરસાદ અને ભારે વરસાદની ચર્ચા કરતી વખતે અસંબંધિત મુદ્દાઓ લાવવાનું ટાળવાની અપીલ કરી હતી. ■

### દરવાજાને સ્ટ્રેચર

પીડા ઊપડી હતી. ચાર-પાંચથી દિવસથી વરસતા ભારે વરસાદને કારણે યાદવના ઘરની આસપાસનો પરિસર પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. પરિણામે એમ્બ્યુલન્સને ઘર સુધી લાવવી અશક્ય હતું. પ્રિયંકાની હાલત જોઈ યાદવ પરિવાર ચિંતા કરવા લાગ્યો હતો. સ્થાનિક આશા કાર્યકર્તા દિવ્યા ઘરાત અને સામાજિક કાર્યકર ચેતન ગાવડ યાદવના ઘરે પહોંચ્યા હતા. પરિસ્થિતિનો તાગ મેળવી તેમણે સ્થાનિકોની એક ટીમ બનાવી હતી. ■

### ૧૬ લોકો ફસાયા

હતી. પ્રાથમિક દ્રષ્ટિએ એવું લાગે છે કે ભારે વરસાદને કારણે કચરાનો આ ઢગલો ઢીલો થઈ ગયો હતો અને બિલ્ડિંગ પર ધસી પડ્યો હતો. તેમણે ઉમેર્યું કે, ખાનગી કંપનીના આશરે ૧૬ જેટલા કર્મચારીઓ બિલ્ડિંગની અંદર હોવાની આશંકા છે. ■

### ખડકવાસલા

ભરાઈ ગયા હતા અને સાવચેતીના પગલારૂપે ઓછામાં ઓછા પાંચ પરિવારોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ■

### મોડી રાતના

શ્વાસ લીધો હતો.

#### વસઈ-વિરાર સેક્શનનો સર્વે કરવાનો નિર્ણય

મંગળવારે વસઈ-વિરાર સેક્શનની સમસ્યાને જોવા માટે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરે સેક્શનની સમીક્ષા કરી હતી અને વસઈ-વિરાર સેક્શનમાં ટ્રેકને ઉપર ઉઠાવવા માટે સર્વે કરવાનો નિર્ણય લીધો. ઉપરાંત, ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે બંને લાઈનોને ઊંચી કરવા અને આગામી મુંબઈ રેલવે વિકાસ કોર્પોરેશનના પાંચમી અને છઠ્ઠી લાઈન પ્રોજેક્ટ માટે યોગ્ય સ્તર સુનિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

#### મુંબઈ-પુણે રેલ રૂટ બુધવારે રાતના શરૂ થઈ શકે

પુણેમાં થયેલા ભૂસ્ખલન પછી હજુ પણ મધ્ય રેલવેમાં મુંબઈ-પુણે રેલ રૂટ સંપૂર્ણપણે શરૂ કરી શકાયો નથી, જે બુધવારે રાતના શરૂ થઈ શકે છે. ત્રણમાંથી બે ટ્રેકમાં મરમ્મત કરવામાં આવી છે, જ્યારે એકનું કામકાજ ચાલી રહ્યું છે, જે આજે રાત સુધીમાં પૂરું થવાની અપેક્ષા રાખવામાં આવે છે, એમ મધ્ય રેલવેના અધિકારીએ જણાવ્યું હતું. ■

### ડોમ્બિવલીની

મચ્યો હતો. નવજાત શિશુને અન્ય હૉસ્પિટલમાં ખસેડવાની સલાહ તેના પરિવારને આપવામાં આવ્યા બાદ મ્હાત્રે અને તેના સાથીઓએ બે ડૉક્ટર અને કર્મચારીની મારપીટ કરી હતી.

નગરસેવકના આવા કૃત્યથી નાગરિકોમાં રોષ ફેલાયો હતો. નાગરિકોનો ગુસ્સો જોતાં અને ઈન્ડિયન મેડિકલ ઍસોસિયેશન (આઈએમએ) દ્વારા દબાણ લાવવામાં આવ્યા પછી મંગળવારની રાતે મ્હાત્રે સહિત છ જણ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ મામલે તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો આખા પરિસરનાં ક્લિનિક્સ અને હૉસ્પિટલો બંધ કરી દેવાની ચીમકી આઈએમએ દ્વારા આપવામાં આવી હતી. (પીટીઆઈ) ■

### સંસદસભ્ય

શિવસેના સંસદસભ્ય ડોક્ટર શ્રીકાંત શિંદેએ મારપીટની નિંદા કરી અને કહ્યું કે દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

સોમવારે સાંજે કલ્યાણમાં આવેલી પાલિકા સંચાલિત હોસ્પિટલમાં બનેલી આ ઘટના એક વીડિયોમાં રેકોર્ડ થઈ હતી, જે બાદમાં સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ હતી. આ વીડિયોમાં કથિત રીતે શિવસેનાના નગરસેવક રમેશ સુક્ર્યા મ્હાત્રે ડોક્ટરોની મારપીટ કરતા જોવા મળ્યા હતા. (પીટીઆઈ) ■

### બેસ્ટની બસ

ઘવાયેલા રાહદારીની ઓળખ અતુલ અનંત પાડવે (૪૩) તરીકે થઈ હતી. અતુલ કોંકણ નગરનો જ રહેવાસી છે અને સારવાર માટે તેને મુલુંડની અગ્રવાલ હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. બેસ્ટના પ્રવક્તાએ આપેલી માહિતી અનુસાર એ-૪૨૫ રૂટની એસી બસનો ડ્રાઈવર ઘટનાસ્થળે જમણે વળાંક લેવાનો પ્રયાસ કરતો હતો. સાંકડો માર્ગ અને બ્રિજના પિલરને કારણે ટર્ન લેવામાં મુશ્કેલી પડી હતી. પરિણામે તેણે બસ રિવર્સ લીધી હતી. એ જ સમયે બસના પાછળના ભાગમાંથી પસાર થનારા અતુલ સાથે બસ અથડાઈ હતી. બસ અને રસ્તાને કિનારે મૂકેલા છોડના મોટા કૂંડા વચ્ચે અતુલ ફસાઈ ગયો હતો. ઘટનાને પગલે રાહદારીઓનું ટોળું ભેગું થઈ ગયું હતું ટોળાએ ધક્કો મારી બસને આગળની તરફ ધકેલી હતી અને અતુલને બહાર કાઢ્યો હતો. ■

### ગોદાવરીની

મધ્યમેશ્વર સહિતના જળાશયોમાંથી પાણી છોડવામાં આવતાં પ્રશાસને ગોદાવરી, કડવા અને ગિરણા નદીના કિનારે રહેતા લોકોને માલસામાન અને પશુધન સાથે સુરક્ષિત સ્થળે ખસી જવા અપીલ કરી હતી. નાશિકમાં ૨૪ કલાકમાં ૧૨૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જેનાથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા અને ટ્રાફિક તેમજ વીજ પુરવઠાને અસર થઈ હતી. હવામાન વિભાગે હજુ પણ વધુ વરસાદની આગાહી કરી છે. ■

### પ્રતિબંધ

જાળવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ પૃષ્ઠભૂમિમાં, પોલીસે ગણેશપુરીમાં વાજ્રેશ્વરી નદી, ઉતાનગાંવ વોટરફોલ, ભાતસા, તાનસા, શાહપુરમાં વૈતરણા ડેમ, મહુલી ગડ, પૈથા, સપગાંવ નદી કાંઠા અને કલમ્બે નદી, કસારામાં કસારા ઘાટ વોટરફોલ, અશોક વોટરફોલ, અજાવટ વિસ્તાર, અજાવાત વિસ્તાર અને ડેમમાં કોર્ડન કર્યું છે. હનુમાન વોટરફોલ (ચોંધા), મુરબાડમાં સિદ્ધગઢ, ડોંગરગાંવ, સોનાલે, હરિશ્ચંદ્રગઢ, બરવી ડેમ, પડાલે ડેમ, ગોરખગઢ, સુબેદાર વોટરફોલ, ખોપોલીવલી વોટરફોલ, સંગમેશ્વર સંગમ, ખડવલી અને ટિટવાલા નદી વિસ્તાર કલ્યાણમાં, કાલા, ગણેશ, બરવી, ઘોડાગાંવ, કોર્પોરેશન વોટરફોલ. નદી, અંબેશિવ નદી, ચંદેરી ગઢ, ભોજ, દહીવલી, ચેમ્પ, અસનોલી નદી, પડઘ્યામાં ભાતસા નદી, ખડવલી (સોરગાંવ સીમા), દહાગાંવ (કાલગાંવ)માં પ્રવાસન સ્થળો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ટોકાવડામાં વાશિંદ અને માલશેજ ઘાટ અને નાનેઘાટ. ચોમાસા દરમિયાન જાનહાનિ ટાળવા અને મહિલાઓની સલામતી માટે, આ સમયગાળા દરમિયાન ઉપરોક્ત સ્થળોએ જવાથી બચવું જોઈએ. પોલીસે ચેતવણી આપી છે કે આદેશનું ઉલ્લંઘન કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પરિણામે, એ સ્પષ્ટ છે કે આ વર્ષે ૩ સપ્ટેમ્બર સુધી ધોધવાળા બંધ અને નદી કિનારા પર પ્રવાસીઓની ભીડ નહીં હોય. ■

### વિપક્ષી ધારાસભ્યના

પાટીલે કહ્યું કે, આ દાવો આંશિક રીતે સાચો છે. ૨૨ જૂનના અહેવાલ મુજબ, રાજ્યના ૩૬ માંથી ૨૫ જિલ્લા પાણીની અછતનો સામનો કરી રહ્યા હતા, જ્યાં ૧,૪૧૩ ટેન્કરો દ્વારા ૧,૨૭૯ ગામો અને ૩,૩૮૯ વસાહતોને પાણી અપાતું હતું. જોકે, મોડા ચોમાસા બાદ જુલાઈની શરૂઆતથી ભારે વરસાદ પડી રહ્યો છે. બીજી તરફ, દેશમુખે સવાલ ઉઠાવ્યો હતો કે સરકારી અહેવાલમાં માત્ર ૨,૨૮૫ ગામો અછતગ્રસ્ત દર્શાવાયા છે, જ્યારે વાસ્તવિક સંખ્યા ૮,૦૦૦ થી ૯,૦૦૦ વચ્ચે છે. પ્રધાને જણાવ્યું હતું કે સરકારે પાણીની અછતથી પ્રભાવિત ૧૨,૪૦૬ ગામડાઓ અને વસાહતોમાં અનેક પગલાં લીધાં છે, જેમાં પીવાનું પાણી પૂરું પાડવા માટે ખાનગી કૂવાઓ હસ્તગત કરવા, પાણી પુરવઠા યોજનાઓ તેમજ નળનું સમારકામ કરવું અને અન્ય કટોકટીની વ્યવસ્થાઓ લાગુ કરવાનો સમાવેશ થાય છે. ■

### રમકડાંની

સિલિન્ડર પૂરના પાણી વહી જતા જોવા મળ્યા હતા, જ્યારે એક દિશામાં લાલ કલરના સિલિન્ડરને જોઈને લોકો ચોંકી ગયા હતા. આ બનાવ રાયગઢ જિલ્લાના ખાલાપુર તાલુકા સ્થિત ચાવણે વિસ્તારની છે, જ્યાં મુશળધાર વરસાદને કારણે જનજીવન પર અસર પડી છે, જ્યારે આસપાસના વિસ્તારમાં પડી રહેલા ભારે વરસાદને કારણે નદીઓમાં પૂરની સ્થિતિ ઊભી થઈ છે, ત્યારે ચાવણે સ્થિત એચપીસીએલના ગેસ રિફિલિંગ પ્લાન્ટમાં પણ પાણી ઘૂસી ગયા હતા. ■

### થાણેના 'બિન-કાર્યક્ષમ'

વિભાગના વરિષ્ઠ અધિકારીઓની કથિત બેદરકારી, વૃક્ષ કાપણીમાં વિલંબ અને સ્ટાફની તીવ્ર અછત અંગે ઝાટકણી કાઢી.

સમીક્ષા બાદ મીડિયાને સંબોધતા શિંદેએ વૃક્ષો પડવાની વધતી જતી ઘટનાઓ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી. તેમણે અધિકારીઓને પડી ગયેલાં વૃક્ષોની છેલ્લે ક્યારે છટણી કરવામાં આવી હતી તેની ચોક્કસ ચકાસણી કરવા માટે ઘટના બાદ તેનું વિગતવાર ઓડિટ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. ■

### મુંબઈ-પુણે

કરવા સક્ષમ વિશાળ વાયડક્ટ્સનો સમાવેશ થાય છે. તેના કારણે ઘાટ વિભાગમાં અકસ્માત ઘટ્યા છે અને ટ્રાફિકની અવરજવર ઘણી સરળ બની છે.

કોંકણ રેલવેના બાંધકામ સાથે સરખામણી કરી તેમણે 'મિસિંગ લિંક' પ્રોજેક્ટની ટીકાને નકારી કહ્યું કે સરકાર નિષ્ણાતો દ્વારા સૂચવેલા વધારાના સલામતી પગલાં અમલમાં મૂકશે. એન્જિનિયરિંગ સિદ્ધિનું મૂલ્યાંકન એક ઘટના દ્વારા ન કરવું જોઈએ. સોમવારે આખી રાત પડેલા ધોધમાર વરસાદને કારણે ભૂસ્ખલન થતાં મુંબઈ-પુણે એક્સપ્રેસવેના મિસિંગ લિંક સેક્શન પર ૧૮ કલાકથી વધુ સમય સુધી ટ્રાફિક બંધ રહ્યો હતો. પહેલી મેના દિવસે ટ્રાફિક માટે ખુલ્લું મુકાયેલ મિસિંગ લિંક ૯૪ કિમી લાંબા એક્સપ્રેસવે પર ૧૩.૩ કિમી લાંબો છે જેમાં બે ટ્વિન ટનલ અને કેબલ-સ્ટેડ બ્રિજ છે. વળાંકવાળા લોનાવાલા-ખંડાલા ઘાટ વિભાગને બાયપાસ કરે છે અને મુસાફરીનું અંતર ૫.૭ કિમી ઘટાડવા અને મુંબઈ અને પુણે વચ્ચેના મુસાફરીના સમયમાં ૨૦ થી ૩૦ મિનિટનો ઘટાડો થાય છે. તાજેતરના ભૂસ્ખલનનો ઉલ્લેખ કરી ફડણવીસે કહ્યું કે સરકારે તાત્કાલિક ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીના નિષ્ણાતોની સલાહ લીધી. તેમણે વધારાના રક્ષણાત્મક પગલાં લેવાની ભલામણ કરી. આઈઆઈટી નિષ્ણાતોએ કેટલાક વધુ સંવેદનશીલ સ્થળો ઓળખી કાઢ્યાં છે જ્યાં વાયર મેશ અને ઢાળ સુરક્ષા સ્થાપિત કરવી જોઈએ. અમે આ ભલામણોનો અમલ કરીશું જેથી ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય. (પીટીઆઈ) ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

# વરસાદી આફત: મોડી રાતના વસઈ-વિરારના પ્રવાસીઓ રઝળી પડ્યા, હવે રાહત...

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાલઘર જિલ્લામાં અવિરત વરસાદને કારણે સ્થાનિકોનું જનજીવન હજુ થાળે પડે એમ લાગતું નથી. વરસાદનું જોર ઘટ્યા પછી પણ વરસાદી પાણી સંપૂર્ણપણે ઓસર્યાં નથી, જ્યારે અનેક સોસાયટી હજુ જળમગ્ન છે, ત્યારે હજુ લોકોને રાહત થઈ નથી.

પીવાના પાણીથી લઈ વીજળી અને જાહેર પરિવહન મુદ્દે પરેશાની જ ભોગવવી પડે છે, ત્યારે મંગળવારે સાંજ પછી રેલવેએ અચાનક ટ્રેનસેવા બંધ કરતા વિરાર-દહાણુવાસીઓએ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા, પરંતુ પશ્ચિમ રેલવેમાં હવે લોકલ ટ્રેનો રાબેતા મુજબ ચાલતી હોવાથી પ્રવાસીઓ રાહતનો (જુઓ પાનું ૪)

### રાતના વસઈમાં ધમાલ

પશ્ચિમ રેલવેએ સવારના લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનોની સાથે લોકલ ટ્રેનો પણ ચાલુ કરવામાં આવી હતી, પરંતુ ટ્રેક પર પાણી આવ્યા પછી ટ્રેનસેવા સ્થગિત કરવામાં આવી હતી. સવારના લોકો મુંબઈ આવનારા પ્રવાસીઓ અટવાઈ ગયા હતા. સાંજ સુધી તો પરિસ્થિતિ વિકટ બની હતી. નજીકના સ્ટેશનના પ્રવાસીઓ તો ટ્રેક પર ચાલીને ગયા હતા, પરંતુ મોડી રાતના લોકોએ વસઈ સ્ટેશન પર મોટરમેન અને રેલવેના કર્મચારીઓ વિરુદ્ધ હંગામો કર્યો હતો. મહિલાઓ સહિત સિનિયર સિટિઝન પ્રવાસીઓએ વસઈ સ્ટેશને ટ્રેન રોકી દીધા પછી જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી.

### અમારો દોષ એટલો કે વિરારમાં રહીએ છીએ

વસઈના રહેવાસીએ એક પ્રવાસીએ કહ્યું હતું કે રેલવે સવારે જો ટ્રેન દોડાવી શકતી હોય તો પછી રાતના કેમ અચાનક રેલવે ટ્રેક પર પાણી આવી ગયા. લોકોની હાલાકીને સમજવાને બદલે અવગણવામાં આવે છે. વસઈ-વિરારના વીડિયો જોઈને સરકાર અને રેલવેને વાસ્તવિકતા સમજાઈ શકે છે કેટલી મુશ્કેલ પરિસ્થિતિ છે. નિર્દોષ લોકોનો દોષ એટલો જ છે કે તેઓ નાલાસોપારા, વસઈ-વિરાર રહે છે. અમારી મુશ્કેલી એક નથી ઘરે વીજળી નહીં, પાણી નહીં હોવા છતાં પેટિયું રળવા માટે મુંબઈ સુધી લાંબા થવું પડે છે. ગીચ ટ્રેનમાં મુશ્કેલીઓ વચ્ચે પણ લોકલ ટ્રેનમાં મુસાફરી કરીએ છીએ, પણ ટ્રેનો નિયમિત ચાલે નહીં તો શું કરવાનું. આ મુદ્દે રેલવેએ વિચારવાનું જરૂરી છે, એમ વિરારના રહેવાસી મહેશ જોશીએ જણાવ્યું હતું.

### ચર્ચગેટ-વિરાર/દહાણુ વચ્ચે ટ્રેન શરૂ

નાલાસોપારા, વસઈ, વિરારમાં રેલવે ટ્રેક પર પાણી હોવાથી ટ્રેનસેવા સ્થગિત કર્યા પછી ટ્રેનોને વસઈથી રોકી દેવામાં આવતા પ્રવાસીઓએ મોડી રાતે હોબાળો મચાવ્યો હતો અને ટ્રેનને આગળ લઈ જવાની વિનંતી કરી હતી. આ મુદ્દે વીડિયો પણ સોશ્યલ મીડિયા પર વાઇરલ થયો હતો. મહિલાઓએ ટ્રેનના લોકો પાઈલટને પણ વિનંતી કરી હતી. વાઇરલ વીડિયો અંગે રેલવેએ કોઈ પ્રતિક્રિયા આપી નહોતી પણ કહ્યું હતું કે લોકલ ટ્રેનો હવે ચર્ચગેટથી વિરાર-દહાણુ વચ્ચે દોડાવાય છે, જે સ્પીડ રિસ્ટ્રક્શન સાથે. સુરત-નવસારીમાં ભારે વરસાદને કારણે ગુજરાતના ટ્રેનવ્યવહાર પર અસર થઈ છે, જેમાં લાંબા અંતરની ૩૯ ટ્રેન રદ કરી હતી, જ્યારે ૨૧ શોર્ટ ટર્મિનેટ અને ૪૬ ટ્રેન રિશેડ્યૂલ્ડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# મહારાષ્ટ્રમાં નર્સિંગ શિક્ષણનો મોટો વિસ્તાર

## સરકાર ૧૦ નવી નર્સિંગ કૉલેજો શરૂ કરશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે ૧૦ નવી બીએસસી નર્સિંગ કૉલેજો સ્થાપવાનો, હાલની પાંચ કૉલેજોની ક્ષમતા બમણી કરવાનો અને આઠ જનરલ નર્સિંગ અને મિડવાઇફરી (જીએનએમ) કૉલેજોને બીએસસી નર્સિંગ સંસ્થાઓમાં અપગ્રેડ કરવાનો નિર્ણય લીધો છે, એમ તબીબી શિક્ષણ પ્રધાન હસન મુશરીફે જણાવ્યું હતું.

રાજ્યમાં વધતી જતી આરોગ્યસંભાળ જરૂરિયાતોને કારણે કુશળ નર્સોની વધતી જતી જરૂરિયાતને પહોંચી વળવા માટે નર્સિંગ શિક્ષણનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે, એમ પ્રધાને વિધાનસભામાં જણાવ્યું હતું.

સરકારના જણાવ્યા અનુસાર, ૨૦૨૫માં મહારાષ્ટ્રમાં ૨,૧૭,૬૪૦ નોંધાયેલી નર્સો હતી, પરંતુ સરકારી તબીબી કોલેજો, તેની સાથે જોડાયેલી હોસ્પિટલો અને ખાનગી આરોગ્ય સંસ્થાઓમાં વધતી જતી માગને પહોંચી વળવા માટે આ હાલનું સંખ્યાબળ અપૂરતું હતું.

ચંદ્રપુર, સિંધુદુર્ગ, યવતમાળ, અલીબાગ (રાયગઢ), રત્નાગિરિ, અમરાવતી, ધારાશિવ, ગઢચિરોલી, પાલઘર અને અહિલ્યાનગરમાં પ્રત્યેક ૧૦૦ વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા ધરાવતી ૧૦ નવી સરકારી બી.એસસી નર્સિંગ કોલેજો સ્થાપવામાં આવશે, એમ પ્રધાને જણાવ્યું હતું.

સરકારી ઠરાવમાં જણાવ્યા અનુસાર, નવી કૉલેજો માટે રૂ. ૩૩૪.૮૦ કરોડના મૂડી ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. તેમાંથી ત્રણ કોલેજો યવતમાળ, ચંદ્રપુર અને સિંધુદુર્ગને નર્સિંગ શિક્ષણ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી પણ સહાય મળશે. આ નિર્ણય અંતર્ગત, મુંબઈની જી.ટી. હોસ્પિટલ અને સેન્ટ જ્યોર્જ હોસ્પિટલ તેમજ ધુળે, સોલાપુર, અંબાજોગાઈ, અકોલા, નાગપુર અને સાંગલીમાં આવેલી આઠ સરકારી જીએનએમ કૉલેજોને બી.એસસી. નર્સિંગ કોલેજોમાં અપગ્રેડ કરવામાં આવશે, જેમાં પ્રત્યેકમાં વાર્ષિક ૧૦૦ વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા રહેશે.

રાજ્ય સરકારે જણાવ્યું હતું કે, અપગ્રેડેશન ઓફ સ્કૂલ્સ ઓફ નર્સિંગ ટુ કોલેજ ઓફ નર્સિંગ યોજના હેઠળ આ દરેક કોલેજને કેન્દ્ર સરકાર તરફથી રૂ. ૭ કરોડની આર્થિક સહાય મળશે.

આ નિર્ણય હેઠળ, મુંબઈ, ધુળે, સોલાપુર, અંબાજોગાઈ (બીડ જિલ્લો), અકોલા, નાગપુર અને સાંગલીમાં જીટી હોસ્પિટલ અને સેન્ટ જ્યોર્જ હોસ્પિટલમાં સ્થિત આઠ સરકારી જીએનએમ કોલેજોને વાર્ષિક ૧૦૦ વિદ્યાર્થીઓના પ્રવેશ સાથે બીએસસી નર્સિંગ કોલેજોમાં અપગ્રેડ કરવામાં આવશે.

રાજ્ય સરકારે જણાવ્યું હતું કે આ દરેક કોલેજોને નર્સિંગ સ્કૂલોને કોલેજ ઓફ નર્સિંગમાં અપગ્રેડ યોજના હેઠળ ૭ કરોડ રૂપિયાની કેન્દ્રીય સહાય મળશે.

# ધારાવી પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો ૧૮ મહિનામાં પૂર્ણ થશેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ માત્ર એક આવાસ યોજના નથી પરંતુ આર્થિક પરિવર્તનની પહેલ છે, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આશરે ૧૦ હજાર ઘરનો પ્રથમ તબક્કો આગામી ૧૮ મહિનામાં પૂર્ણ થશે.

વિધાનસભામાં બોલતા ફડણવીસે જણાવ્યું હતું કે પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળ પાત્ર રહેવાસીઓનું સ્થળ પર પુનર્વસન કરવામાં આવશે, જ્યારે અન્ય લોકોને નજીકના સ્થળોએ ઘરો પૂરા પાડવામાં આવશે.

રાજ્યએ આયોજિત શહેરી નવીનીકરણ અને આવાસ માટેની તેની વ્યૂહરચનાના ભાગરૂપે સમગ્ર મુંબઈમાં ૧૯ ક્લસ્ટર પુનર્વિકાસ પ્રોજેક્ટ નક્કી કર્યા છે. ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ એ મધ્ય મુંબઈમાં એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટીને આધુનિક, પરિવહન-લક્ષી હબમાં પરિવર્તિત કરવા માટે એક મહત્ત્વાકાંક્ષી શહેરી નવીનીકરણ પહેલ છે. તેનો ઉદ્દેશ્ય વિસ્તારના મહત્ત્વપૂર્ણ અનૌપચારિક અર્થતંત્ર અને સ્થાનિક ઉદ્યોગોને જાળવી રાખીને રહેવાસીઓનું પુનર્વસન કરવાનો છે. આ પ્રોજેક્ટ જાન્યુઆરી ૨૦૨૫ માં શરૂ થયો હતો.

ફડણવીસે જણાવ્યું હતું કે ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળ લગભગ ૯૫ મિલ્યન ચોરસ ફૂટ વિસ્તારનું રિડેવલપમેન્ટ કરવામાં આવશે અને તેનો હેતુ આવાસ, વ્યાપારી પ્રવૃત્તિ અને રોજગાર સર્જનને એકીકૃત કરવાનો છે. ધારાવીમાં બધા પાત્ર રહેવાસીઓને ૩૫૦ ચોરસ ફૂટના ઘર મળશે, જ્યારે ૨૦૧૧ના વિસ્તૃત પાત્રતા માપદંડ હેઠળ આવરી લેવામાં આવેલા લોકોને પણ ૨.૫ લાખ રૂપિયાનો નિર્ધારિત ચાર્જ ચૂકવ્યા પછી સમાવિષ્ટ કરવામાં આવશે. અયોગ્ય જણાતા લોકોને દૂર વિસ્થાપિત કરવામાં આવશે નહીં પરંતુ નજીકના સ્થળોએ પુનર્વસન કરવામાં આવશે..સરકાર ધારાવી પ્રોજેક્ટમાં આગામી ૧૮ મહિનામાં લગભગ ૧૦ હજાર ઘરનો પ્રથમ તબક્કો પૂર્ણ કરવાની યોજના ધરાવે છે. ફડણવીસે જણાવ્યું હતું કે ઉત્તર મુંબઈને દક્ષિણ મુંબઈ સાથે જોડતી ભૂગર્ભ ટનલ સિગ્નલ-મુક્ત કનેક્ટિવિટી પ્રદાન કરશે અને શહેરના વ્યાપારી જિલ્લામાં મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટાડશે. આ પ્રોજેક્ટ ઓક્ટોબર ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. મુખ્ય મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિક ઓછો કરવામાં અને ઉત્તરીય ઉપનગરો અને દક્ષિણ મુંબઈ વચ્ચે મુસાફરી કરતા મુસાફરો માટે કનેક્ટિવિટી સુધારવામાં પણ પ્રોજેક્ટ મદદ કરશે.

શહેરની પાર્કિંગની તીવ્ર અછતને પહોંચી વળવા માટેના પગલાં પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે ૬૪૦ કાર અને ૧૧૨ ટૂ-વ્હિલરની ક્ષમતા ધરાવતો ભૂગર્ભ રોબોટિક પાર્કિંગ પ્લાઝા વિકસાવવામાં આવી રહ્યો છે, જ્યારે બીજો ભૂગર્ભ પાર્કિંગ પ્રોજેક્ટ પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે. (પીટીઆઈ)

# ડોમ્બિવલીની હૉસ્પિટલમાં ડૉક્ટરોની મારપીટના કેસમાં શિવસેનાના નગરસેવકની ધરપકડ

થાણેઃ કેડીએમસી સંચાલિત ડોમ્બિવલીની હૉસ્પિટલમાં ડૉક્ટરો અને મેડિકલ સ્ટાફ સાથે કથિત મારપીટ કરવાના કેસમાં શિવસેનાના નગરસેવક રમેશ મ્હાત્રેની બુધવારે ધરપકડ કરવામાં આવી હતી.

કલ્યાણના ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી) અતુલ ઝેંડે જણાવ્યું હતું કે મ્હાત્રે અને તેના સાથીઓને વિષ્ણુનગર પોલીસે ફોજદારી ગુનામાં કસ્ટડીમાં લીધો હતો. મ્હાત્રે વિરુદ્ધ નોંધાયેલા ગુના પછી આ કાર્યવાહી કરવામાં આવી છે. વધુ તપાસ કરવામાં આવી રહી છે.

ડૉક્ટરોની મારપીટની ઘટના સોમવારની સાંજે ડોમ્બિવલીની હૉસ્પિટલમાં બની હતી. ઘટનાનો વીડિયો વાયરલ થતાં ભારે હોબાળો (જુઓ પાનું ૪)

### સંસદસભ્ય શ્રીકાંત શિંદેએ કૃત્યને વખોડ્યું

મુંબઈ/થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લાની એક હોસ્પિટલમાં એક પરિવારને નવજાત શિશુને બીજી હોસ્પિટલમાં ખસેડવાની સલાહ આપવામાં આવ્યા બાદ શાસક શિવસેનાના નગરસેવક અને તેના સાથીઓએ બે ડોકટર અને અન્ય સ્ટાફની મારપીટ કરી હોવાનો આરોપ પોલીસે બુધવારે મૂક્યો હતો.

વિપક્ષ શિવસેના (યુબીટી ) એ સરકાર પર નિશાન સાધી સવાલ કર્યો કે શું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ આવી ગુંડાગીરી ચલાવી લેશે? જવાબમાં શાસક (જુઓ પાનું ૪)

# પ્રતિબંધ

## મહારાષ્ટ્રમાં ત્રીજી સપ્ટેમ્બર સુધી ધોધ પાસે અને નદી કિનારે પર્યટન પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસાની ઋતુમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવતા હોય તેવા ભિવંડી, શાહપુર, મુરબાડ, કલ્યાણ અને અંબરનાથ તાલુકા જેવા ગ્રામીણ વિસ્તારોમાં પ્રખ્યાત પર્યટન સ્થળોએ ૪ જુલાઈથી ૩ સપ્ટેમ્બર સુધી પ્રતિબંધિત આદેશો લાગુ કરવામાં આવ્યા છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૬૮ હેઠળ ગ્રામીણ પોલીસે આ આદેશ જારી કર્યો છે.

ચોમાસાની ઋતુ દરમિયાન, ગ્રામીણ વિસ્તારોમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ ધોધ, તળાવો, નદીઓ અને બંધોની મુલાકાત લે છે. જોકે, પાણીના અણધાર્યા પ્રવાહને કારણે ઘણા લોકોના જીવ ગયા છે. ઉપરાંત, કેટલીક જગ્યાએ છેડતી, બળાત્કાર અને મહિલાઓ સાથે અભદ્ર વર્તનની ઘટનાઓ બની છે. આ પૃષ્ઠભૂમિ સામે, શાંતિ, કાયદો અને વ્યવસ્થા (જુઓ પાનું ૪)

# રમકડાંની માફક વહ્યાં હજારો ગેસનાં સિલિન્ડર

રાયગઢઃ મહારાષ્ટ્રમાં ભારે વરસાદ વચ્ચે એક ચોંકાવનારા સમાચાર જાણવા મળ્યા છે. ચાવણે સ્થિત હિંદુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ)ના પ્લાન્ટ પરિસરમાં અચાનક પૂરના પાણી ઘૂસી આવતા હજારો સિલિન્ડર વરસાદના પાણીમાં રમકડાંના માફક વહી ગયા હતા, જ્યારે તેનો વીડિયો વાયરલ થયા પછી લોકોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ધીમે ધીમે મેઘરાજાએ આફતનું નિર્માણ કર્યું છે, ત્યારે વરસાદી આફતનો એક ચોંકાવનારો વીડિયો વાયરલ થયો હતો. એચપીસીએલના આશરે ૧,૨૦૦થી વધુ ગેસના સિલિન્ડર વરસાદી પૂરમાં વહી ગયા હતા. રાહતની વાત એ હતી કે એ સિલિન્ડર ખાલી હતા. વાયરલ વીડિયોમાં પણ (જુઓ પાનું ૪)

# બેસ્ટની બસ અને છોડના મોટા કૂંડા વચ્ચે રાહદારી ફસાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાંડુપમાં બનેલી વિચિત્ર ઘટનામાં રિવર્સમાં આવેલી બેસ્ટની બસ અને રસ્તાને કિનારે મુકાયેલા છોડના મોટા કૂંડા વચ્ચે રાહદારી ફસાઈ ગયો હતો. ટર્ન લેવા અપૂરતી જગ્યાને કારણે ડ્રાઈવરે બેદરકારીથી બસ રિવર્સ લેતાં આ ઘટના બની હતી. ફસાયેલા રાહદારીને કાઢવાના પ્રયાસમાં ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે બસે ત્રણ વાહનને અડફેટે લીધાં હતાં. ગંભીર રીતે ઘવાયેલા રાહદારીને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

ડીસીપી ઝોન ઈસ્ટ-૩ના ડેપ્યુટી પોલીસ કમિશનર અભયસિંહ દેશમુખે જણાવ્યું હતું કે ભાંડુપ પશ્ચિમમાં કોંકણ નગર ખાતેની ક્રિટી કૅર હૉસ્પિટલ પાસે બુધવારની સવારે ૮.૩૦ વાગ્યે બનેલી ઘટનામાં (જુઓ પાનું ૪)

# વિપક્ષની બુમરાણ બાદ આજે મહારાષ્ટ્ર વિધાનસભામાં વરસાદની સ્થિતિ પર ચર્ચા

મુંબઈઃ મહારાષ્ટ્રની વરસાદની સ્થિતિ પર ગુરુવારે રાજ્ય વિધાનસભામાં ટૂંકી ચર્ચા થશે. વિપક્ષે આ મુદ્દાને ઉઠાવવામાં વિલંબનો વિરોધ કર્યા બાદ સ્પીકર રાહુલ નાર્વેકરે કહ્યું કે આ મુદ્દો ગૃહ સમક્ષ સૌથી વધુ ચિંતાનો વિષય છે. બુધવારે વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવી વિપક્ષના સભ્યોએ પૂછ્યું કે ગૃહમાં ઘણી અન્ય ચર્ચાઓ થવા છતાં વરસાદની પરિસ્થિતિ પર ટૂંકા ગાળાની ચર્ચા માટે નોટિસ કેમ સ્વીકારવામાં આવી નથી.

તેમણે અધ્યક્ષ પાસેથી સ્પષ્ટતા માગી કહ્યું કે જો ચાલુ સત્ર દરમિયાન ચર્ચા નહીં કરવામાં આવે તો આ મુદ્દો ઉઠાવવાનો હેતુ નિષ્ફળ જશે. માંગણીનો જવાબ આપતા સ્પીકર નાર્વેકરે કહ્યું કે ગૃહ ગુરુવારે ટૂંકા ગાળાની ચર્ચા હાથ ધરશે. ચર્ચા માટે દરખાસ્તો સભ્યો દ્વારા મંગળવારે રજૂ કરવામાં આવી હતી, પરંતુ બુધવાર માટે 'દિવસનો ક્રમ' નક્કી થઈ ગયા પછી પ્રાપ્ત થઈ હતી. રાજ્યભરમાં ગંભીર પરિસ્થિતિનો ઉલ્લેખ કરી વિપક્ષે આ મુદ્દા પર તાત્કાલિક ધ્યાન આપવાની માંગ કરી (જુઓ પાનું ૪)

# બે જળાશય છલકાયાં

## ૪૨ ટકા જ પાણી!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અનરાધાર વરસાદને કારણે મુંબઈને પીવાનું પાણી પૂરું પાડતાં બે જળાશય વિહાર અને તુલસી છલકાયાં હોવા છતાં અત્યારે પાણીના કુલ જથ્થા કરતાં માત્ર ૪૨ ટકા જ પાણી જળાશયોમાં ભરાયું હોવાનું મુંબઈ મહાનગરપાલિકાનું કહેવું છે. વરસાદે છેલ્લા ચારથી (જુઓ પાનું ૪)

# ખડકવાસલા ડેમમાંથી પાણી છોડવાનું શરૂ

પુણેઃ પુણે અને તેની આસપાસના કેચમેન્ટ વિસ્તારોમાં છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલા અવિરત વરસાદને કારણે ખડકવાસલા ડેમમાંથી મુઠા નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. આના લીધે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી (જુઓ પાનું ૪)

# ગોદાવરીની જળસપાટીમાં વધારો

નાશિકઃ મહારાષ્ટ્રના નાશિક જિલ્લામાં સતત વરસાદને કારણે ગોદાવરી નદીની જળસપાટીમાં ભારે વધારો થયો છે, જેના લીધે કેટલાક સ્થળોએ ભૂસ્ખલન અને રસ્તાઓ બંધ થવાની ઘટનાઓ સામે આવી છે.

પાલખેડ અને નાંદુર (જુઓ પાનું ૪)

# મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે 'મિસિંગ લિંક' પ્રોજેક્ટનો ફડણવીસે બચાવ કર્યો

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે મુંબઈ-પુણે એક્સપ્રેસવે 'મિસિંગ લિંક' પ્રોજેક્ટનો તીવ્રતાથી બચાવ કર્યો હતો. તાજેતરમાં મિસિંગ લિંક નજીક ભૂસ્ખલન થયું એ અનુસંધાનમાં તેમણે ઉમેર્યું હતું કે મોટા માળખાકીય કાર્યોમાં પ્રારંભિક પડકારો અનિવાર્ય હોય છે.રાજ્ય વિધાનસભામાં ધોધમાર વરસાદ અને પૂર વ્યવસ્થાપન પર ચર્ચાનો જવાબ આપતા ફડણવીસે પ્રોજેક્ટના ટીકાકારો દ્વારા ભાડે રાખેલા ટ્રોલ દ્વારા ટીવી અને સોશ્યલ મીડિયા પર જૂઠાણા ફેલાવવાનો આરોપ કરી ચેતવણી આપી કે ખોટી માહિતીથી મહારાષ્ટ્રને બદનામ કરનારાઓ સાથે કડક હાથે કામ લેવામાં આવશે.. આ પ્રોજેક્ટમાં ભારતનો સૌથી પહોળો કેબલ-સ્ટેડ બ્રિજ અને ૧૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવનનો સામનો (જુઓ પાનું ૪)

# વિપક્ષી ધારાસભ્યના પાણીની અછતના દાવા આંશિક રીતે સાચાઃ મહારાષ્ટ્ર સરકારની કબૂલાત

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે બુધવારે વિધાનસભામાં સ્વીકાર્યું કે વ્યાપક પાણીની અછત અંગે કૉંગ્રેસના ધારાસભ્યના દાવા આંશિક રીતે સાચા છે, અને આ વર્ષે ૨૨ જૂન સુધીમાં ૧,૨૦૦ થી વધુ ગામડાઓને ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવામાં આવી રહ્યું હતું.અ

કૉંગ્રેસના ધારાસભ્ય અમિત દેશમુખે કહ્યું હતું કે પાણીની અછત સત્તાવાર આંકડાઓ કરતાં વધુ વ્યાપક છે. તેના જવાબમાં પીવાના પાણી અને સ્વચ્છતા પ્રધાન ગુલાબરાવ (જુઓ પાનું ૪)

# થાણેના 'બિન-કાર્યક્ષમ' અધિકારીઓ સસ્પેન્ડ

થાણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ બુધવારે બેજવાબદાર અને બિનકાર્યક્ષમ અધિકારીઓને એક અઠવાડિયા માટે સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે. થાણેના કોર્પોરેટરોએ કટોકટી દરમિયાન કેટલાક નાગરિક વિભાગો, ખાસ કરીને વૃક્ષ સત્તામંડળના 'અપ્રતિભાવી વલણ'નો આરોપ લગાવ્યા બાદ આ આદેશ આપવામાં આવ્યો છે.

ચોમાસાની તૈયારીઓની સમીક્ષા કરવા માટે અહીં પ્રાદેશિક ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ કંટ્રોલ રૂમની મુલાકાત દરમિયાન, થાણેના પાલક પ્રધાન શિંદેએ ચોમાસા દરમિયાન 'ઝીરો ડેથ ટોલરન્સ' નીતિની જાહેરાત કરી, સાથે સાથે બિનકાર્યક્ષમ અધિકારીઓને તાત્કાલિક એક અઠવાડિયા માટે સસ્પેન્શન અને બદલી કરવાનો અને તેમની જગ્યાએ અન્ય વિભાગોના સક્ષમ કર્મચારીઓને મુકવાનો આદેશ આપ્યો હતો.

તેમણે વૃક્ષ સત્તામંડળ અને આપત્તિ વ્યવસ્થાપન (જુઓ પાનું ૪)

# કચરાના ઢગલાને કારણે બિલ્ડિંગ ધરાશાયી

## ૧૬ લોકો ફસાયા હોવાની આશંકા

પુણેઃ બુધવારે પુણે જિલ્લાના પિંપરી ચિંચવડમાં ભારે વરસાદ બાદ એક ત્રણ માળની ઇમારત પર કચરાનો મોટો ઢગલો ધસી પડતાં બિલ્ડિંગ ધરાશાયી થઇ હતી, જેમાં ૧૬ લોકો ફસાયા હોવાની આશંકા છે, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

આ ઘટના મોશી ખાતે બની હતી, જ્યાં આ ઇમારતનો ઉપયોગ સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશન વતી કચરાનું પ્રોસેસિંગ કરતી એક ખાનગી કંપનીની વહીવટી ઓફિસ તરીકે કરવામાં આવતો હતો.

પિંપરી ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વિજય સૂર્યવંશીએ જણાવ્યું હતું કે, આ વહીવટી ઇમારત કચરાના પહાડ જેવા મોટા ઢગલાની (જુઓ પાનું ૪)

# વરસાદમાં કેળવેની અવસ્થાનું વરવું દૃશ્ય

## દરવાજાને સ્ટ્રેચર બનાવીને છાતીસમાણા પાણીમાં સગર્ભાને હૉસ્પિટલ લઈ જવાઈ

પાલઘરઃ છેલ્લા ચાર-પાંચ દિવસથી મુશળધાર વરસાદને કારણે પાલઘર જિલ્લાની કપરી પરિસ્થિતિનો ચિતાર આપતું દૃશ્ય મંગળવારે જોવા મળ્યું હતું. સગર્ભાને અચાનક પીડા ઊપડતાં ઘરના દરવાજાને ઉખેડી તેનો ઉપયોગ સ્ટ્રેચર તરીકે કરાયો હતો અને છાતીસમાણાં પાણીમાંથી પસાર થઈને સ્થાનિકો મહિલાને હૉસ્પિટલે લઈ ગયા હતા.

મહિલાએ બાદમાં સફાળે ગ્રામીણ હૉસ્પિટલમાં બાળકને જન્મ આપ્યો હતો. માતા અને બાળક બન્ને સ્વસ્થ હોવાનું હૉસ્પિટલના અધિકારીએ બુધવારે જણાવ્યું હતું.

ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોમાં સ્થાનિકો છાતી જેટલાં ભરાયેલાં પાણીમાંથી સ્ટ્રેચર પર મહિલાને લઈ જતાં હોવાનું દેખાય છે.

કેળવે રોડના માયખોપ ગામમાં રહેતી પ્રિયંકા રવિ યાદવને મંગળવારે એકાએક પ્રસૂતિની (જુઓ પાનું ૪)

# મહારાષ્ટ્ર દરેક ગામમાં સ્મશાનની સુવિધા સુનિશ્ચિત કરવા માટે નીતિ ઘડશેઃ પ્રધાન

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર રાજ્યના દરેક ગામમાં સ્મશાનની સુવિધા ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરવા માટે એક વ્યાપક નીતિ ઘડશે, એમ રાજ્યના ગ્રામીણ વિકાસ પ્રધાન જયકુમાર ગોરેએ બુધવારે જણાવ્યું હતું.

રાજ્ય વિધાનસભામાં વિપક્ષી શિવસેનાના ધારાસભ્ય સંજય ડેરકર દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા ગોરેએ જણાવ્યું હતું કે, સરકારે 'દરેક ગામમાં સ્મશાન'ની નીતિ અપનાવી છે અને સુનિશ્ચિત કરશે કે જે ગામોમાં સ્મશાનની સુવિધા નથી, તેમને જમીન અને ભંડોળની ફાળવણીમાં અગ્રતા આપવામાં આવે.

પ્રધાને માહિતી આપી કે મહારાષ્ટ્રના ૪૦,૭૬૦ ગામોમાંથી ૩૨,૭૯૧ ગામોમાં સ્મશાન છે. તેમણે જણાવ્યું હતું કે સરકારે નિર્દેશ આપ્યો છે કે જે ગામોમાં સુવિધા નથી ત્યાં અન્ય વિકાસ કાર્યોને મંજૂરી આપતા પહેલા સ્મશાનગૃહની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવે. જે ગામોમાં સ્મશાન માટે જમીન ઉપલબ્ધ નથી, ત્યાં એક અલગ અને વ્યાપક નીતિ તૈયાર કરવામાં આવી રહી છે. સરકાર જમીન ફાળવવી, નજીકનાં ગામો માટે સામૂહિક સ્મશાન બનાવવા અને જરૂરિયાત મુજબ જમીનનું સંપાદન કે ખરીદી કરવી જેવા વિકલ્પો પર વિચાર કરી રહી છે.

તેમણે ઉમેર્યું કે, જિલ્લા કલેક્ટરોને એવાં ગામોને શોધી અહેવાલો રજૂ કરવા કહેવામાં આવશે જ્યાં સ્મશાનની સુવિધા નથી.

આ પ્રોજેક્ટ્સ માટે નાણાકીય સહાય જિલ્લા આયોજન સમિતિઓ, જિલ્લા પરિષદ સેસ ફંડ અને અન્ય ઉપલબ્ધ ભંડોળ દ્વારા પૂરી પાડવામાં આવશે. આ ચર્ચામાં ધારાસભ્યો અતુલ ભોસલે (ભાજપ), વિજય વડેટ્ટીવાર (કૉંગ્રેસ), અમિત દેશમુખ (કૉંગ્રેસ) અને અન્ય ધારાસભ્યોએ પણ ભાગ લીધો હતો.




# મેસીના મૅજિશ્યનોની દમદાર કમબૅક સાથે જીત

## ઈજિપ્તને ૩-૨થી હરાવીને ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશઃ સ્વિટ્ઝરલૅન્ડ ૭૨ વર્ષે લાસ્ટ-એઇટમાં

ઍટલાન્ટા/વૅનકુવરઃ ફિફા વર્લ્ડ કપમાં મંગળવારે રાત્રે ઈજિપ્ત સામેની પ્રી ક્વૉર્ટર ફાઈનલ મૅચમાં આર્જેન્ટિનાએ જબરદસ્ત કમબૅક કરીને વિજય મેળવ્યો હતો અને ક્વૉર્ટર ફાઈનલમાં એન્ટ્રી કરી લીધી હતી જેમાં રવિવારે સવારે એનો મુકાબલો સ્વિટ્ઝરલૅન્ડ સામે થશે.

### ૭૯મી મિનિટમાં મૅચમાં જોરદાર પરિવર્તન

લિયોનેલ મેસીના સુકાનના ડિફેન્ડીંગ ચૅમ્પિયન આર્જેન્ટિનાએ રોમાંચક જંગમાં ૩-૨થી જીત મેળવી હતી. મૅચ શરૂ થયા બાદ ૧૫મી મિનિટમાં યાસર ઇબ્રાહીમે ઈજિપ્તને પ્રથમ ગોલ અપાવીને સનસનાટી મચાવી દીધી હતી. બીજા હાફમાં ૬૭મી મિનિટમાં મોસ્તફા ઝિકોએ પણ ગોલ કરીને ઈજિપ્તની સરસાઈ ૨-૦ કરી હતી.

આ બે ગોલ સાથે આર્જેન્ટીના-તરફી હજારો પ્રેક્ષકોમાં સન્નાટો છ્વાઈ ગયો હતો. જોકે લિયોનેલ મેસી અને તેના સાથીઓ હિંમત નહોતા હાર્યા અને બાજી બદલાવી નાખવા વ્યૂહરચના સાથે આક્રમક બન્યા હતા.

૭૯મી મિનિટ સુધી બાજી ઈજિપ્તના જ હાથમાં હતી, પરંતુ એ મિનિટ દરમ્યાન ક્રિસ્ટિયન રોમેરોએ ગોલ કરીને ૧-૨ના સ્કોર સાથે આર્જેન્ટિના-તરફી પ્રેક્ષકોને આનંદિત કરી દીધા હતા. બસ, આર્જેન્ટિનાના કમબૅકની ત્યારે શરૂઆત થઈ ચૂકી હતી.





**મેસીની આંખોમાં હર્ષનાં આંસુઃ** લિયોનલ મેસી મંગળવારે આર્જેન્ટિનાના વિજય બાદ ખૂબ ભાવુક થઈ ગયો હતો અને તેની આંખોમાં હર્ષનાં આંસુ આવી ગયા હતા. તેણે સાથી ખેલાડીઓ સાથે મળીને મેદાન પર ઘણી વાર સુધી પરેડ રાખી હતી અને ૯૦,૦૦૦-પ્લસ પ્રેક્ષકોનું અભિવાદન મેળવ્યું હતું.

### ચાર મિનિટમાં બાજી પલટાઈ

અગાઉ મૅચ દરમ્યાન એક પેનલ્ટી કિકમાં ગોલ ન કરી શકનાર મેસીએ ૮૩મી મિનિટમાં જાદુઈ કરામતથી ગોલ કરીને સ્કોર ૨-૨ની બરાબરીમાં લાવી દીધો હતો. આર્જેન્ટિનાએ ચાર મિનિટમાં બે ગોલ કરીને આખી બાજી પલટાવી નાખી હતી. મેસી તમામ છ વર્લ્ડ કપમાં આ વખતની ટૂર્નામેન્ટમાં સર્વશ્રેષ્ઠ રમ્યો છે અને એ ઈજિપ્તના ખેલાડીઓએ તેની સાથે રમીને નજરે જોઈ લીધું. મેસીએ એક ગોલ આસિસ્ટ પણ કરાવ્યો હતો. તે પેનલ્ટી કિકની નિષ્ફળતાથી નિરાશ થયા વગર આસિસ્ટથી અને ગોલની મદદથી આર્જેન્ટિનાને જિતાડતો આવ્યો છે. મૅચ એક્સ્ટ્રા ટાઈમમાં જવાની તૈયારીમાં હતી એ પહેલાં ૯૩મી મિનિટમાં મેસીની મદદથી એન્ઝો ફર્નાન્ડેઝે ગોલ કરીને આર્જેન્ટિનાને ૩-૨થી વિજય અપાવ્યો હતો.

### ક્વૉર્ટર ફાઇનલમાં કોણ કોની સામે?

વિક્રમજનક ૪૮ દેશવાળા ફિફા વર્લ્ડ કપમાંથી ૪૦ દેશની ટીમ બહાર થઈ ગઈ છે અને આઠ ટીમ બાકી રહી છે જેમની વચ્ચે હવે ક્વૉર્ટર ફાઈનલ મુકાબલો થશે

**ફ્રાન્સ વિ. મોરોક્કો**
(ગુરુવારે મધરાત બાદ ૧.૩૦)
**સ્પેન વિ. બેલ્જિયમ**
(શુક્રવારે મધરાત બાદ ૧૨.૩૦)
**ઇંગ્લૅન્ડ વિ. નોર્વે**
(શનિવારે મધરાત બાદ ૨.૩૦)
**આર્જેન્ટિના વિ. સ્વિટ્ઝરલૅન્ડ**
(રવિવારે સવારે ૬.૩૦)

### સ્વિટ્ઝરલૅન્ડ પેનલ્ટીમાં જીત્યું

મંગળવાર મધરાત પછીની મૅચમાં સ્વિટ્ઝરલૅન્ડે કોલમ્બિયાને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવીને ૭૨ વર્ષ પછી પહેલી વખત ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ૯૦ મિનિટની મુખ્ય મૅચ અને ૩૦ મિનિટનો એક્સ્ટ્રા ટાઈમ મળીને સમગ્ર મૅચમાં બંને ટીમનો સ્કોર ૦-૦ની બરાબરીમાં હતો. પાંચ-પાંચ કિકના પેનલ્ટી શૂટઆઉટમાં સ્વિટ્ઝરલૅન્ડે ખાસ કરીને ઝાકા અને વર્ગેસના ગોલથી ૪-૩થી વિજય મેળવી લીધો હતો. ■

# ચાર સ્ટાર પર સૌની નજર



ફિફા વર્લ્ડ કપમાં હવે ખાસ કરીને આ ચાર સ્ટાર ખેલાડીઓના પર્ફોર્મન્સ પર સૌની નજી રહેશે. આર્જેન્ટિનાને સેમિ ફાઇનલમાં પહોંચવા લિયોનેલ મેસી પર, ફ્રાન્સને કીલિયાન ઍમ્બપ્પે પર, નોર્વેને હાલૅન્ડ પર અને ઇંગ્લૅન્ડને હૅરી કેન પર સૌથી વધુ ભરોસો છે. પોર્ટુગલનો રોનાલ્ડો અને બ્રાઝિલનો નેમાર આ ટૂર્નામેન્ટની બહાર થઈ ગયા છે.

### વિમ્બલ્ડનની સૌથી લાંબી ક્વૉર્ટર ફાઇનલ

# ૩૯ વર્ષનો જૉકોવિચ પચીસ વર્ષના ફેલિક્સ સામે સવાપાંચ કલાકે જીત્યો!

લંડનઃ સર્બિયાના ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન ટેનિસ પ્લેયર અને ત્રણ વર્ષથી વિક્રમજનક પચીસમું ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતવા સંઘર્ષ કરી રહેલા ૩૯ વર્ષના નોવાક જૉકોવિચે મંગળવારે અહીં વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપની ક્વૉર્ટર ફાઇનલ જીતીને વિક્રમજનક ૧૫મી વખત સેમિ ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. પચીસમું ટાઇટલ હવે તેનાથી માત્ર બે ડગલાં દૂર છે. જૉકોવિચનો મુકાબલો સેમિમાં વર્લ્ડ નંબર-વન યાનિક સિનર સામે થશે. છેલ્લા એક વર્ષમાં જૉકોવિચ-સિનર એકમેકને એક વખત મોટી ટૂર્નામેન્ટમાં હરાવી ચૂક્યા છે.

### સવાપાંચ કલાકમાં પાંચ સેટ

જૉકોવિચ અને કૅનેડાના ફેલિક્સ ઑઝાય આલીયાસીમ વચ્ચેની પાંચ સેટની ક્વૉર્ટર ફાઇનલ પાંચ કલાક અને ૧૫ મિનિટ સુધી ચાલી હતી જેમાં છેવટે જૉકોવિચે ૧૨-૧૦, ૩-૬, ૬-૩, ૪-૭, ૧૦-૪થી વિજય મેળવ્યો હતો. વિમ્બલ્ડનના ઇતિહાસમાં આ સૌથી લાંબી ક્વૉર્ટર ફાઇનલ હતી. સેન્ટર કોર્ટ પરના આ મુકાબલામાં જૉકેવિચે ફેલિક્સને આગળ-પાછળ ખૂબ દોડાવ્યો હતો.

### મહિલાઓની સેમિ લાઇન-અપ નક્કી થઈ

મહિલા વર્ગમાં માર્ટા કૉસ્ત્યૂકે ક્વૉર્ટરમાં જાસ્મિન પાઓલિનીને ૬-૩, ૬-૨થી હરાવી હતી. બીજી ક્વૉર્ટરમાં લિન્ડા નૉસ્કોવાએ એલિસ મર્ટેન્સને ૬-૩, ૭-૫થી હરાવીને સેમિમાં પ્રવેશ કર્યો હતો. અમેરિકાની કૉકો ગૉફ મંગળવારે જેસિકા પેગુલાને ૪-૬, ૬-૩, ૬-૩થી હરાવીને તથા કૅરોલિના મુહોવા જાપાનની નાઓમી ઓસાકાને ૭-૪, ૬-૪થી હરાવીને સેમિમાં પહોંચી ગઈ હતી. ગુરુવારે સેમિમાં કૉકો-મુહોવા વચ્ચે અને કૉસ્ત્યૂક-નૉસ્કોવા વચ્ચે ટક્કર થશે. ■

# આવતી કાલથી લૉર્ડ્સમાં પહેલી વાર મહિલા ટેસ્ટઃ ઇંગ્લૅન્ડ સાથે ભારત પણ રચશે નવો ઈતિહાસ

## ક્રિકેટના આ મક્કામાં પુરુષોની પ્રથમ ટેસ્ટ ૧૮૮૪માં રમાઈ

લંડનઃ લૉર્ડ્સનું ક્રિકેટ સ્ટેડિયમ ક્રિકેટની રમતનું મક્કા ગણાય છે અને અહીં શુક્રવાર, ૧૦મી જુલાઈએ (બપોરે ૩.૩૦ વાગ્યાથી લાઇવ) ભારત તથા ઇંગ્લૅન્ડની મહિલા ટીમ વચ્ચે ચાર દિવસીય ટેસ્ટ-મૅચ શરૂ થશે અને એ સાથે મહિલા ક્રિકેટના ઇતિહાસમાં નવું પ્રકરણ શરૂ થશે જેમાં ભારતનું નામ અચૂક લખાશે.

હરમનપ્રીત કૌર ભારતીય ટીમની કૅપ્ટન છે, જ્યારે વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં ચૅમ્પિયન ટીમ મુંબઈ ઇન્ડિયન્સ વતી હરમનના સુકાનમાં રમી ચૂકેલી ઑલરાઉન્ડર નૅટ-સિવર-બ્રન્ટ ઇંગ્લૅન્ડની સુકાની છે. હજી ત્રણ દિવસ પહેલાં (રવિવારે) લૉર્ડ્સમાં ઇંગ્લૅન્ડની ટીમ મહિલા ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા સામે હારી ગઈ હોવાથી તેમનો જોશ થોડો ઓછો હશે, પણ ભારત સામે ચાર દિવસની ટેસ્ટ રમાશે એટલે એ અલગ ફૉર્મેટમાં બ્રિટિશ ટીમ નવા અવતાર સાથે રમવા ઉતરશે.

### ૧૯૯૯ સુધી મહિલાઓને એન્ટ્રી નહોતી!

માર્ચ, ૧૯૯૯ સુધી લૉર્ડ્સમાં ક્રિકેટના ઘડવૈયા મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી)માં તેમ જ પૅવિલિયનમાં મહિલા પ્રેક્ષકોને આવવાની મનાઈ હતી, પરંતુ ૨૭ વર્ષ બાદ હવે નૅટ સિવર-બ્રન્ટના નેતૃત્વમાં ઇંગ્લૅન્ડની મહિલા ટીમ શાનથી એ જ ઐતિહાસિક સ્થાનમાંથી (લૉન્ગ રૂમમાંથી પસાર થઈને) મેદાન પર આવશે અને ભારત સામેનો ટેસ્ટ જંગ શરૂ કરશે.

### મહિલાઓ માટે કેમ આટલો સમય લાગ્યો?

લૉર્ડ્સમાં પહેલી વખત પુરુષોની ટેસ્ટ જુલાઈ, ૧૮૮૪માં (૧૪૨ વર્ષ પહેલાં) ઇંગ્લૅન્ડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ હતી જેમાં લૉર્ડ હૅરિસના સુકાનમાં ઇંગ્લૅન્ડે બિલી મુર્ડોકની ઑસ્ટ્રેલિયન ટીમ સામે એક દાવ અને પાંચ રનથી વિજય મેળવ્યો હતો.



હરમનપ્રીત કૌર ભારતની અને નૅટ સિવર-બ્રન્ટ ઇંગ્લૅન્ડની કૅપ્ટન છે.

### લૉર્ડ્સ ગ્રાઉન્ડના ચમકારા...

(૧) લૉર્ડ્સમાં પ્રથમ મહિલા ક્રિકેટ મૅચ ૫૦ વર્ષ પહેલાં રમાઈ હતી.

(૨) ઇંગ્લૅન્ડમાં મહિલાઓની ટેસ્ટ મૅચો ૧૯૩૭થી રમાય છે. કુલ પંચાવન ટેસ્ટ ઇંગ્લૅન્ડમાં કુલ ૧૯ સ્થળે રમાઈ છે, પણ ક્યારેય લૉર્ડસમાં વિમેન્સ ટેસ્ટ નથી રમાઈ.

(૩) છેક ૨૦૨૩માં ઇન્ડિપેન્ડન્ટ કમિશન ફૉર ઇક્વાલિટી ઇન ક્રિકેટ નામની સંસ્થાએ લૉર્ડસમાં ક્યારેય ટેસ્ટ મૅચ ન રાખવા બદલ નર્યો ભેદભાવ થઈ રહ્યો હોવાનો અહેવાલ આપ્યો હતો અને ત્રણ વર્ષે (૨૦૨૬માં) એ અહેવાલનો પડઘો પડ્યો અને એમસીસીએ (છેક ૧૪૨ વર્ષે) લૉર્ડસમાં પહેલી વખત મહિલાઓની ટેસ્ટ રાખવાનો નિર્ણય લેવો પડ્યો. બ્રિટિશ મહિલા ટીમની હેડ-કોચ શાર્લોટ એડવર્ડ્સ કહે છે, 'અમારી ટીમ માટે તેમ જ ભારત માટે આ ઐતિહાસિક ટેસ્ટ મૅચ છે.'

(૪) ભારતીય મહિલા ટીમને ઇંગ્લૅન્ડે ટેસ્ટમાં હરાવ્યું હોય એવું ૧૯૯૫માં (૩૧ વર્ષ પૂર્વે) બન્યું હતું. એ ટેસ્ટ જમશેદપુરમાં રમાઈ હતી. એટલે ભારત ૧૯૯૫ પછી ઇંગ્લૅન્ડ સામે ટેસ્ટ નથી હાર્યું.

(૫) બન્ને દેશ વચ્ચે ૧૫ ટેસ્ટ રમાઈ છે જેમાંથી ત્રણ ભારતે અને એક ઇંગ્લૅન્ડે જીતી છે. ૧૧ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી છે.

(૬) મહિલા ટેસ્ટ પાંચ નહીં, પણ ચાર દિવસની હોય છે. દરેક દિવસે ઓછામાં ઓછી ૧૦૦ ઓવર બોલિંગ થવી જોઈએ. ફૉલો-ઑનના માપદંડ માટેના રન ૨૦૦ નહીં, પણ ૧૫૦ હોય છે.

(૭) મહિલાઓમાં પાંચ દિવસની ફક્ત બે ટેસ્ટ રમાઈ છે અને એમાં પાંચમા દિવસે રમવું મહિલા ખેલાડીઓને ખૂબ ગમ્યું હતું.

(૮) ભારતીય મહિલાઓની ટેસ્ટ છેલ્લે આ વર્ષના માર્ચમાં ઑસ્ટ્રેલિયા સામે રમાઈ હતી. એ પિન્ક બૉલ ટેસ્ટમાં ભારત ૧૦ વિકેટે હારી ગયું હતું. ૨૦૨૫માં ભારતની એકેય ટેસ્ટ નહોતી રમાઈ અને ૨૦૨૪માં ફક્ત એક ટેસ્ટ રમાઈ હતી. ઇંગ્લૅન્ડની મહિલા ટેસ્ટ છેલ્લે જાન્યુઆરી, ૨૦૨૫માં રમાઈ હતી.

(૯) ઇંગ્લૅન્ડમાં (મિતાલી રાજના સુકાનમાં) ભારતીય મહિલા ટીમ છેલ્લે ૨૦૧૪માં (વૉર્મ્સ્લીમાં) રમાઈ હતી જેમાં સ્મૃતિ મંધાના સારું રમી હતી.

(૧૦) બૅટર હર્લીન દેઓલ, સ્પિનર શ્રી ચરની તથા ફાસ્ટ બોલર નંદની શર્મા ભારતની ટેસ્ટ ટીમમાં છે અને તેઓ ટેસ્ટમાં ડેબ્યૂ કરશે. ઓપનર પ્રતીકા રાવલ ઈજાને લીધે નથી રમવાની. તેના સ્થાને પ્રિયા પુનિયાને ટીમમાં સમાવાઈ છે.

### બન્ને દેશની સ્ક્વૉડ

**ભારતઃ** હરમનપ્રીત કૌર (કૅપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કૅપ્ટન), શેફાલી વર્મા, રિચા ઘોષ (વિકેટકીપર), જેમિમા રૉડ્રિગ્સ, યસ્તિકા ભાટિયા (વિકેટકીપર), દીપ્તિ શર્મા, હર્લીન દેઓલ, ક્રાંતિ ગૌડ, પ્રિયા પુનિયા, સ્નેહ રાણા, રેણુકા સિંહ, સાયલી સતઘરે, નંદની શર્મા અને શ્રી ચરની.

**ઇંગ્લૅન્ડઃ** નૅટ સિવર-બ્રન્ટ (કૅપ્ટન), એમી જોન્સ (વિકેટકીપર), ટૅમી બ્યૂમૉન્ટ, લૉરેન બેલ, હીધર નાઇટ, માઇયા બાઉચિયર, ઍલિસ કૅપ્સી, ટિલી કૉર્ટીન-કોલમેન, સૉફી એક્લ્સ્ટન, લૉરેન ફ્લાયર, એમ્મા લૅમ્બ, ગ્રેસ પૉટ્સ, એલનૉર થ્રેકેલ્ડ, મૅડી વિલિયર્સ અને ઇસ્સી વૉન્ગ. ■

### ફક્ત ૭૬ રન બનાવ્યા અને ૧૨૫ રનથી હાર્યા

# ભારતના ટી-૨૦ ઈતિહાસમાં સૌથી ખરાબ પરાજય

ટ્રેન્ટ બ્રિજ (નૉટિંગમ)ઃ ૨૦૦૭નો સૌથી પહેલો ટી-૨૦ વર્લ્ડ કપ ભારત જીત્યું હતું અને ૨૦૨૪ તથા ૨૦૨૬ના બે લેટેસ્ટ ટી-૨૦ વિશ્વ કપમાં પણ ભારતે ચૅમ્પિયનપદ મેળવ્યું હતું, પરંતુ મંગળવારે અહીં ઇંગ્લૅન્ડ સામે જે બન્યું એ જોતાં ભારતના ટી-૨૦ ઈતિહાસનો સૌથી ખરાબ અને શર્મનાક દિવસ બન્યો.

વર્લ્ડ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર-વન ભારતે શ્રેયસ ઐયરની કૅપ્ટન્સીમાં અને ગૌતમ ગંભીરના કોચિંગમાં રનની ગણતરીએ સૌથી ખરાબ પરાજય જોયો.

ભારતે વર્લ્ડ નંબર-ટૂ ઇંગ્લૅન્ડને પહેલાં બૅટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું જેમાં એણે ખાસ કરીને ઓપનર ફિલ સોલ્ટ (૭૦ રન, ૪૪ બૉલ, ત્રણ છગ્ગા, સાત ચોગ્ગા)ની મદદથી સાત વિકેટે ૨૦૧ કર્યા હતા. જવાબમાં ભારતીયો ૧૧.૪ ઓવરમાં બનાવેલા ફક્ત ૭૬ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગયા હતા. એ સાથે, ભારતે ૧૨૫ રનના તોતિંગ તફાવતથી હાર જોવી પડી. આ પહેલાં ભારત ક્યારેય ૧૦૦ રનના માર્જિનથી પણ નહોતું હાર્યું. વધુમાં વધુ ભારતનો ૮૦ રનથી પરાજય થયો હતો અને એ મૅચ છેક ૨૦૧૯માં (સાત વર્ષ પહેલાં) વેલિંગ્ટનમાં ન્યૂ ઝીલૅન્ડ સામે રમાઈ હતી. એ જોતાં, ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં ભારતીય ટીમનું હવે જોરદાર પતન થયું કહેવાય.

### બંને મૅચ જીતવી જરૂરી

હવે ચોથી ટી-૨૦ ગુરુવારે (રાત્રે ૧૦ વાગ્યાથી) અને છેલ્લી ટી-૨૦ શનિવારે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) રમાશે. ૨-૦ની સરસાઈ બદલ ઇંગ્લૅન્ડ હવે આ સિરીઝ હારશે નહીં. જોકે ભારતે શ્રેણી ૨-૨થી ડ્રૉ કરાવવા માટે છેલ્લી બંને મૅચ જીતવી જ પડશે.

### નવાસવા વૈભવના ૧૩ રન હાઈએસ્ટ

બહુ ગાજેલો ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી મંગળવારે છગ્ગા પર છગ્ગા મારવાની ઉતાવળમાં માત્ર ૧૩ રને વિકેટ ગુમાવી બેઠો હતો જેમાં તેની બે સિક્સર સામેલ હતી.

### વૈભવની વિકેટ રાજસ્થાનના જ સાથી જોફ્રાએ લીધી

ટીનેજ-સ્ટાર વૈભવ સૂર્યવંશી તાજેતરમાં જ આઈપીએલમાં રાજસ્થાન રોયલ્સ વતી ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર સાથે રમી ચૂક્યો છે. મંગળવારે જોફ્રાના જ બૉલમાં વૈભવે (પોતાના પાંચમા જ બોલ પર) હૂક શૉટ મારવાની લાલચમાં વિકેટકીપર જૉસ બટલરને આસાન કૅચ આપી દીધો હતો. ઈશાન કિશને પણ ફક્ત ૧૩ રન કર્યા હતા. બંનેના આ ૧૩-૧૩ રન ટીમમાં હાઈએસ્ટ હતા જે વર્લ્ડ ચૅમ્પિયન ટીમ ઇન્ડિયા માટે શરમજનક કહેવાય. ઇંગ્લૅન્ડના કૅપ્ટન હૅરી બ્રુકે છમાંથી બે બોલર સૅમ કરૅન અને લિઆમ ડૉસનને બોલિંગ આપવાની જરૂર પણ નહોતી પડી. ઇંગ્લૅન્ડ વતી પેસ બોલર જૉશ ટન્ગે સૌથી વધુ ચાર વિકેટ, જોફ્રા આર્ચરે ત્રણ વિકેટ, સ્પિનર રાશીદે બે વિકેટ અને બીજા સ્પિનર વિલ જેક્સે એક વિકેટ લીધી હતી.

### નિષ્ફળ બૅટ્સમેનોની લાંબી કતાર

વૈભવ અને ઈશાન ઉપરાંત બીજા બૅટ્સમેનો પણ સદંતર ફ્લોપ રહ્યા હતા અભિષેક શર્મા (૧૦ રન), કેપ્ટન શ્રેયસ ઐયર (પાંચ રન), વાઇસ કેપ્ટન તિલક વર્મા (ત્રણ રન), અક્ષર પટેલ (૧૦ રન) અને શિવમ દુબે (બે રન).

### પ્રિન્સ અને હર્ષિતની બે-બે વિકેટ

બૅટિંગ મળ્યા પછી ઇંગ્લૅન્ડે સાત વિકેટે જે ૨૦૧ રન કર્યા હતા એમાં સૅમ કરૅનનું અણનમ ૪૧ રનનું પણ યોગદાન હતું. ભારત વતી પેસ બોલર પ્રિન્સ યાદવે બે વિકેટ, હર્ષિત રાણાએ પણ બે વિકેટ અને સ્પિનર અક્ષર પટેલે એક વિકેટ લીધી હતી. અર્શદીપ, શિવમ અને વરુણ ચક્રવર્તીને એકેય વિકેટ નહોતી મળી.

### જોફ્રા આર્ચર મૅન ઑફ ધ મૅચ

વૈભવ, શ્રેયસ અને અક્ષરની વિકેટ લઈને ભારતનો ટૉપ-ઑર્ડર તોડાવવામાં સૌથી મોટી ભૂમિકા ભજવનાર જોફ્રા આર્ચરને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ■

## અમારો પર્ફોર્મન્સ બેહદ ખરાબ, આવું જરાય ન ચાલેઃ શ્રેયસ

ટ્રેન્ટ બ્રિજઃ કૅપ્ટન શ્રેયસ ઐયર મૅચ પછી અત્યંત નિરાશ હતો. તેણે કહ્યું, 'અમારો આ પરાજય બેહદ ખરાબ છે. કેટલા બધા મોટા માર્જિનથી અમે હારી ગયા, આ જરાય સ્વીકાર્ય નથી. સૌથી પહેલાં તો અમારે એ જોવું પડશે કે આટલી ખરાબ રીતે હાર્યા કઈ રીતે. અમારે આ બાબતમાં ગહન ચર્ચા કરવી પડશે અને જે ભૂલો થઈ એ સુધારવી જ પડશે. ભૂતકાળ વિશે વધુ પડતું વિચારવાને બદલે વધુ મજબૂતી સાથે પાછા મેદાન પર ઊતરવું જોઈશે. ખેલાડીઓએ વ્યક્તિગત રીતે ટીમને તે કઈ રીતે ઉપયોગી બનશે એના પર ખાસ વિચાર કરવો જોઈશે. ટ્રેન્ટ બ્રિજની પિચ ઉપર ૨૦૦ રન થાય એવી હતી જ નહીં. અમે પાવરપ્લેમાં ચાર વિકેટ ગુમાવી ત્યારે જ અમે મૅચ પરથી પકડ ગુમાવી હતી. ટીમની મીટિંગમાં યોજના બધી ઘડીએ, પણ મેદાન પર ઊતરો એટલે એનો અમલ થવો જરૂરી છે. કેવી પિચ પર કેટલી લેન્ગ્થમાં બૉલ ફેંકવો એ બોલરના ધ્યાનમાં હોવું જોઈએ. હાર્ડ લેન્ગ્થ (બૅક-ઑફ-અ-લેન્ગ્થ) બૉલ રમવામાં બૅટ્સમેનોને ખૂબ તકલીફ થતી હતી, પણ અમે એવા બૉલનો બરાબર અમલ ન કર્યો.' ■

# બર્થ-ડે બૉય ધોનીની નજર સામે ટીમ ઇન્ડિયા સૌથી ખરાબ રીતે હારી

## ૪૫મા જન્મદિને માહીએ ઇશારાથી ચાહકને કહ્યું, 'હવે મારી ઉંમર થઈ...દાઢી સફેદ થઈ ગઈ...બરાબર ચાલી પણ નથી શકતો'



ટ્રેન્ટ બ્રિજઃ ૨૦૦૭માં ભારત એમએસ ધોનીના સુકાનમાં સૌથી પહેલો ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યું હતું અને એ ઉપરાંત માહીના નેતૃત્વમાં ભારત અનેક મૅચો જીત્યું છે, પણ મંગળવારે સાતમી જુલાઈએ ટીમ ઇન્ડિયાએ ટ્રેન્ટ બ્રિજના એક સ્પેશિયલ લાઉન્જમાં બેઠેલા બર્થ-ડે બૉય ધોનીને ખૂબ નિરાશ કર્યો હતો. ધોનીની નજર સામે શ્રેયસ ઍન્ડ કંપનીનો ઇંગ્લૅન્ડ સામે ૧૨૫ રનથી પરાજય થયો હતો અને ભારતના ટી-૨૦ ઇતિહાસમાં આ સૌથી ખરાબ પરાજય હતો.

મંગળવારે ધોનીનો ૪૫મો જન્મદિન હતો અને એને તેણે સ્ટેડિયમમાં ભારતની મૅચ જોઈને ઉજવવાનું નક્કી કર્યું હતું, પણ ભારતીયો પોતાના ટી-૨૦ ઇતિહાસમાં (રનના માર્જિનની ગણતરીએ) સૌથી ખરાબ રીતે હારી ગયું. બીજી રીતે કહીએ તો ધોનીની હાજરી પણ ઘણા યુવા ખેલાડીઓથી બનેલી ભારતની ટી-૨૦ ટીમને જીતાડી નહોતી શકી. માહી સ્ટૅન્ડમાં ઊભો હતો ત્યારે કેટલાક ચાહકોએ તેને કહ્યું કે નિવૃત્તિ પાછી ખેંચીને ફરી ભારત વતી રમવા આવી જા. ધોનીએ ઇશારાથી ચાહકને કહ્યું, 'હવે મારી ઉંમર થઈ...દાઢી સફેદ થઈ ગઈ...હું બરાબર ચાલી પણ નથી શકતો.'


ધોની છેલ્લે ૨૦૧૯માં વન-ડે વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં ભારત વતી રમ્યો હતો. તેણે ૨૦૨૦માં રિટાયરમેન્ટ જાહેર કરી દીધું હતું. તેણે દોઢ દાયકાની શાનદાર કરીઅરમાં કુલ ૫૩૮ મૅચમાં ૧૭,૨૬૬ રન બનાવ્યા હતા અને સ્ટમ્પ્સની પાછળથી ૮૨૯ શિકાર કર્યા હતા. ■

# ગાંગુલીને જન્મદિનની ભેટ!: આઈસીસીના હૉલ ઑફ ફેમમાં સામેલ

## આ સન્માન મેળવનાર ભારતનો ૧૨મો ક્રિકેટર



નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટના શ્રેષ્ઠ કૅપ્ટનોમાં ગણાતા અને અવ્વલ દરજ્જાના બૅટ્સમૅન સૌરવ ગાંગુલીને બુધવારે ૫૪મા જન્મદિને આઇસીસી તરફથી અનેરી ભેટ મળી હતી. આ સર્વોચ્ચ ક્રિકેટ સંસ્થાએ તેનો સમાવેશ હૉલ ઑફ ફેમમાં કર્યો હતો. ગાંગુલી આ સન્માન મેળવનાર ભારતનો ૧૨મો ક્રિકેટર છે. અગાઉના ૧૧ ક્રિકેટરમાં બિશનસિંહ બેદી, સુનીલ ગાવસકર, કપિલ દેવ, અનિલ કુંબલે, રાહુલ દ્રવિડ, સચિન તેન્ડુલકર, વિનુ માંકડ, ડાયના એદલજી, વીરેન્દર સેહવાગ, એમએસ ધોની અને નીતુ ડેવિડનો સમાવેશ છે. ■




# એકલી-અટૂલી હું મારી એકલતા સામે ઝૂઝતી રહી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

(ભાગઃ ૮)

નામઃ અરુંધતિ રૉય
સમયઃ ૨૦૨૬
સ્થળઃ દિલ્હી
ઉંમરઃ ૬૪ વર્ષ

**લગ્ન** તૂટે છે ત્યારે દરેક વ્યક્તિની અંદર પણ કંઈ તૂટી જાય છે. સાથે જીવેલો સમય, સુખની ક્ષણો અને એકમેક સાથે વિતાવેલી સંઘર્ષ અથવા સમસ્યાની પળો પણ જાણે કે વહેંચાઈ જાય છે. બંને વ્યક્તિ પોતપોતાનો સંઘર્ષ લઈને પોતપોતાના જગત તરફ નીકળી જાય છે, પરંતુ પોતાના અસ્તિત્વનો એક ભાગ એ પોતાના સ્પાઉસ પાસે છોડી જાય છે અને પોતાના સ્પાઉસનો એક ટુકડો તોડીને એ વ્યક્તિ પોતાની સાથે લઈ જાય છે... ગોવા છોડ્યા પછી ક્યાં જવું એની મને ખબર નહોતી. એટલે હું પાછી દિલ્હી આવી. અહીં જીવવા માટે, સારી રીતે જીવવા માટે પૈસા જોઈશે જ એ મને સમજાઈ ગયું હતું. હું નાનાં-મોટાં ફ્રિલાન્સ કામ કરતી હતી ત્યારે મને મારા એક મિત્રએ નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ અર્બન અફેર્સમાં એક સારી પોસ્ટ પર નોકરી છે એવી માહિતી આપી. મેં ઍપ્લાય કર્યું અને મને નોકરી મળી ગઈ! હવે દિલ્હીમાં એક સારી આરામદાયક જિંદગીની શરૂઆત થઈ. નવાઈની વાત એ છે કે લડતાં-ઝઘડતાં બે જણા સાથે જીવતા હોય ત્યારે એકલતાનો વિચાર પણ નથી આવતો, પરંતુ આપણી પ્રિય વ્યક્તિને છોડી દીધા પછી એકલતા ઘેરી વળે છે. દિલ્હીના એ દિવસોમાં મારી ભૂલમાંથી શીખ્યા પછી મેં પુરુષોની સાથે એક અંતર જાળવવાનું શરૂ કર્યું. મિત્રો ઘણા હતા, પણ ઇમોશનલ એટેચમેન્ટ ન થાય એનું હું ખાસ ધ્યાન રાખતી હતી. લાંબા સમય સુધી હું સ્વયંને જ શોધતી રહી. આર્કિટેક્ચર ભણ્યા પછી એક સારી નોકરી હાથમાં હતી, એ સિવાય મારી પાસે એવું કંઈ જ નહોતું જે બતાવીને હું મેરી રૉયને કહી શકું કે જો! હું એક સારી જિંદગી જીવું છું.

એ દિવસોમાં લલિત-મારો ભાઈ પણ દિલ્હીમાં રહેતો. અમે અવાર-નવાર મળતા. એ મારી માને ક્યારેય ધિક્કારી ન શક્યો, મને એની નવાઈ લાગે છે. મેરી રૉયના હાથનો આટલો બધો માર ખાધા પછી, વાંક વગર અપમાનિત થયા પછી કે મેરીની બધી કડવાશનો, અભાવોનો ભોગ બન્યા પછી પણ લલિતે કોઈ દિવસ માને ધિક્કારી નહીં, બલ્કે એ નિયમિત કેરાલા જતો. હું લગભગ આઠ વર્ષ સુધી એને મળવા ન ગઈ ને એણે પણ મને બોલાવાનો કે મારો સંપર્ક કરવાનો પ્રયાસ ન કર્યો. આમ તો અમે બંને એક જેવા જ છીએ અથવા, હું એના જેવી છું એવું મને હવે સમજાતું જાય છે...

ડિપ્રેશનના દિવસોમાં પણ મેં કોઈ દિવસ મેરીને ફોન કરીને મારી તકલીફ જણાવવાનો પ્રયત્ન નથી કર્યો. સાચું કહું તો મને એને ફોન કરવાનો વિચાર જ નથી આવ્યો... એકલી-અટૂલી હું મારી એકલતા સામે ઝૂઝતી હતી એ વખતે મારી મુલાકાત પ્રદીપ કિશન સાથે થઈ. ૧૯૮૩નો સમય હશે. પ્રદીપ એક ફિલ્મ મેકર હતા. ભારતીય આર્ટ સિનેમા અને ઇન્ટેલેક્ચ્યુઅલ વર્તુળોમાં એ જાણીતા હતા. અમારા ઘણા બધા કૉમન મિત્રો હતા. પ્રદીપ કિશન સ્વભાવે શાંત અને સંવેદનશીલ હતા. અમારી વચ્ચે વાંચનનો શોખ પણ સામાન્ય હતો. પરંપરાગત ફિલ્મી લોકો વિશે હું જે માનતી હતી એમાંનું કશું જ પ્રદીપમાં નહોતું. એમને ગ્લૅમર કે નૉર્મલ ફિલ્મી દુનિયા સાથે કંઈ લેવાદેવા નથી. અમે મળ્યા પછી અમારી વચ્ચે એક વિચિત્ર પ્રકારની દોસ્તી પાંગરી. જેમાં અમે માત્ર પુસ્તકો વિશે, ફિલ્મો વિશે કે જીવનની ફિલોસોફી વિશે વાતો કરતા. એ વખતે પ્રદીપ હિન્દી ભાષામાં 'મેસી સાહેબ' (રઘુબીર યાદવ) નામની ફિલ્મ બનાવતા હતા. એમણે એ ફિલ્મમાં મને એક નાનકડો રોલ ઑફર કર્યો. મને ખૂબ હસવું આવ્યું. હું બીજું કંઈ પણ હોઈ શકું, ઍક્ટર તો નહીં જ! જોકે, પ્રદીપને વિશ્વાસ હતો કે એ રોલ માટે હું જ એપ્ટ હતી... ખેર, મેં એ બકરી ચરાવતી છોકરીનો રોલ કર્યો. બ્લાઉઝ વગરની સાડી પહેરીને, કાળી, મેકઅપ વગરની અરુંધતિને સ્ક્રીન પર જોવાની મને પણ મજા તો આવી! અમે ધીમે ધીમે નિકટ આવવા લાગ્યા, પણ અમારી વચ્ચે કોઈ રોમાન્સ કે પ્રેમ હતો એવું હું આજે પણ ન કહી શકું!

જેરાર્ડની સાથેનો સંબંધ એક ઝંઝાવાતી, તોફાની, વિદ્રોહી સંબંધ હતો. જ્યારે પ્રદીપ સાથેનો સંબંધ સર્જનાત્મક, ભાવાત્મક અને સ્થિર સંબંધ હતો. અમે બંને ભીતરથી એકલાં હતાં, અને એકલાં રહેવા માગતાં હતાં! છતાં અમને એકબીજાનો સાથ ગમતો હતો! અમે એકબીજાના એકાંતને સન્માન આપી શકતાં. એકબીજાની સર્જનાત્મકતાનો આદર કરી શકતાં. રાજકારણ, ભાષા, કલા, ફિલ્મો અને સંસ્કૃતિ જેવી કેટલીયે બાબતો પર અમે વાતો કરી શકતાં. પહેલાં અમે સાથે રહેવા લાગ્યાં અને પછી પ્રદીપના કહેવાથી અમે લગ્ન કર્યાં. જોકે, પ્રદીપ ભલે મારા જીવનનો આધાર હોય, પરંતુ હું ભીતરથી અશાંત જ રહી. બાળપણની કેટલીક સ્મૃતિઓમાંથી હું મુક્ત થઈ શકતી નહોતી. મેં થોડો વખત થેરાપી પણ કરી. મનોચિકિત્સક સાથેની વાતચીતમાં પણ મને એ જ સમજાયું કે મેરી રૉયની હાજરી પરોક્ષ રીતે પણ મારા જીવનમાં હંમેશાં રહી. હું ક્યારેક મારા જીવનના અભાવો વિશે એટલી બધી સંવેદનશીલ થઈ જતી કે મને સંભાળવી અઘરી થઈ પડતી. મેં અને પ્રદીપે સાથે મળીને ત્રણેક ફિલ્મો પર કામ કર્યું. જેનું લેખન મેં કર્યું અને દિગ્દર્શન પ્રદીપે કર્યું. એ ફિલ્મોને કાન્સ અને બીજા અનેક ફેસ્ટિવલમાં સન્માન મળ્યું, પરંતુ પતિ-પત્ની તરીકે અમે બહુ રોમેન્ટિક કે ગ્લૅમરસ ન રહી શક્યાં. મારું રાજકીય વિસ્ફોટક લખાણ, મારા ઉદ્દામવાદી વિચારો અને એકથી બીજા અંતિમ સુધી ઝૂલતા રહેવાની મારી માનસિકતાએ મને ક્યાંય સ્થિર થવા દીધી નહીં.

હું જ્યારે લખતી ત્યારે સિસ્ટમ સામેનો વ્યંગ, શહેર અને સત્તા પ્રત્યેનો અણગમો, પ્રજાના દુઃખને હાસ્ય બનાવીને એક જુદા જ પ્રકારના લખાણ સાથે ધીમે ધીમે મારું કામ લોકપ્રિય થવા લાગ્યું. નાગરિકો સામે પોતાની શક્તિનો દુરુપયોગ કરતા નેતાઓ, કશ્મીર, છત્તીસગઢ અને ઉત્તર-પૂર્વ ભારત જેવાં રાજ્યોમાં ચાલતા સૈનિકીકરણ અને રાજકીય હિંસા, કહેવાતા ડેવલપમેન્ટ મોડલ અને ગ્લોબલાઇઝેશન સામેનો વિરોધ, અમેરિકાનું આધિપત્ય અને એની યુદ્ધખોર શૈલીથી શરૂ કરીને એવા વિષયો પર હું લખતી રહી જે ધીમે ધીમે ચર્ચાસ્પદ બનવા લાગ્યા. લોકોને મારું લખાણ ગમવા લાગ્યું અને મિત્રો આગ્રહ કરવા લાગ્યા કે મારે પુસ્તકો લખવાં જોઈએ. મને પણ લખાણમાં મારો સ્વર મળવા લાગ્યો. અત્યાર સુધી જે ભટકતી, અસ્થિર છોકરી વારંવાર મને વિચલિત કરતી હતી એને જાણે એક અભિવ્યક્તિ મળવા લાગી... પ્રદીપ મારા આ અંતિમવાદી વિચારો અને સિસ્ટમ સામેના આક્રોશ સાથે બહુ સહમત નહોતા, જોકે એમણે મને ક્યારેય રોકી નથી. ધીમે ધીમે મારું બહાર ફરવાનું વધ્યું, મિત્રવર્તુળ બદલાયું. હું જે પ્રકારના લોકો સાથે ઊઠવા-બેસવા લાગી કે મારો સંબંધ વધવા લાગ્યો એ પ્રદીપ માટે બહુ આરામદાયક વ્યવસ્થા નહોતી.

૧૯૯૨માં પ્રદીપથી અલગ થવાનું નક્કી કર્યું ત્યારે અમે પરંપરાગત રીતે ઝઘડીને એકબીજા પરત્વે અણગમો ધરાવતાં પતિ-પત્નીની જેમ છૂટાં નથી પડ્યાં. આજે પણ હું અને પ્રદીપ સારા મિત્રો છીએ. બે બુદ્ધિશાળી વ્યક્તિઓ એકબીજા સાથેના મતભેદને આદરથી સ્વીકારે એમ અમે એકબીજા સાથેના તમામ તફાવતોને સ્વીકારીને અલગ રહેવા લાગ્યાં. મેં પુસ્તક લખવાની શરૂઆત કરી. 'ગૉડ ઑફ સ્મૉલ થિંગ્સ'નો પહેલો ડ્રાફ્ટ મારા એકાંતમાંથી જન્મ્યો. હું એ જ પુસ્તક પર ફરી ફરીને કામ કરતી રહી. દરેક વખતે મને લાગતું કે હજી જે રીતે અને જે મુદ્દો કહેવાવો જોઈએ એ અનુભૂતિ બનતી નથી. ચાર-પાંચ વર્ષ પછી ૧૯૯૭માં પુસ્તક પ્રકાશિત થયું. એને બુકર પ્રાઇસ મળ્યું. આ આંતરરાષ્ટ્રીય સ્તરે બહુ મોટી ઘટના હતી, કારણ કે પહેલી જ નવલકથાને બુકર પ્રાઇસ મળે એવું આજ સુધી કોઈ લેખક સાથે બન્યું નથી...

એ પછી ઘણા પ્રકાશકોએ મારો સંપર્ક કર્યો. નવી નવલકથા માટે ઍડ્વાન્સ પૈસા આપવા પણ તૈયાર હતા, પરંતુ હું એક ઍક્ટિવિસ્ટ અથવા સામાજિક જવાબદાર વ્યક્તિ તરીકે એટલી વ્યસ્ત હતી કે નવલકથા લખવાનું બન્યું નહીં. બીજી નવલકથા 'ધ મિનિસ્ટ્રી ઑફ અટમોસ્ટ હૅપીનેસ' લગભગ સાત વર્ષ સુધી લખાતી રહી. વીસ વર્ષ પછી ૨૦૧૭માં એ પુસ્તક પ્રગટ થયું ત્યારે એને પણ એટલો જ આવકાર અને સ્નેહ મળ્યા.

લાફ્ટર આફ્ટર | પ્રજ્ઞા વશી
feedback.ladki@ bombaysamachar.com

# યોગ પછી ભોગ-પ્રયોગનું આડું-અવળું

'અન્ન પારકું છે, કંઈ પેટ પારકું નથી.' આ કહેવત કહી કહીને વડીલો થાકી ગયા, પણ પેટને વારંવાર ભોગ ધરાવનારાઓની સંખ્યા એટલી વધી ગઈ કે આખરે સરકારશ્રીએ આ પ્રશ્નનાં તેમ જ પેટુઓની સમસ્યાના નિરાકરણ માટે અને સાથે સાથે મન ઉપર પણ કાબૂ પ્રાપ્ત કરવા 'યોગ-ડે' જાહેર કરવો પડ્યો હશે. એવું ગહન ચિંતન બાંકડે બેસીને બેપેટુઓ પોતાના ગોળમટોળ (એમના મતે તંદુરસ્ત) પેટ ઉપર હાથ ફેરવીને કરી રહ્યા હતા. આ ગાઢ મિત્રોને હજી કોઈ કન્યા વરમાળા પહેરાવવા તૈયાર થઈ નથી. એટલે એમના વડીલોએ બગીચામાં ચાલતા ફ્રી યોગાક્લાસમાં મોકલ્યા હતા, પણ સમદુઃખિયા બન્ને મિત્રો પોતાના આ પેટને તંદુરસ્તીની નિશાનીમાં ખપાવીને ઘરેથી તો નીકળતા, પણ બગીચાના બાંકડે બેસીને માત્ર વધેલા પેટ અને શરીર ઉપર જ ચિંતન જ કરતા હતા. તેમજ બહાર ઊભેલી લારીઓમાંથી ગરમાગરમ લોચો, ખમણ, ભજિયાં તેમજ જાત જાતનાં જ્યુસનો ભોગ પોતાના પેટને ધરાવીને ઓડકાર ખાતાં-ખાતાં ઘરે પહોંચતા હતા.



ઘણીવાર થાય છે કે આ નિયમિત પેટને ભોગ ધરનારાઓ યોગ કરશે ખરા? સરકારી યોજનાઓને ઊંધી પાડનારા આવા પેટુઓની સંખ્યા સામે યોગ કરાવનારા યોગીઓ જીતશે ખરા?

છ મહિનાના યોગપ્રયોગ બાદ વજનકાંટે ચડેલા એ બંને પેટુઓનું વજન સિત્તેરની જગ્યાએ નેવું થયું! ત્યારે મા-બાપને ખ્યાલ આવ્યો કે બગીચાની અંદર યોગ અને બગીચાની બહાર ભોગનો પ્રબંધ પણ મોટા પાયા ઉપર ચાલે છ. અમારાનબીરાઓએ બાગમાં જઈને માત્ર પેટનેભોગધરાવવાનું પુણ્યનું કામ જ કર્યું છે અને બાંકડે બેસીને 'યોગ કરનારાઓ કેટલા મૂરખ છે!' એ વિષય ઉપર ગહન ચિંતન જ કર્યું છે.



એમાંના એક વડીલે તો કહ્યું કે બગીચાની બહાર સવાર-સવારમાં નાસ્તા તેમજ જ્યુસની લારીઓ ઉપર બાન મૂકવું જોઈએ. સુંદર અપ્સરાઓ નર્તન કરતી હોય તો સ્વાભાવિક છે કે મહાન સંતો કે પછી દેવાધિદેવ પણ ચલિત થઈ શકે છે. તો પછી સામાન્ય માણસનું તો શું ગજું? સરકારે વહેલામાં વહેલી તકે બગીચાની બહારની ભૂંસા, ભજિયાં, ખમણ, લોચાની લારીઓ દૂર કરવી. અને હા, બહેનો તેમ જ ભાઈઓના યોગના વર્ગો અલગ-અલગ દૂર-દૂરના બાગમાં રાખવા, જેથી ન બનવા જેવી બીજી કોઈ દુર્ઘટના ઉદ્‌ભવે નહીં. બહેનો માટે બહેન પ્રશિક્ષક અને ભાઈઓ માટે પ્રશિક્ષક રૂપે ભાઈ જ હોય તે ભૂલવું નહીં. બની શકે તો સરકારે દરેક યોગ કરનારને સંપૂર્ણ શરીર ઢાંકી શકાય એવાં વસ્ત્રોની પણ સત્વરે જોગવાઈ કરવી જોઈએ.

સરકારશ્રીને ખબર જ હશે કે આજકાલ રીલ બનાવવાનું દૂષણ કેટલું વધી ગયું છે. ટૂંકાં વસ્ત્રો પહેરીને યોગ કરનારના ફોટાઓ વાઇરલ થાય તો આખરે આપણી સંસ્કૃતિ અને સભ્યતા ઉપર જ લાંછન લાગે એ સ્વાભાવિક છે. આપણા દેશના યોગા વિદેશોમાં પણ બધાએ અપનાવ્યા છે. પણ ત્યાં કોઈ ટૂંકાં કપડાંવાળાઓના રીલ બનાવતા નથી કે નથી ઝીણી આંખે કોઈ એકબીજાને જોવામાં યોગ કરવાનું ભૂલી જતા. સરકારશ્રી તો જાણે જ છે કે આપણા દેશમાં તો પોતે શું કરવાનું છે એના ઉપર ધ્યાન ન આપતાં બીજા બધા શું કરે છે એ જોવામાં જ પોતાની બધી યોગશક્તિ વાપરી નાખે છે. એટલે 'દેખવું નહીં ને દાઝવું નહીં.' આપણે બધાને માથાથી લઈ પગના તળિયા સુધીનાં કપડાં પહેરાવીને જ યોગા કરાવવા જરૂરી બને છે.

જોકે યોગ સાથે ભોગ (ભોજન) આપવું એ પણ એટલું જરૂરી બને છે. શરીર સ્વસ્થ ત્યારે જ રહેશે જ્યારે યોગ કર્યા પછી હેલ્ધી ફૂડ-જ્યુસ પણ જો સરકાર પોતાની યોજનામાં સામેલ કરી દે, તો જ સશક્ત, હેલ્ધી મન-તનવાળા, તંદુરસ્ત શરીર સૌષ્ઠવવાળી પ્રજાતિઓ ભારતને મળશે. આવી મજબૂત પ્રજાતિ આવનારા મહારોગો, મહાયુદ્ધો કે પછી માનસિક-શારીરિક વિટંબણાઓ ઉપર ખરી ઊતરશે. વિદેશના રુષ્ટપુષ્ટ જવાનો સામે આપણા માયકાંગલા લાગતા યુવાનોનું દેહ સૌષ્ઠવ ખરાખરીનો જંગ જીતી શકશે.

આમ તો સરકારશ્રી વારંવાર નવી નવી યોજનાઓ બહાર પાડે છે અને એનો લાભ લેનારાઓ જ સરકારશ્રીને ભાંડે પણ છે. પણ ના, અમે આ સૂચન કરનારાઓ એવા સાવ નકામા નથી.

સમયે સમયે અમને પ્રજાહિત તેમજ રાષ્ટ્રહિત પણ બધાના હિતાર્થે મજબૂત તેમ જ યથાયોગ્ય સૂચનો કરીને દેશ કેમ ચલાવવો અને લોકોને કઈ રીતે કામમાં રાખવા એ યુક્તિઓ બતાવવાનું પરમ કૃત્ય કરવું ગમે છે એટલે જ આવા એક પછી એક 'ડે'ની ઉજવણી કરતાં રાખીને લોકોનું મગજ બને એટલું બંધ કરાવી દેવું. જેમ કે યુવાનો વેલેન્ટાઈન ડે, કિસ ડે, પતંગ ડે, ફાધર્સ ડે, મધર્સ ડે - આમ તમામ વિદેશી ડે ઉપરાંત સ્વદેશી ડેની ઉજવણી પણ રંગેચંગે પાર પાડવામાં જીવન ધન્ય કરી રહ્યા છે. આ પ્રકારની ફીલિંગ આમ જનતામાં ઊછળતી રહે, પાંગરતી રહે તો દરેક બુદ્ધિશાળીઓ અને કારભારીઓને નિરાંતે ઊંઘ આવી જશે. ખોટાં કામ કે અન્યને ઊંધે પાટે ચડાવવાનું કૃત્ય પણ ઓછું થાય એમ છે.

- તો સત્વરે અમારાં સૂચનો ઉપર સરકારશ્રી તેમ જ દેશના આકાઓ ધ્યાન આપીને ઘટતુ ંકરશે તો દેશની પ્રગતિ અને જાહોજલાલીને ચાર ચાંદ લાગી જશે.

આમ તો બાકી વસ્તી વધારાથી સુશોભિત દેશમાં સવારે ડે ઊગશે અને સાંજે ડે આથમશે. રહી ઉજવણીની વાત, તો આ દેશનું ડીએનએ જ એટલું રંગીન છે કે લોકો જીવન તો શું, મૃત્યુને પણ મહોત્સવમાં ફેરવી શકે એમ છે. જાતજાતના યોગ અને યોગીઓથી ભરેલા આ દેશમાં એક પણ ડે રંગ વગરનો કે ઉત્સવની ઉજવણી વિનાનો નહીં રહે... ■

ઉડાન
મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# વ્હાલનો વળગાડ જયારે 'વૈરી' બને ત્યારે...



શાળા પૂરી થઈ. બોર્ડની પરીક્ષા પછી બધા મિત્રો અલગ-અલગ કૉલેજોમાં પહોંચી ગયા. મૈત્રી ફોટોગ્રાફીનાં પોતાનાં સપનાને આગળ વધારવા માટે માસ કમ્યુનિકેશનમાં પ્રવેશ લઈ ચૂકી હતી. નેહાએ પણ એ જ શહેરની બીજી કૉલેજ પસંદ કરી. સ્કૂલ જેટલી નજદીકી હવે નેહા રહી નહોતી, પરંતુ નેહા હજુ પણ રોજ મૈત્રીને મેસેજ કરતી. 'ક્યાં છે? કોની સાથે છે? ફોટો મોકલ...' જોકે મૈત્રી પણ હવે પહેલાં જેવી નહોતી. એણે નેહા સાથેની મિત્રતામાં સ્પષ્ટ સીમાઓ બનાવતાં શીખી લીધું હતું. એ જવાબ આપતી, પરંતુ નેહાને પોતાના પર હાવી થવા દેતી નહીં. એમ કરતાં બન્ને વચ્ચે અંતર વધતું ચાલ્યું એટલે નેહાને આધિપત્ય જમાવવા કોઈની તાતી જરૂર પડી. એવામાં એની મુલાકાત અનીષ સાથે થઈ. અનીષ શાંત, સર્જનાત્મક અને સંગીતનો શોખીન. નેહાને લાગ્યું કે આખરે એને એવી વ્યક્તિ મળી ગઈ જે પોતાને સમજી શકે.

સંબંધની શરૂઆત ખૂબ સુંદર હતી. અનીષને પણ નેહાનો સાથ ગમતો. જે રીતે નેહા એની દરેક નાનામાં નાની વાત યાદ રાખતી. સવારમાં સામેથી ગુડ મૉર્નિંગનો મેસેજ કરતી, એના પેરેન્ટ્સને શુભેચ્છા મોકલતી. બીમાર પડે તો નોટ્સ પહોંચાડતી. અનીષને પહેલી વાર કોઈએ આટલું મહત્ત્વ આપ્યું હશે. એ તો ભાવવિભોર થઈ ગયો. થોડા મહિનાઓ બધું સરસ ચાલ્યું. નેહાની કાળજી, સ્નેહ અને સાથ અનીષ માટે સુખદ લાગણીસમા હતાં, પરંતુ મૈત્રી સાથે નેહા જે રીતે મિત્રતાના નામે આધિપત્ય-માલિકીપણું જમાવતી થયેલી એ હવે અનીષ સાથે પ્રેમમાં વધુ તીવ્રતાથી શરૂ થવા લાગ્યું.

અનીષ ચોંકી ગયો જ્યારે એક દિવસ નેહાએ પૂછ્યું, 'ગઈ કાલે રાત્રે બાર વાગ્યા સુધી ઑનલાઇન હતો. મારી સાથે તો વાત નહોતો કરતો. કોની સાથે ચૅટ કરતો હતો?' એ સમયે અનીષે ખુલાસો આપ્યો, હસીને વાત ટાળી, પરંતુ બીજા દિવસે નેહાએ બીજો પ્રશ્ન કર્યો, 'આ છોકરી કોણ છે જેની પોસ્ટ તું લાઈક કરે છે? તારા ક્લાસમાં કેટલી છોકરીઓ છે? તું એની સ્ટોરી કેમ જુએ છે?' શરૂઆતમાં અનીષને લાગ્યું કે આ પ્રેમમાં લેવાતી કાળજી છે. એ હસતાં મોંએ માનતો ને મનાવતો રહ્યો, પણ નેહાની ટોક્સિસિટી વધતી ચાલી. એક દિવસ એણે કહ્યું, 'લાવ, તારા ઇન્સ્ટાગ્રામનો પાસવર્ડ આપ. મારે ફક્ત જોવું છે કે તને મારા પર ભરોસો કેટલો છે. અનીષ થોડો આંચકો ખાઈ ગયો. આજ સુધી ખુદ એના પેરેન્ટ્સે પણ એની પ્રાયવસીમાં આટલી દખલ કરી નહોતી. તેમ છતાં એણે પાસવર્ડ આપી દીધો. થોડા દિવસ પછી એણે જોયું કે નેહાએ એના ફૉલોઅર્સ લિસ્ટમાંથી બે છોકરીને કાઢી નાખી. અનીષને આ વાત ખૂંચી. એણે નેહાને કારણ પૂછ્યું તો નફિકરાઈભર્યો જવાબ મળ્યો, 'મને એ લોકો નહોતા ગમતા.'

ધીમે-ધીમે પુછાતાં પ્રશ્નો નિયમમાં બદલાતાં ગયા. 'આજે કૉલેજ પછી સીધો ઘેર જજે. ક્રિકેટ રમવા જવાની જરૂર નથી. વીકએન્ડમાં ફ્રેન્ડ્સ સાથે નહીં, મારી સાથે જ રહેજે...' અનીષ એક પછી એક પોતાની પસંદગી છોડતો ગયો. ક્રિકેટ બંધ. મ્યુઝિકલ ક્લબ બંધ. મિત્રો સાથેની કૉફી મીટ બંધ. એને લાગતું કે કદાચ થોડું સમાધાન કરવાથી સંબંધ બચી જશે. શરૂઆતમાં નેહાએ બતાવેલી એ પ્રેમાળ કાળજી મેળવવા મથતો અનીષ સમજી નહોતો રહ્યો કે નેહાનો ઑબ્સેસિવ સ્વભાવ એને ચોતરફથી ઘેરી રહ્યો છે. દરેક સમાધાન પછી નેહાની નવી અપેક્ષા ઊભી થઈ જતી. હવે એ દર કલાકે વીડિયો કૉલ કરવા માગતી. લાઇવ લોકેશન ચાલુ રાખવા કહેતી. જો અનીષ પાંચ મિનિટ મોડો જવાબ આપે તો સતત ફોન કરતી.

એક દિવસ અનીષ વર્કશૉપમાં હતો. ચાર કલાક સુધી ફોન બંધ. એ ચાલુ કરતાં જ એની સામે નેહાના અગણિત મિસ્ડ કૉલ્સ અને અસંખ્ય મેસેજ હતા. 'તું મને નિગ્લેક્ટ કરી રહ્યો છે. હું તારા વગર રહી નથી શકતી. તું ક્યાં છે? હમણાં જ વીડિયો કૉલ કર, નહીંતર હું કોઈ ખોટું પગલું ભરી લઈશ...'

એ રાત્રે અનીષને પહેલી વાર ડર લાગ્યો. એણે ક્યાંક વાંચેલુ કે પ્રેમ એને કહેવાય જે તમને ઉડવા આકાશ અને વિસ્તરવા અવકાશ આપે. જ્યારે આ સંબંધ એને એવી રીતે બાંધી રહ્યો હતો કે શ્વાસ લેવો મુશ્કેલ બની જાય. ગૂંગળામણ થવા માંડતી... અચાનક એને મૈત્રી યાદ આવી. નેહાએ વાત કરેલી કે કેવી રીતે એ મૈત્રીનું ધ્યાન રાખતી, તેમ છતાં એ છોકરી એના પ્રેમની કદર કર્યા વગર એને તરછોડી ચાલી નીકળેલી. બીજા દિવસે એણે મૈત્રીને મળવાનું નક્કી કર્યું.


મૈત્રીએ શાંતિથી એની વાત સાંભળી. પછી માત્ર એટલું જ બોલી, 'અનીષ, હું નેહાને ઘણાં વર્ષોથી ઓળખું છું. સ્કૂલમાં એ મારી સૌથી સારી મિત્ર હતી. શરૂઆતમાં મને પણ લાગતું કે આ બધું પ્રેમ અને કાળજી છે. પછી સમજાયું કે એ મને ગુમાવવાના ડરમાં જીવતી હતી. એ ડર ધીમે ધીમે માલિકીભાવમાં પલટાઈ ગયો. અનીષ એને ચૂપચાપ સાંભળી રહ્યો.

'જો, જાતને બદલવાનો પ્રયાસ ના કર.' મૈત્રીએ કહ્યું. 'એને મદદની જરૂર છે. તું તારી સ્વતંત્રતા ગુમાવ્યા વગર એની સહાય કરવાની કોશિશ કર.'

મૈત્રીની સુફિયાણી સલાહો સાંભળી અનીષ કંઈ ના બોલ્યો. મનોમન એને થયું કે જો મદદ કરવી જ હતી તો તું એને તરછોડી ભાગી કેમ ગઈ? પણ એ કશું બોલ્યા વગર ત્યાંથી પાછો ફર્યો. દિવસો સુધી મૂંઝાતો રહ્યો, ડરતો રહ્યો, વિચારતો રહ્યો. અંતે એણે નક્કી કર્યું કે નેહાને સુધારવા કરતાં પોતે જ આ સંબંધમાંથી બહાર નીકળી જાય. અને એણે પોતાની તરફ આવતા તમામ દરવાજાઓ ચસોચસ ભીડી દીધાં છે...

હવે આગળ શું થશે, નેહા શું કરશે, કંઈ અઘટિત બનશે કે પછી બન્ને પોતપોતાની દિશામાં આગળ વધશે? ■

# પુરુષ



## ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા feedback@bombaysamachar.com

## આવા કુ-રિવાજોથી છુટકારો ક્યારે?

*ડિયર હની,*

આપણે ત્યાં સારો હોય કે માઠો પ્રસંગ, એમાં સાદાઈના બદલે ઝાકઝમાળ વધતી જાય છે. પોષાય એને તો ઠીક છે, પણ ખિસ્સાને પરવડે નહીં એવા પરિવારો દેખાદેખી કે રીતરિવાજનાં કારણે ગજા બહારનાં ખર્ચ કરે છે. આ રીતે પ્રસંગ યોજ્યા બાદ એની ટીકા કરનારા પણ ઓછા નથી હોતા અહીં. રાજસ્થાનનો એક આવો પ્રસંગ તને કહેવો છે.

રાજસ્થાનના સિરોહી જિલ્લાના મંડવારિયા ગામમાં એક ગરીબ પરિવારે આર્થિક તંગીના કારણે મૃત્યુભોજમાં શુદ્ધ ઘીના માલપુઆ બનાવવાને બદલે સાદું ભોજન પીરસતાં, સમાજના પંચે તો કુલ ૪૩ પરિવારોનો સામાજિક બહિષ્કાર (હુક્કા-પાણી બંધ) કરી દીધો છે.

ગામના સદારામ નામની વ્યક્તિનું અવસાન થતાં તેમના પરિવારે આર્થિક સ્થિતિ નબળી હોવાથી સાદું ભોજન કરાવ્યું હતું. આ વાતથી નારાજ પંચે પેલા પરિવાર વિરુદ્ધ સામાજિક બહિષ્કારનું ફરમાન જાહેર કર્યું. આટલું જ નહીં, આ પીડિત પરિવારનું સમર્થન કરનારા અન્ય ૪૨ પરિવારને પણ સજા ફટકારી છે. અમાનવીય સામાજિક નાકાબંધીના આ આકરા ફરમાનને કારણે હાલમાં આ ૪૩ પરિવારોની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે.

આ ઘટના અને વિરોધ પાછળ જુદાં-જુદાં કારણો ભલે બતાવાય, પણ વાત તો એ છે કે આપણે ત્યાં રીતરિવાજોના નામે લોકોની હાલત ખરાબ થાય છે. તને ખ્યાલ છે કે આપણા જ એક પરિવારમાં વડીલના મૃત્યુનો માઠો પ્રસંગ બન્યો અને બાદમાં બારમું ને બધી વિધિ થઈ અને છેલ્લે જમણવાર. અને એમાં અય મીઠાઈ ફરસાણ બધું જ. લગ્નમાં જેમ આમંત્રણ અપાય એમ જ બધાને આમંત્રણ અપાયાં. એ પરિવારે એક તો વડીલની સારવાર માટે સારો એવો ખર્ચ ઉઠાવ્યો હતો ઉપરથી ક્રિયાકર્મનો આવા ખર્ચ માટે એમણે વ્યાજે પૈસા લેવા પડ્યા હતા. મારે તો ત્યારે વાત પણ થયેલી કે આટલો બધો ખર્ચ શા માટે? સાદાઈથી વિધિ કરો ને... તો એમણે કહેલું કે ના કરીએ તો સમાજમાં ટીકા થાય, વડીલોનું સાંભળવું પડે.

સુરેન્દ્રનગર જિલ્લાનો એક કિસ્સો છે. રમણભાઈ (નામ બદલ્યું છે) એક નાના ખેડૂત હતા. તેમના પરિવારમાં પત્ની, બે દીકરીઓ અને એક દીકરો છે. ઘરની આર્થિક સ્થિતિ સામાન્ય. કમનસીબે રમણભાઈનું ટૂંકી માંદગી બાદ અચાનક અવસાન થયું. હૉસ્પિટલના ખર્ચને કારણે પરિવાર પહેલેથી જ આર્થિક ભીંસમાં હતો. રમણભાઈના અવસાન પછી જ્ઞાતિના વડીલો અને આગેવાનો દ્વારા દબાણ આવ્યું કે ‘રમણભાઈ મોભાદાર માણસ હતા એટલે આખા ગામ અને ૨૪ ગામની જ્ઞાતિને કારજ (બારમું-તેરમું)નું જમણવાર કરવો જ પડશે.

જો નહીં આપો તો નાતમાં નાક કપાશે અને ભવિષ્યમાં દીકરા-દીકરીઓનાં લગ્નમાં નડતર ઊભું થશે.’

પરિવારે નાછૂટકે સંમતિ આપવી પડી. ત્રણ લાખનો ખર્ચ થયો. જ્ઞાતિના દરેક ઘરે વાસણ (જેમ કે સ્ટીલના ટિફિન કે થાળી) અથવા રોકડા રૂપિયા લહાણી તરીકે આપવાનો નિયમ હતો. એનો જે ખર્ચ થયો તે ઉપરથી. બધું થઇ પાંચ લાખે ખર્ચ પહોંચ્યો.

રમણભાઈના ૨૨ વર્ષના દીકરાએ આ ખર્ચ પૂરો કરવા માટે ગામના એક સ્થાનિક શાહુકાર (વ્યાજખોર) પાસેથી ૩% માસિક વ્યાજે (જે વાર્ષિક ૩૬% થાય) લોન લેવી પડી, કારણ કે બૅન્કો કારજ માટે લોન નથી આપતી. દીકરો આગળ ભણવા માગતો હતો, તેણે ભણવાનું છોડીને વ્યાજ ચૂકવવા માટે શહેરમાં જઈ મજૂરી કામ શરૂ કરવું પડ્યું. પિતા ગુમાવવાનું દુઃખ તો બાજુ પર રહ્યું, પરિવાર આખું વર્ષ દેવું ચૂકવવાની અને લોકોનાં ટોણાં સાંભળવાની માનસિક પીડામાંથી પસાર થયો. આમ સમાજના કુરિવાજ હસતા-રમતા પરિવારને પાયમાલ કરી નાખે છે. જે પૈસા દીકરીનાં લગ્ન કે દીકરાના ભવિષ્ય માટે વાપરવાના હતા તે સમાજને એક ટંક જમાડવામાં વેડફાઈ ગયા.

અહીં તને યાદ કરાવું. મારી બા એટલે કે તારા સાસુનું અવસાન થયું. પ્રાર્થનાસભા રાખવી હતી અને ત્યારે હોળી ધુળેટી આવતી હતી. કેટલાક વડીલોએ કહ્યું કે આ દિવસે ના રખાય. પણ મેં એમને કહેલું કે ધુળેટીને દિવસે જ આયોજન થશે, કારણ કે પરિવારનાં ત્રણ-ચાર છોકરા-છોકરીની દસ અને બારની પરીક્ષાઓ માથે હતી. એમને આ કારણે કોઈ સમસ્યા ના થાય એટલે ધુળેટીએ આયોજન થયું.

વડીલો કહેતા હતા કે, ધુળેટીનો તહેવાર છે કોઈ આવશે નહિ. પણ તને યાદ છે ને...એ દિવસે એટલું માણસ આવ્યું કે આપણી જ્ઞાતિની વાડીનો હોલ ટૂંકો પડ્યો. લોકો નીચે ઊભા રહ્યા હતા. બાની ચાહના જ એટલી હતી.

આપણે ત્યાં સમસ્યાએ છે કે કેટલાક ખોટા રીતરિવાજો હજુય રૂઢ છે. લોકોએ એ મને-કમને પાળવા પડે છે. ઘણી જ્ઞાતિઓમાં તો બાર -તેર દિવસ સુધી લોકો મોઢે થવા આવતા રહે છે અને રોજનો ચા-પાણી- જમવાનો ખર્ચ વધારાનો. કેટલાકમાં તો દારૂની વ્યવસ્થા પણ થતી હોય છે.

આ તે કેવા રિવાજ છે... આમાંથી મુક્તિ ક્યારે મળશે?

સામાન્ય માણસને રોજિંદો વ્યવહાર ચલાવવાનું મોંઘવારીમાં મુશ્કેલ છે ત્યારે આવા રિવાજ નાબૂદ થવા જોઈએ. આ માટે સામાજિક જાગૃતિ જરૂરી છે. ઘણી જ્ઞાતિઓમાં એની શરૂઆત થઇ ચૂકી છે એ સારી નિશાની છે.


*તારો બન્ની*

---

feedback@bombaysamachar.com
મેલ મેટર્સ
અંકિત દેસાઈ

## ધ બર્નઆઉટ પેરાડોક્સઃ
## સફળતાની આંધળી દોટમાં હોમાતું પુરુષનું અસ્તિત્વ

આધુનિક સભ્યતાએ પુરુષને એક અદ્ભુત ભ્રમમાં જીવતા શીખવી દીધું છેઃ ‘તમે જેટલા વધુ વ્યસ્ત છો એટલા જ વધુ સફળ છો.’ સવારના સાત વાગ્યાથી શરૂ થતો અને મોડી રાત સુધી લૅપટૉપની બ્લુ સ્ક્રીન સામે પૂરો થતો દિવસ આજે પ્રતિષ્ઠાનું પ્રતીક બની ગયો છે. ઑફિસના અતિશય કામના કલાકો, વીકએન્ડમાં પણ સતત રણકતા ઑફિશિયલ મેસેજ અને રજાના દિવસે પણ ક્લાયન્ટના ઈમેલનો ત્વરિત જવાબ આપવો એ જાણે આજના પુરુષ માટે ‘મેડલ ઑફ ઓનર’ છે, પરંતુ આ અવિરત દોડની પાછળ એક ભયાનક સત્ય છુપાયેલું છે, જેને મનોવિજ્ઞાનની ભાષામાં ‘બર્નઆઉટ પેરાડોક્સ’ કહેવામાં આવે છે. આ એક એવો વિરોધાભાસ છે જ્યાં પુરુષ પોતાની જિંદગીને સિક્યૉર અને સમૃદ્ધ બનાવવા માટે લોહી-પાણી એક કરે છે, પણ અંતે એ જ સમૃદ્ધિ ભોગવવા માટે તેનું શરીર અને મન સાબુત બચતા નથી. સફળતાની આ કિંમત શું ખરેખર ચૂકવવા જેવી છે? આ સવાલ આજે દરેક વર્કહૉલિક પુરુષે ખુદને પૂછવાની જરૂર છે.



ઐતિહાસિક અને સામાજિક દૃષ્ટિએ જોઈએ તો પુરુષના ખભા પર હંમેશાંથી ‘પ્રોવાઈડર’એટલે કે ઘરનું ભરણપોષણ કરનાર હોવાનો એક અદૃશ્ય બોજ રહ્યો છે. બાળપણથી જ છોકરાઓને શીખવવામાં આવે છે કે તમારી કિંમત તમારી કમાણી અને તમારા સ્ટેટસ પરથી નક્કી થશે. આ માનસિકતા કૉર્પોરેટ કલ્ચરમાં આવીને એક રાક્ષસી સ્વરૂપ ધારણ કરે છે. પરિણામે પુરુષ પોતાની જાતને સાબિત કરવા માટે ‘વર્કહોલિઝમ’ એટલે કે કામના નશા તરફ વળે છે. શરૂઆતમાં આ નશો બહુ રોમાંચક લાગે છે. પ્રમોશન, હાયર સેલેરી, સોસાયટીમાં માન-પાન અને લક્ઝુરિયસ લાઇફસ્ટાઇલ... આ બધું જ મહેનતનું યોગ્ય પરિણામ લાગે છે. જોકે પાછળથી ધીમે-ધીમે આ કામ વળગણ બની જાય છે. પુરુષને એવું લાગવા માંડે છે કે જો તે થોડી વાર માટે પણ આ દોડમાંથી ઊભો રહેશે તો તે પાછળ રહી જશે. આ FOMO એટલે કે ‘ફિયર ઑફ મિસિંગ આઉટ’તેને સતત થાકેલો હોવા છતાં દોડવા માટે મજબૂર કરે છે.

આ બધાની સાથે બર્નઆઉટની પ્રક્રિયા બહુ શાંતિથી અને ચુપકેથી શરીરમાં પ્રવેશે છે. તે કોઈ એક દિવસે અચાનક નથી આવતી, પણ રોજબરોજની જિંદગીમાં આછાં પાતળાં લક્ષણો સાથે દેખાય છે. સવારે ઊઠતી વખતે જ તીવ્ર થાક લાગવો, પથારીમાંથી ઊભા થવાનું મન ન થવું, નાની નાની વાતોમાં ચીડચીડા થઈ જવું અને જે કામ પહેલાં ગમતું હતું તેમાં સાવ રસ ઊડી જવો એ બર્નઆઉટના પ્રારંભિક સંકેત છે. પુરુષો આ લક્ષણોને કાં તો નજરઅંદાજ કરે છે અથવા તો વધુ પડતી કોફી પીને કે એનર્જી ડ્રિંક્સના સહારે તેને દબાવવાનો પ્રયત્ન કરે છે. આપણી સામાજિક રચના એવી છે કે પુરુષ પોતાની નબળાઈ કે થાક સહેલાઈથી સ્વીકારી શકતો નથી. ‘હું થાકી ગયો છું’ અથવા ‘મારાથી આ કામ હવે નહીં થાય’ એવું કહેવું એ નબળાઈની નિશાની માનવામાં આવે છે. આથી અંદરથી તૂટી ગયેલો પુરુષ પણ બહારથી ‘આઈ એમ ઓકે’નું મહોરું પહેરીને ફરે છે. આ ભરાઈ રહેલો ડૂમો અને સતત સ્ટ્રેસ હૉર્મોન્સનું હાઈ લેવલ આખરે હાર્ટ એટેક, ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર કે અલ્સર જેવી ગંભીર બીમારીઓ તરફ દોરી જાય છે. આજના સમયમાં ૩૦થી ૪૦ વર્ષની ઉંમરના પુરુષોમાં વધતા હાર્ટ એટેકના કિસ્સાઓ આ બર્નઆઉટ પેરાડોક્સનું જ જીવતું જાગતું પરિણામ છે.

આ વિરોધાભાસની સૌથી મોટી કિંમત સંબંધીઓએ ચૂકવવી પડે છે. એક પુરુષ પોતાના પરિવારને સારું ભવિષ્ય આપવા માટે દિવસ-રાત એક કરે છે, પણ વિડંબના એ છે કે એ જ પરિવારને તે પોતાની હાજરી આપી શકતો નથી. ઑફિસથી મોડા ઘરે આવ્યા પછી પણ તેનું મગજ ઑફિસના પ્રોજેક્ટ્સમાં જ અટવાયેલું હોય છે. પત્ની સાથે સંવાદના નામે માત્ર ઔપચારિક વાતો થાય છે અને બાળકો માટે પપ્પા એટલે રવિવારે ઘરે આવીને આખો દિવસ ઊંઘતા રહેતું એક પાત્ર બની જાય છે. આ ભૌતિક હાજરી હોવા છતાં જે માનસિક ગેરહાજરી છે તે સંબંધોમાં એક ન પૂરી શકાય તેવી ખાઈ ઊભી કરે છે. પુરુષ અંદરથી એવું વિચારીને પીડાય છે કે ‘હું આ બધું આ લોકો માટે જ તો કરું છું, તો પણ કોઈ મને સમજતું નથી.’ જ્યારે પરિવારની ફરિયાદ એ હોય છે કે ‘અમારે તમારા પૈસા કરતાં તમારી વધુ જરૂર છે.’ આ કમ્યુનિકેશન ગૅપ પુરુષને વધુ એકલવાયો અને ચિડચિડો બનાવી દે છે.

બર્નઆઉટ પેરાડોક્સનો બીજો ભયાનક પક્ષ એ છે કે પુરુષ પોતાના જૂના મિત્રો અને શોખથી સાવ કપાઈ જાય છે. જે મિત્રો સાથે ક્યારેક કલાકો સુધી ચાની ટપરી પર બેસીને દુનિયાભરની વાતો થતી હતી, જે ક્રિકેટ રમવાનો કે સંગીત સાંભળવાનો શોખ હતો તે બધું જ ‘ટાઈમ વેસ્ટ’ લાગવા માંડે છે. જિંદગી માત્ર મિકેનિકલ બની જાય છેઃ ઘરથી ઑફિસ અને ઑફિસથી ઘર. મનોવૈજ્ઞાનિકો કહે છે કે પુરુષો માટે ‘મેલ બૉન્ડિંગ’એક અદ્ભુત સ્ટ્રેસ બસ્ટર છે. મિત્રો વચ્ચે પુરુષને કોઈ જજમેન્ટનો ડર નથી હોતો, ત્યાં તે મુક્ત હોઈ શકે છે. પરંતુ કામના ભાર હેઠળ જ્યારે આ મિત્રવર્તુળ છૂટી જાય છે ત્યારે પુરુષ પાસે પોતાના મનની નબળાઈઓ કે ડર વ્યક્ત કરવા માટે કોઈ જગ્યા બચતી નથી. આ એકલતા તેના બર્નઆઉટને વધુ તીવ્ર બનાવે છે.

**આ ચક્રવ્યૂહમાંથી બહાર નીકળવાનો રસ્તો કયો?**

સૌથી પહેલું કદમ છે સફળતાની વ્યાખ્યા બદલવી. સફળતા એટલે માત્ર બૅંક બૅલેન્સ કે મોટું ડેઝિગ્નેશન નથી, પણ એક હેલ્ધી બૉડી, શાંત મન અને ખુશહાલ પરિવાર પણ સફળતાનો જ હિસ્સો છે. પુરુષોએ ‘ના’ પાડતાં શીખવું પડશે. ઑફિસમાં તમારી ક્ષમતા બહારનું કામ જ્યારે તમારા પર લાદવામાં આવે ત્યારે વ્યાવસાયિક રીતે મર્યાદા નક્કી કરવી જરૂરી છે. બીજા શબ્દોમાં કહીએ તો ‘વર્ક-લાઇફ બૅલેન્સ’એ માત્ર વાતો કરવા માટેનો વિષય નથી, પણ તેને અમલમાં મૂકવાની કળા છે. સાંજે ઑફિસ સબમિટ કર્યા પછી લૅપટૉપ બંધ કરવાની અને ઑફિસના ગ્રુપને મ્યૂટ કરવાની હિંમત કેળવવી પડશે. આ ઉપરાંત, જિંદગીમાં ફરીથી કોઈ શોખને જીવંત કરવો કે અઠવાડિયામાં એક દિવસ મિત્રો માટે અનામત રાખવો એ કોઈ લક્ઝરી નથી, પણ માનસિક સ્વાસ્થ્ય માટેની અનિવાર્યતા છે. જેને આપણે ‘વિંઝ ડાઉન’ થવું કહીએ છીએ એટલે કે બધી જ જવાબદારીઓ બાજુ પર મૂકીને થોડી ક્ષણો માટે સાવ હળવા થઈ જવું તે ખૂબ જરૂરી છે. મશીનને પણ લાંબો સમય ચલાવવા માટે ઑઇલિંગ અને આરામની જરૂર પડે છે તો આ તો હાડચામનું બનેલું માનવશરીર છે.

આખરે પુરુષોએ એ સ્વીકારવું પડશે કે તે સુપરમેન નથી અને હોવાની જરૂર પણ નથી. થાક લાગવો, હારી જવું કે ક્યારેક અસહાય અનુભવવો એ મનુષ્ય હોવાની નિશાની છે, કમજોરીની નહીં. જિંદગી એક મૅરેથોન છે, સ્પ્રિન્ટ નથી. જો શરૂઆતમાં જ બધી ઊર્જા વાપરી નાખશો તો અંત સુધી પહોંચી નહીં શકાય. આથી દોડવાની સાથે-સાથે રોકાતાં પણ શીખો, શ્વાસ લેતાં શીખો અને જિંદગીને માણતાં શીખો. ક્યાંક એવું ન થાય કે જ્યારે તમે તમારી કારકિર્દીની ટોચ પર પહોંચો ત્યારે તમારી આસપાસ સેલિબ્રેટ કરવા માટે કોઈ સંબંધ જ ન બચ્યો હોય અને એ સેલિબ્રેશન માણવા માટે તમારું પોતાનું સ્વાસ્થ્ય જ સાથ ન આપતું હોય. બર્નઆઉટના આ પેરાડોક્સને ઓળખો અને સમય રહેતાં જિંદગીની લગામ પોતાના હાથમાં લો. મશીન બનવા કરતાં માણસ બનીને જીવવામાં જ સાચી સાર્થકતા છે.■

---

## સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## કોઈ પર ચીડ હોય તો આવું કરવાનું?



સ્ત્રી કોમળ હોય છે. એનો સ્વભાવ ઋજુ હોય છે. આ સ્ત્રીના ગુણ છે, પરંતુ હાલમાં આ સમીકરણ બદલાઈ રહ્યાં હોય એવું લાગે છે. આજની સ્ત્રી એટલી ઋજુ નથી રહી. વાંદાથી ગભરાતી સ્ત્રી માણસને પણ મારી શકે એટલી હદે નિર્દય થઈ ગઈ છે. આજે આપણે અહીં કંઈ એવી ખૂના મરકીની વાત નથી કરવાના, પણ સ્ત્રી કઈ હદે પોતાન સાસરિયાંને પરેશાન કરી શકે છે તેની વાત કરવાના છીએ.

પહેલાં બહુ દબાઈને રહેલી સ્ત્રી હવે સ્પ્રિંગની માફક ઉછળી છે. હિન્દી સિરિયલમાં દેખાડાતા છળ-પ્રપંચ જોઈને બહેનો પણ એવું વર્તન કરવા પ્રેરાઈ છે.

હસમુખભાઈ પત્ની ગીતાબહેન અને પુત્રી ત્રણેય અમદાવાદ પાસે એક નાનકડા ગામમાં રહેતાં હતાં. હસમુખભાઈનો પુત્ર આશિષ અને પુત્રવધૂ હેતા મુંબઈ રહેતાં હતાં. આશિષની જૉબ મુંબઈમાં હતી તેથી તે મુંબઈ શિફ્ટ થઈ ગયો હતો. હસમુખભાઈ-ગીતાબહેનને ગામમાં જ ગમતું હતું તેમને મુંબઈની ભાગદોડભરી જિંદગી, મૅચબૉક્સ જેવડા ઘરમાં ફ્લૅટનાં બારણાં બંધ કરીને બેસી રહેવાનું આવું બધું ફાવતું ન હતું. તેમનું નાનકડું મકાન હતું ગામમાં, જેના દરવાજા આખો દિવસ ખુલ્લા હોય. આવતા-જતા લોકો, ‘જય શ્રીકૃષ્ણ કરીને વાતો કરવા આવી જાય, ચા-પાણીએ પીવે. ગીતાબહેન દેવદર્શને જાય. ઘરના ઓટલે સાંજે મહિલા મંડળની મીટિંગ થાય. એમાં જાતજાતની વાતો થાય. આ લોકોને કયાંથી મુંબઈ ગમે? એટલે મા-બાપ અને દીકરી ત્રણેય ગામમાં જ રહેતાં હતાં. વાર-તહેવારે આશિષ અને હેતા ગામમાં આવીને બે-ચાર દિવસ રહી જતાં.

એક ગોઝારા દિવસે ગીતાબહેનની તબિયત લથડી અને એકાદ મહિનાની બીમારી ભોગવીને ગીતાબહેન શ્રીજચરણ થયાં. આશિષ અને હેતા ગામ આવ્યાં. માતાની બધી મરણોત્તર ક્રિયા પતાવીને પંદર-વીસ દિવસ રહ્યા હવે જવાનો સમય થયો. એટલે આશિષે પપ્પાને કહ્યું, ‘પપ્પા, તમે અને રિયા અમારી સાથે મુંબઇ જ આવી જાઓ. મમ્મી વિના તમે બંને અહીં કેવી રીતે રહેશો? મમ્મી વિનાનું ઘર તમને ખાવા ધાશે ! મને તમારી ચિંતા રહ્યા કરશે.’

‘પણ એમ કેવી રીતે? આ ઘર સમેટવું પડે’ હસમુખભાઈએ કહ્યું.

‘એ બધું પછી ફરી આવીને કરીશું. હમણાં તો મમ્મીનો ઘા તાજો છે એટલે અમારી સાથે જ ચાલો. થોડા સમય પછી ઘરનું જોઈશું.’ આશિષને ખરેખર પપ્પા અને બહેનની ચિંતા થતી હતી તેથી પપ્પાને આગ્રહ કરી રહ્યો હતો, પણ હેતા મનમાંને મનમાં ચિડાતી હતી. કેટલીયે વાર આશિષની સામે જોઈને આંખો કાઢતી હતી, પણ આશિષનું ધ્યાન ન હતું. આશિષના આગ્રહને વશ થઈને પિતા હસમુખભાઈ અને રિયા ભાઈ આશિષ સાથે મુંબઈ જવા રવાના થયાં. હેતા મનમાં ને મનમાં ચિડાતી રહી પણ શું કરે? આશિષે એની પરવા જ ન કરી.

રિયાની કૉલેજમાં હમણાં વેકેશન હતું. આશિષે કહ્યું હતું, ‘રિયા, પછી આપણે અહીંની કૉલેજમાં તારું ઍડ્મિશન કરાવી દઈશું.’ રિયા પોતાની ભાભીને કિચનમાં તેમ જ ઘરકામમાં મદદ કરતી હતી. હસમુખભાઈ આશિષનું બૅન્કનું કામ કરી આવતા હતા. આશિષ ખુશ હતો. પપ્પાને આવવાથી તેને નાનાં-મોટાં કામમાંથી રાહત મળી હતી. કિચનનું બધું કામ મોટે ભાગે રિયા જ કરતી હતી તે આશિષ જોતો હતો તેથી તેણે હેતાને કહ્યું, ‘તને તો મજા થઈ ગઈ છે. રિયાના આવવાથી રસોડાના કામથી તારો છૂટકારો થઈ ગયો છે.’ પણ આશિષની વાતનો કોઈ જવાબ હેતાએ આપ્યો નહીં. ઊલટું રાતના પોતાના રૂમમાં તે આશિષને રિયા અને હસમુખભાઈ વિરુદ્ધ ચઢાવ્યા કરતી હતી. જોકે આશિષ કાચા કાનનો ન હતો. તે પોતાના પિતા અને બહેનને બરાબર જાણતો હતો. અને તેમનું વર્તન પણ જોતો હતો. આશિષ પોતાની વાત સાંભળતો ન હતો. તેથી હેતા બરાબરની ગિન્નાઈ હતી.

હસમુખભાઈને ગામમાં જરૂરી કામ હોવાથી એકાદ અઠવાડિયા માટે ગામ જવાના હતા. એ માટે તેમણે બૅગ પૅક કરી. હેતા બહુ ભડકેલી હતી. તે એક ચાલ ચાલી. આશિષના કબાટમાંથી થોકડી બંધ રૂપિયા લઈને હસમુભાઈની બૅગમાં તેમનાં કપડાં વચ્ચેચ છુપાવીને મૂકી દીધં. રિયાએ આ જાઈ લીધું. એને થયું કે હેતા કંઈક પ્લાન કરી રહી છે. તેથી હેતા જેવી બીજા રૂમમાં ગઈ કે તરત જ રિયાએ રૂપિયાની થોકડી પપ્પાની બૅગમાંથી કાઢીને હેતાના કબાટમાં સાડીની થપ્પી વચ્ચે છુપાવી દીધી. પછી ઘરની બહાર નીકળીને આશિષને ફોન કરીને બધી હકીકત જણાવી દીધી.

બીજે દિવસે સવારે હસમુખભાઈ નીકળવાના હતા. આશિષ ઘરે આવ્યો. બધા જમ્યાં. આશિષ પપ્પા સાથે વાતો કરતો હતો. હેતા પણ હતી, તે બોલી, ‘પપ્પા, તમારે પૈસાની જરૂર હતી તો આશિષને કહેવું જોઈતું હતું, તમે આશિષના કબાટમાંથી ચોરી કેમ કરી?

‘ચોરી? મેં ચોરી કરી? હું શા માટે ચોરી કરું?’ હસમુખભાઈ તો બઘવાઈ ગયા. એટલે આશિષ તરફ ફરીને હેતા બોલી, ‘આશિષ, હું સાચું કહું છું. ખાત્રી કરવી હોય તો પપ્પાની બૅગની તલાશી લે.’

‘હેતા, કાંઇક તો વિચારીને બોલ, એ મારા પપ્પા છે.’ ‘તું નહીં માને, જો હું તને તેમની બૅગમાં બતાઉં છું. મેં મારી નજરે તેમને કબાટમાંથી પૈસા ચોરીને બૅગમાં મૂકતા જોયા છે.’કહીને હેતા હસમુખભાઈની બૅગ ખોલવા લાગી. બૅગ ખોલીને બધો સામાન બહાર કાઢયો પણ કાંઈ નીકળ્યું નહીં. હેતા ડઘાઈ ગઈ. આશિષે પૂછ્યું,


‘બોલ, ક્યાં છે પપ્પાની બૅગમાં પૈસા?’

‘મેં તેમને બૅગમાં પૈસા મૂકતા જોયા હતા,’ હેતા ખચકાઈને બોલી.

‘હવે હું તને બતાવું પૈસા ક્યાં છે.’ હેતાનો હાથ પકડીને આશિષ તેના કબાટ સુધી લઈ ગયો અને સાડીની થપ્પી નીચેથી પૈસાનું બંડલ બતાવ્યું. હેતા રડવા માંડી.

આશિષે કહ્યું, ‘હેતા, મારા પપ્પાની પર આવું ચોરીનું આળ નાખતાં પહેલાં હવે સો વાર વિચારજે. આ વખતે માફ કરું છું. બીજી વાર ઘરમાંથી તને જ રવાના કરી દઈશ.’ ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/Z0T7ZuCWdGM
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!




**પુલીસ કીસી લડકી કી તલાશ કર રહી હૈ. કોઈ કહ રહા થા વો ખૂબસૂરત લડકી આતંકવાદી હૈ. બોલો, એક લડકી કે લિયે ઈતને પુલીસવાલે.**

જાણે કેટલાંય વર્ષોની ઊંઘ ભેગી થઈ હોય તેમ સોનલ સૂતી હતી.

વહેલી સવારે જયપુર છોડ્યા પછી અજવાળું થવા માંડ્યું હતું. નીચેવાળી બર્થ પર બેઠેલી સ્ત્રી ક્યારનીય સનત સામે જોયા કરતી હતી. સનતને થયું કદાચ આ સ્ત્રી વિચારતી હશે કે આ એકલો હતો અને અચાનક છોકરી ક્યાંથી આવી ચડી? એકાદવાર એને થયું કે તે પણ સોનલની બાજુમાં જરા લાંબો થાય. પણ સોનલ જાગી જશે તો પોતાની નિયત પર શંકા જશે. આવા વિચારે તે બેઠો જ રહ્યો. સોનલનો નાનકડો ચોટલો બહાર લટકી રહ્યો હતો. ઊંઘમાં જ સોનલે સનતના વળેલા પગમાં પોતાનો હાથ ભેરવ્યો. સનતના શરીરમાં ઝણઝણાટી ફરી વળી. તેને થયું કે તે નમીને સોનલના લિસ્સા ગાલ પર એક ચુંબન કરી લે.

સનતને થયું, એવું શા માટે લાગે છે કે મને સોનલ સાથે કોઈ જૂનો સંબંધ છે. આ અગાઉ અનેક વાર હું એને મળી ચુક્યો છું. આજની રાત આ ચિતા જેવી છોકરી મારી સાથે હશે. જે થાય તે, કોઈ પણ રીતે આને બે દિવસ સાથે રાખવી છે. જો એ લોકો એલાઉડ નહીં કરે તો હોટેલ્સ ક્યાં નથી. સોનલે આંખ ખોલી. અચાનક સ્થિતિનું ભાન થયું હોય તેમ સોનલ બેઠી થઈ ગઈ. તેણે બેય હાથે વાળ સરખા કર્યા અને પલાંઠીવાળીને ટી શર્ટનું ઈન સરખું કર્યું. કોલર નીચે બેય અંગૂઠા નાખી બ્રાની સ્ટ્રીપ અંદરની બાજુ ગોઠવી અને સાવ ધીમેથી પુછ્યું, ‘આપણે ક્યાં પહોંચ્યા છીએ?’

સનતે પણ ધીમેથી કહ્યું ‘કદાચ ગાંધીનગર આવવાની તૈયારી છે. તમે જલ્દી ફ્રેશ થઈ જાઓ.’

‘સોરી યાર મેં તમને ઉજાગરો કરાવ્યો. પણ રાતે ઊંઘ ન થઈ હોત તો આજે સવારે તમારે મને ઊંચકીને લઈ જવી પડત. તમે સૂતા જ નથી કે શું?’

‘ઊંઘ કેમ આવે? કિંમતી સામાનની ચોકી તો કરવી જ પડે ને!’ કોઈ ન કહે કે તમે ઈન્જિનિયર છો.

‘હા, પણ મારા નસીબ સારા છે કે માઠા તે હજી દિલ્હી પહોંચ્યા પછી ખબર પડશે. આપણે તમારી જગ્યાએ પહોંચીએ ત્યાં સુધી જેમ હું કહું તેમ કરજો પ્લીઝ.’

પેલી સ્ત્રી હજુ પણ સોનલને એકધારું જોઈ રહી હતી. સોનલનું ધ્યાન અચાનક એની તરફ ગયું. તેણે એ સ્ત્રી તરફ એક મીઠું સ્મિત ફેંક્યું. જવાબમાં પેલી સ્ત્રી પણ હસી. સોનલે પોતાના થેલામાં હાથ નાખી એક નાનકડું પર્સ અને નેપ્કિન કાઢ્યા. સનત પણ નીચે ઊતર્યો. પેલી સ્ત્રીથી રહેવાયું નહીં. તેણે કહી નાખ્યું, ‘આપકી ઘરવાલી બહોત અચ્છી હૈ’ સનત રડવા જેવું હસ્યો. કાશ સોનલ ખરેખર મારી પત્ની હોત. તેણે એ સ્ત્રી સામે હસીને કહ્યું, ‘શુક્રિયા’ પેલી સ્ત્રીને એટલાથી કદાચ સંતોષ ન થયો. તેણે પૂછ્યું, ‘વો આગે સે તો આપકે સાથ નહીં થી. બિચ મેં સે ચડી થી ક્યા?’

‘હાં, વો જયપુરસેં ચડી થી. આટલું કહી તે ઝડપથી બર્થ પર ચડી ગયો. એને થયું રખે વળી પેલી સ્ત્રી કંઈ વધુ પૂછે. સોનલ ધાર્યા કરતા વહેલી ફ્રેશ થઈને આવી ગઈ. તેના ચહેરા પર ફૂટતી સવાર જેવી તાજગી દેખાતી હતી. ટ્રેન સાવ ધીમે ધીમે ચાલતી હતી. તેણે નીચેથી જ પેલું પર્સ સનતને આપ્યું અને આંખોથી સનતને જવા કહ્યું. તેણે પેલી સ્ત્રીને પૂછ્યું, ‘મૈં આપકે પાસ બૈઠું?’

પેલી સ્ત્રી કદાચ સોનલથી અંજાઈ ગઈ હતી. તેણે બરાબર ખસીને જગ્યા કરતા લાગલો સોનલનો હાથ પકડીને કહ્યું, ‘હાં બૈઠો ના. ઈસમેં પૂછનેવાલી ક્યા બાત હૈ’ સોનલ તેને અડીને બેસી ગઈ. નીચે ગયેલો સનત ફ્રેશ થઈને પાછો આવ્યો ત્યારે સોનલ પેલી સ્ત્રી સાથે વાતોમાં ગુંથાયેલી હતી. તેને ઊભા રહેવું કે ઉપર ચડી જવું તેવો વિચાર આવ્યો. સોનલે તેને આંખથી ઉપર ચડી જવાનું કહ્યું. સનત વિચારતો રહ્યો કે, ‘સોનલ શું અભિનય કરે છે. એને જોઈને કોઈ ન કહે કે તે ભાગી નીકળી હશે. પેલી સ્ત્રી શું સમજીને સોનલ સાથે વાતો કરતી હશે? ડોલતી હાથિણીની જેમ ભુજ બરેલી ભુજ આલા હઝરતે દિલ્હીની હદમાં પ્રવેશ કર્યો. સોનલ પેલી સ્ત્રીનો હાથ દાબી ઉપર આવી. થોડીવાર પહેલાની સુરખીની સ્થાને ચહેરા પર આછો તનાવ દેખાતો હતો. તેણે ધીમા સ્વરે કહ્યું, ‘પ્લીઝ તમારો સેલ નંબર આપો અને તમારે જ્યાં જવાનું છે એનું એડ્રેસ પણ આપો.’

સનત ન સમજ્યો હોય તેમ જોઈ રહ્યો. તેણે ફરીથી કહ્યું, ‘સાંભળ્યું નહીં?’ સોનલે પોતાની પેન્ટના ખિસ્સામાંથી એક નાનકડી ડાયરી કાઢી અને સનતે શર્ટમાં ખોસેલી પેન કાઢી લેતા કહ્યું, ‘લખાવો’ સનતે પોતાનો સેલફોન નંબર અને હોટેલ સિલ્વર લાઈનનું એડ્રેસ લખાવ્યું. પછી ખિસ્સામાંથી પોતાનો સેલ ફોન કાઢતાં કહ્યું, ‘મને પણ તમારો નંબર આપો.’

સોનલના મગજમાં કંઈક ઝડપભેર દોડતું હતું. તેણે કહ્યું, ‘મારો નંબર પછી આપીશ પહેલા સાંભળો. તમે આગળ રહેજો. જ્યાં સુધી હું રેલવે સ્ટેશનની બહાર ન આવું મારી આ બેગ તમારી પાસે રાખજો. કશું ઊંધું ચતું થાય તો ગભરાતા નહીં. ઈન કેસ હું અડધા કલાક સુધી ન આવું તો તમે તમારી જગ્યાએ પહોંચી જજો. હું તમારા કોન્ટેક્ટમાં રહીશ.’

કોઈ ઉપરી અમલદારનો હુકમ સાંભળતો હોય તેમ સનત સોનલ સામે જોઈ રહ્યો. તેને એવો વિચાર આવ્યો કે, પોતે શા માટે આ ઝંઝટમાં પડી રહ્યો છે. શું મળશે પોતાને? આ બિન્દાસ છોકરી તો બે દિવસ પછી થેન્ક યુ કહીને ચાલી જશે. પણ જો કંઈ ઊંધુંચતું થયું તો પોતાને અહીં બચાવશે કોણ? સનતનો આત્મવિશ્વાસ જવાબ દઈ જવાની તૈયારીમાં જ હતો. સોનલ સનતનો ચહેરો વાંચી ગઈ. તેણે સનતનો હાથ દબાવીને કહ્યું, ‘પ્લીઝ ખોટા વિચારો ન કરતા. હું ખૂન કરીને ભાગેલી નથી કે, નથી કોઈ ચોરી કરી. મારી આખી દાસ્તાન તમને કહીશ. અને હા, મારી બેગ સંભાળજો.’ એક મિનિટ કહીને તેણે ઝડપથી પોતાની બેગ ખોલી. દુપટ્ટા જેવું કાઢ્યું અને મોં ઉપર બાંધી લીધું.

બેગમાં કોઈ જોખમી ચીજ તો નથી ને? સનત બુકાનીમાં જુદી લાગતી સોનલને જોઈ રહ્યો.

મારા કરતાં જોખમી તો નથી જ. એન્ડ લીસન મી, કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. કદાચ મારા સ્વાગત માટે પહેલેથી જ કોઈ ઊભું ન હોય તો સારું.

ટ્રેનની લાંબી વ્હીસલ સાંભળી સનતના ધબકારા તેજ થતા હતા. સનત એ પણ ભૂલી ગયો કે, તે એક જવાબદારીભર્યા કામ માટે અહીં આવ્યો છે. ટ્રેન દિલ્હી રેલવે સ્ટેશનમાં પ્રવેશી. કંઈ બોલ્યા વગર સોનલ નીચે ઊતરી. પાછળ સનત ઉતર્યો. પેલી સ્ત્રી જેની સાથે અત્યાર સુધી સોનલે વાતો કરી હતી. તે પણ ઊભી થઈ, સોનલે સનત સાંભળે તેમ કહ્યું, ‘આપકા સામાન જ્યાદા હૈ, લાઈએ થોડા મૈ ઉઠા લેતી હું. હમારે પાસ દો હી બેગ હૈં.’ પેલી સ્ત્રીએ આનાકાની વગર એક બેગ સોનલને આપતા કહ્યું, ‘લો યે તુમ ઉઠાઓ. જ્યાદા ભારી નહીં હૈ.’

સોનલે ઈશારો કર્યો. સનત આગળ થયો. સોનલની બેગમાં વજન નહોતું. સનત આ અગાઉ બે વાર દિલ્હી આવી ગયો હતો, પણ આ વખતની ઉત્તેજના જુદા પ્રકારની હતી. તે ઊતરીને પ્લેટફોર્મ જરા આગળ જઈને ઊભો રહી ગયો. ખાસ્સીવારે સોનલ પેલી સ્ત્રી સાથે વાત કરતી આવતી દેખાઈ. સનતે એક્ઝીટ ડોર પાસે ઊભેલા ટિકિટ ચેકરને ધ્યાનથી જોયો અને એક્ઝીટ ડોર પર નજર પડે તે રીતે ઊભો રહ્યો.

સનત ખાસ્સીવાર ઊભો રહ્યો પણ ન તો સોનલ દેખાઈ ન પેલી સ્ત્રી. સોનલે એને કહેલું કે અડધા કલાકથી વધારે રાહ ન જોજે. સનતને સવારની ચા પણ મળી ન હતી. ખાલી પેટે હવે માથું ચડવા માંડ્યું હતું. અચાનક જ તેનું ધ્યાન ગયું કે, રેલવે સ્ટેશને જરૂર કરતા વધારે પોલીસ ગોઠવાયેલી હતી. તે મનોમન બોલ્યો, દિલ્હી હવે નકરા રાજકારણીઓ અને પોલીસવાળાઓથી જ ભરાતું જાય છે. ખાસ્સીવાર ઊભો રહ્યો પણ સોનલ ન આવી. તેણે વિચાર્યું. હવે હું જાઉં. તેની બેગ મારી પાસે છે એટલે પહોંચી આવશે. પણ તે પછી આવશે તો રહેશે ક્યાં? બેય સાથે ગયા હોત તો મેનેજમેન્ટ સાથે વાત કરી શકાઈ હોત. તે શા માટે નહીં આવી હોય? શું એના ઘરના લોકો અહીં પહોંચી આવ્યા હશે? તેણે નિરાશ આંખે છેલ્લી વાર જોયું અને બહાર આવ્યો. રિક્ષા અને ટેક્સિવાળા એને ઘેરી વળ્યા. તેણે એક સરળ દેખાતા ટેક્સિવાળાને કહ્યું, ‘હોટેલ સિલ્વર લાઈનકા ક્યા લોગે ભાઈ?’

‘અરે આ જાઓ સાબ, જો ઠીક લગે સો દે દેના. વૈસે ભી અબ યહાં પર ધંધા કરના મુશ્કીલ હો ગયા હૈ. સુબહ સેં પુલીસવાલોંકી ગાલિયાં ખા રહે હૈં. ચલિયે સાબ’ કહીને ડ્રાઈવરે દરવાજો ખોલ્યો. અંદર બેસતાં સનતે ફરી એકવાર રેલવે સ્ટેશનના દરવાજા તરફ જોયું. કેટલાય માણસો આવતા જતા દેખાયા પણ એમા એ નહોતી, જે ગઈ રાતથી મનનો કબજો લઈને બેઠી છે. ડ્રાઈવરે કારને વાળી. કંઈક વાત કરવાના બહાને સનતે કહ્યું, ‘ભાઈ આજ રેલવે સ્ટેશન મેં ઈતની પુલીસ ક્યોં દીખાઈ દેતી થી?’

ડ્રાઈવર ગુસ્સામાં બોલ્યો, ‘અરે ક્યા કરે સાબ. યે દિલ્હી અબ ગુન્હેગારોં કા શહર બન ગયા હૈ. હમારા ધંધા ટેક્સિ ચલાને કા. જાયે તો જાયે કહાં?. ? પુલીસ કીસી લડકી કી તલાશ કર રહી હૈ. કોઈ કહ રહા થા વો ખૂબસૂરત લડકી આતંકવાદી હૈ. બોલો એક લડકી કે લિયે ઈતને પુલીસવાલે.’

ડ્રાઈવરની વાત સાંભળી સનતના મોતિયા મરી ગયા. તેની નાભિમાં ભયનું વલોણું ચાલુ થયું. તેને થયું કે એ છોકરી મારી સાથે હતી તે સોનલ તો નથી ને? કોઈ ઝેરી સાપના કરંડિયાને જોતો હોય તેમ બાજુમાં પડેલી સોનલની બેગ સામે જોઈ રહ્યો. ટેક્સિ હોટેલ સિલ્વર લાઈન તરફ આગળ વધી રહી હતી. (ક્રમશઃ)■

---

ફોકસ

ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# જીવતી મા

**આંખે દેખાતું બંધ થયા પછી જ અંધાપાની લાચારી સમજાય છે**

એક વખત હું મારા પતિ સાથે બજારમાં જઈ રહી હતી ત્યારે માર્ગમાં આવતી મીઠાઈની દુકાન પાસે તેમના જૂના મિત્ર કે જેમની સાથે અમારો ઘર જેવો સંબંધ હતો તે મળી ગયા.

– તેમને જોઈને મારા પતિએ પૂછ્યું.

– ‘ભલા માણસ, આવી શી મજાક માંડી છે...! માજી તો આ રહ્યાં તારી બાજુમાં...!’

– બોલ્યા, ‘આજે માનું શ્રાદ્ધ છે. માને લાડુ બહુ ભાવે એથી લાડુ લેવા આવ્યો છું!’

– અમારા બંનેના આશ્ચર્યનો પાર ન રહ્યો. હજી પાંચ મિનિટ પહેલાં તો અમે એમની માને શાક માર્કેટમાં મળ્યા હતા. અમે કાઈ બોલીએ તે પહેલાં ખુદ એ માતાજી હાથમાં થેલી લઈને ત્યાં આવી પહોંચ્યાં.

– મિત્રે માતાના ખભા પર હાથ મૂક્યો અને હસીને કહ્યું.

– ‘ભાઈ, વાત એમ છે કે માના મર્યા બાદ ગાય, કાગડાને વાસમાં લાડુ મૂકવાને બદલે હું માના ભાણામાં લાડુ મૂકી એમને જીવતા જીવત જ તૃપ્ત કરવા માગું છું, અને આમા મારી પત્ની-અર્ધાંગિનીનું પ્રોત્સાહન સમજ પણ કામમાં લાગે છે, મને મારા વિચારોમાં મક્કમ બનાવે છે.

‘હું માનું છું કે જીવતાં જીવત મા-બાપને સર્વ વાતે સુખી કરો એ સાચું શ્રાદ્ધ ગણાય.’ એમણે આગળ કહ્યું : ‘માને ડાયાબિટીશ છે, પણ એમને પિત્ઝા, ખાજલી, સફેદ જાંબુ, કેરી, તરબૂચ વગેરે બહુ ભાવે છે. તે બધું જ એમને ખવડાવું છું.

– શ્રદ્ધાળુઓ મંદિરે જઈ અગરબત્તી સળગાવે છે.

– હું મંદિરે ખાસ જતો નથી, પણ માના સૂવાના ઓરડામાં કાચબાછાપ અગરબતી સળગાવી આપું છું.

– ‘મિત્ર મને લાગે છે કે ભગવાનનો ફોટો કે મૂર્તિ સાફ કરવા કરતાં ઘરડી માનાં ચશ્માં સાફ કરવાથી પુણ્ય મળે છે.’

-મિત્રની વાતમાં વજૂદ છે, સચ્ચાઈ છે.

– આપણે વૃદ્ધોના મૃત્યુ બાદ શ્રાદ્ધ કરીએ છીએ.

– જ્ઞાતિને લાડુ-દૂધપાકનું જમણ જમાડીએ છીએ.

– એવો જ રિવાજ લગભગ દરેક કોમ-જ્ઞાતિમાં છે.

-રિવાજ ખાતર ભલે તેમ કરવું પડતું હોય, પણ ગાય - કાગડાને ખવડાવેલું કદી ઉપર પહોંચતું નથી.

– માવતરને જીવતાંજીવત જ બધાં સુખો આપીએ તે ઉત્તમ શ્રાદ્ધ છે.

– દીકરાઓ ગમે તેટલા શાણા, સમજુ અને પ્રેમાળ હોય પણ ઘડપણની લાચારી પીડા અને અસહાયતાનો તેમને ખ્યાલ આવી શકતો નથી.

– આંખે દેખાતું બંધ થયા પછી જ અંધાપાની લાચારી સમજાય છે.

–એ સંજોગોમાં વૃદ્ધોને પૈસા કરતાં પ્રેમની અને ટીકા કરતાં ટેકાની વધુ જરૂર પડે છે.

– આજના તણાવયુક્ત જીવનમાં દીકરાઓને માથે પણ તરેહ તરેહનાં ટેન્શનો અને જવાબદારીનું ભારણ હોય છે.

– તેઓ ઇચ્છવા છતાં મા-બાપની પૂરી કાળજી લઈ શકતા નથી.

– માતૃપ્રેમ વિશે લોક કવિઓએ ઘણું લખ્યું હોઈ, તે વિશે પ્રસ્તુત લેખના આવતા અંકના બીજા અને છેલ્લા ભાગમાં રોશની નાખીશું અને બોધ ગ્રહણ કરીશું.

**મલકાટ...**

– આજે મેં સુનીલને જમવા બોલાવ્યો છે, પતિએ કહ્યું.

– એ ઠીક ન કર્યું.

– બેબી બીમાર છે, નોકર નાસી ગયો છે, બાબો ઉધરસથી પીડાય છે અને ઘરમાં ઘી પણ નથી...! પત્નીએ જવાબ આપ્યો.

‘એટલે જ એને નોતરું દઈ આવ્યો છું.’■

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| शहाणा | બાઘો |
| वेडा | ડાહ્યો |
| आळसी | ગાંડો |
| बावळट | મહેનતુ |
| उद्यमी | આળસુ |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | ■ | ■ | |
| ૯ | ૧૦ | | ■ | ■ | | ■ | ૧૧ | | |
| ૧૨ | | ■ | ૧૩ | ■ | ■ | ૧૪ | | ■ | ■ |
| ■ | | ■ | ૧૫ | | ■ | ૧૬ | | ૧૭ | |
| ૧૮ | | ૧૯ | | ■ | ૨૦ | | ■ | | ■ |
| ■ | ■ | ૨૧ | | ■ | ■ | | ■ | ૨૨ | ૨૩ |
| ૨૪ | | | ■ | ૨૫ | ■ | ■ | ૨૬ | | |
| | ■ | ■ | ૨૭ | | ■ | ૨૮ | | ■ | |
| ૨૯ | | | ■ | ૩૦ | | ■ | ૩૧ | | |

**આડી ચાવી**

૧. પરિસ્થિતિ, દૈવયોગ (૩)
૩. હજામ (૨)
૫. અણબનાવ (૩)
૭. હયાતી, અસ્તિત્વ (૨)
૮. જીવન જરૂરિયાતની એક ચીજ (૨)
૯. વેણ (૩)
૧૧. વય (૩)
૧૨. --- તેનો નાશ છે (૨)
૧૪. ‘હું’નું બહુવચન (૨)
૧૫. બોલનાર (૨)
૧૬. કમઅક્કલ (૪)
૧૮. આદર સત્કાર, સેવાચાકરી (૪)
૨૦. બગીચો, ઉપવન (૨)
૨૧. શ્રાદ્ધને દિવસે કાગડાને નખાતું અન્ન (૨)
૨૨. સુધી (૨)
૨૪. પૃથ્વી (૩)
૨૬. વેચાણ (૩)
૨૭. શરણે (૨)
૨૮. ધાબું, અગાશી (૨)
૨૯. અપશબ્દ, અઘટિત વચન (૩)
૩૦. શરમ (૨)
૩૧. દાનત, વૃતિ (૩)

**ઊભી ચાવી**

૧. શક્યતા (૪)
૨. ગૂઢ, અકળ (૩)
૪. વેરી, વિરોધ કરનાર (૩)
૬. વેતન, દરમાયો (૩)
૧૦. --- વગર નમસ્કાર નહીં (૪)
૧૧. ઈચ્છા, અભિલાષા (૩)
૧૩. ફૂરસદ (૪)
૧૪. અશુભ (૩)
૧૭. પુષ્કળ (૪)
૧૯. પાર્વતી (૩)
૨૩. ગીરવી મૂક્યાનું લખાણ (૪)
૨૪. મૂક, સ્તબ્ધ (૩)
૨૫. બાહોશ, હોશિયાર (૩)
૨૬. રહેવાશી (૩)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ આ | ૨ ધા | ર | ૩ સ્તં | ૪ ભ | ■ | ૫ શ | ર | ૬ દી |
| ૭ બ | ધિ | ર | ■ | ૮ ભિ | લ્લુ | ■ | રા | ■ | વા |
| ■ | પ | ■ | ■ | ૯ ત | ક | ૧૦ દી | ર | ■ | ન |
| ૧૧ સ | ત્ય | ૧૨ વ | ક્તા | ■ | ■ | ૧૩ પ | ત | ૧૪ ન | ■ |
| લિ | ■ | ક | ■ | ૧૫ ના | ૧૬ પા | ક | ■ | ૧૭ દી | ૧૮ ન |
| ૧૯ લ | ૨૦ બ | ■ | ૨૧ મ | જ | લ | ■ | ૨૨ પો | ■ | ગ |
| ■ | ૨૩ ગા | ૨૪ જ | ર | ■ | ■ | ૨૫ ઘ | ર | ૨૬ બા | ર |
| ૨૭ ગ | ■ | ૨૮ શ | મિ | ૨૯ થા | ૩૦ નો | ■ | ■ | રો | ■ |
| ર | ■ | ના | ■ | ૩૧ ચ | ક | ■ | ૩૨ ત | બા | હી |
| ૩૩ જુ | લ | મી | ■ | ૩૪ ક | ર | જ | દા | ર | ■ |

### જાણવા જેવું

બાવળનું લાકડું બહુ મજબૂત અને વજનદાર હોય છે. કેટલાક દિવસ ખુલ્લી જગ્યામાં પડ્યું રહે, તો તેનો રંગ લોઢા જેવો થઈ જાય છે. તેનું લાકડું ઉપરથી સફેદ અને અંદર સહેજ કાળાશ પડતું લાલ હોય છે. બાળવામાં આ લાકડું બહુ સારું ગણાય છે. તેનો તાપ બહુ આકરો હોવાથી તેના કોલસા પણ બનાવવામાં આવે છે.

### ઓળખાણ પડી?

કબૂતરના કુળના અને રાખોડી રંગ ધરાવતા ઘઉં - બાજરી, અન્નના દાણા આરોગતા અત્યંત શાંત પક્ષીને ઓળખી કાઢો.

અ) કલકલિયો
બ) સારસ
ક) તેતર
ડ) હોલો



### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૨ | ૬ | | | | |
| | | | ૧ | | ૩ | ૯ | | |
| | | | ૫ | | | | ૧ | ૪ |
| | ૮ | | | | | | ૬ | ૧ |
| | ૩ | ૫ | | | | ૮ | ૯ | |
| ૨ | ૯ | | | | | | ૭ | |
| ૭ | ૬ | | | | ૫ | | | |
| | | ૩ | ૮ | | ૯ | | | |
| | | | | ૨ | ૧ | | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

**સુડોકુ-ગઈકાલનો જવાબ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | ૮ | ૨ | ૧ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨ | ૬ | ૭ | ૯ | ૩ | ૫ | ૪ | ૮ | ૧ |
| ૪ | ૫ | ૧ | ૮ | ૬ | ૭ | ૨ | ૩ | ૯ |
| ૭ | ૨ | ૫ | ૩ | ૯ | ૬ | ૧ | ૪ | ૮ |
| ૩ | ૮ | ૯ | ૪ | ૨ | ૧ | ૬ | ૭ | ૫ |
| ૬ | ૧ | ૪ | ૫ | ૭ | ૮ | ૯ | ૨ | ૩ |
| ૧ | ૯ | ૬ | ૭ | ૮ | ૨ | ૩ | ૫ | ૪ |
| ૮ | ૪ | ૨ | ૧ | ૫ | ૩ | ૭ | ૯ | ૬ |
| ૫ | ૭ | ૩ | ૬ | ૪ | ૯ | ૮ | ૧ | ૨ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| वगळता | સિવાય |
| मऊ | નરમ |
| लवकर | જલદી |
| उशीर | મોડું |
| नेहमी | હંમેશા |

**ગુજરાત મોરી મોરી રે:** પત્ની

**ઓળખાણ પડી?** Tailor Bird

**માઈન્ડ ગેમ :** ટોક્યો

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ટકો

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના એકમાત્ર સગા સાળાના પિતાની એકમાત્ર દીકરીના સસરા પુરુષને સંબંધમાં શું થાય એ જણાવો.

અ) કાકા  બ) પિતા
ક) મામા  ડ) ભાઈ

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

આપેલા વાક્યમાં અણગમતો મહેમાન સંતાયો છે એ શોધી કાઢો.

પ્રવાસ દરમિયાન અલપઝલપ મુલાકાત થઈ શકી.

### નોંધી રાખો

ભવિષ્ય આપણા જ હાથમાં છે, પરંતુ એનું ઘડતર તમારા યથા વિચારથી કરવાનું છે. માટે સમયને સાચવીને શ્રેષ્ઠ પરિણામ મેળવો.

### માઈન્ડ ગેમ

તાજેતરમાં ભયંકર ઉષ્ણતાના સમયમાં યુરોપના કયા શહેરમાં મહત્તમ ગરમી નોંધાઈ હતી એ જણાવો.

અ) Viena  બ) Basel  ક) Pulluau  ડ) Doksan

**ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.**

(૧) ભારતી બુચ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભરત કજરિયા (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) હર્ષા મહેતા (૯) શ્રદ્ધા આશર (૧૦) મહેશ સંઘવી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) મીનલ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મુલરાજ કપૂર (૧૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) નિખિલ બંગાળી (૨૧) નંદુભાઈ એ. ગોઠી (૨૨) અમીશી બંગાળી (૨૩) વિણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) ભાવના કર્વે (૨૬) અંજુ ટોલિયા (૨૭) નિતીન જયંતીલાલ બજરિયા (૨૮) રમેશભાઈ દલાલ (૨૯) હિનાબેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) ડાયના સંતોકે (૩૪) અલકા વાણી (૩૫) વિજય આસર (૩૬) અરવિંદ કામદાર (૩૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) સુભાષ મોમાયા (૪૧) નીતા દેસાઈ (૪૨) પુષ્પા પટેલ (૪૩) પ્રવીણ વોરા (૪૪) મહેશ દોશી (૪૫) તાહેર ઔરંગાબાદવાલા (૪૬) શીરીન ઔરંગાબાદવાલા (૪૭) મહેશ દોશી (૪૮) જયવંત પદમશી ચિખલ (૪૯) અબ્દુલ્લા એફ. મુનીમ

# ટ્રમ્પે ફરી પલિતો ચાંપ્યોઃ શૅરબજારમાં ફરી તોતિંગ કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેના વચગાળાના કરારનો અંત આવ્યો હોવાનું જાહેર કર્યા બાદ અમેરિકા-ઈરાન તણાવમાં વધારો અને ક્રૂડ ઓઇલના ભાવમાં વધારાથી ખખડેલા સેન્ટિમેન્ટ વચ્ચે શેરબજારમાં ગુરુવારે જોરદાર કડાકો બોલી ગયો હતો. આ ઉપરાંત, વૈશ્વિક બજારોમાં નકારાત્મક વલણ વચ્ચે પ્રથમ ત્રિમાસિક ગાળાની સુસ્ત આગાહીને કારણે રોકાણકારોએ રિસ્ક ઓફ મોડ અપનાવ્યો હોવાનું બજારના સાધનોએ જણાવ્યું હતું.

સત્ર દરમિયાન ૧,૯૨૧.૬૯ પોઈન્ટ અથવા ૨.૪૫ ટકા ઘટીને ૭૬,૨૫૯.૦૩ નીચી સપાટીને અથડાયા બાદ અંતે સેન્સેક્સ ૧,૬૭૭.૧૨ પોઈન્ટ અથવા ૨.૧૫ ટકા ઘટીને ૭૬,૫૦૩.૬૦ પર સ્થિર થયો, જ્યારે નિફ્ટી ૫૧૬.૬૫ પોઈન્ટ અથવા ૨.૧૨ ટકા ઘટીને ૨૩,૮૮૨.૦૫ પર બંધ થયો હતો. બીએસઇ પર કુલ ૩,૨૧૧ શેર ઘટ્યા હતા, જ્યારે ૧,૦૭૦ વધીને ૧૭૩ શેર યથાવત રહ્યા હતા.

સેન્સેક્સ પેકમાં બધી કંપનીઓ લાલ રંગમાં ધકેલાઇ ગઇ હતી. ઇન્ટરગ્લોબ એવિએશન, મારુતિ, હિન્દુસ્તાન યુનિલિવર, બજાજ ફાઇનાન્સ, કોટક મહિન્દ્રા બેંક અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં સૌથી વધુ ધોવાણ જોવા મળ્યું હતું. મિડકેપ સિલેક્ટ ઇન્ડેક્સ ૨.૧૪ ટકા ઘટ્યો અને સ્મોલકેપ સિલેક્ટ ઇન્ડેક્સ ૧.૬૧ ટકા ઘટ્યો હતો.

પ્રાઇમરી માર્કેટમાં મિલવર્કસ ટેક્નોલોજીસ લિમિટેડ, ૧૪ જુલાઈના રોજ રૂ. ૧૬૦.૩૩ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. આ ઇશ્યુની પ્રાઇસ બેન્ડ રૂ.૩૧૫થી રૂ. ૩૩૧ પ્રતિ શેર છે. લોટ સાઈઝ ૪૦૦ ઈક્વિટી શેર છે. આઇપીઓમાંથી મળેલી ચોખ્ખી રકમનો ઉપયોગ પ્લાન્ટ અને મશીનરી ખરીદવા, કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે મૂડી ખર્ચ માટે કરવામાં આવશે. એન્કર બિડિંગ ૧૩ જુલાઈના રોજ ખુલશે. ઇશ્યુ ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે.

બોર્ડની મંજૂરી અંતર્ગત એવેનિર ઇન્ટરનેશનલ એન્જિનિયર્સ એન્ડ કન્સ્લ્ટન્ટ્સ એલએલસી, અબુ ધાબીમાં ૯૦ ટકા સુધીના ઇક્વિટી હિસ્સાનું શેર સ્વેપ ટ્રાન્ઝેક્શન દ્વારા સંપાદન કરશે. આ સંપાદન એવેનિરના શેરધારકોને રૂ.૧૦ પ્રતિ શેરના ઇશ્યૂ ભાવે એસઇપીસીના ૧૫૩ કરોડ ઇક્વિટી શેરના પ્રેફેન્શિયલ ફાળવણી દ્વારા હાથ ધરવામાં આવશે, જે કુલ રૂ. ૧,૫૩૦ કરોડ થશે. ઇન્સ્ટન્ટ બીવરેજીસની વિશ્વની સૌથી મોટી કંપની રસનાએ રેડી ટુ ડ્રીન્સ ફ્રુટ બીવરેજીસની માર્કેટમાં જન્પીનના એક લિટરના ટેટ્રા પેક કાર્ટનનું દેશભરમાં લોન્ચીંગ કર્યુ છે, જેનું વેચાણ ઇ-કોમર્સ, ક્વીક કોમર્સ સહિતના આધુનિક રિટેલ ફોર્મેટ મારફત થશે.

બધા ક્ષેત્રો ઘટીને બંધ થયા. સર્વિસિસમાં ૩.૨૧ ટકાનો તીવ્ર ઘટાડો થયો, પીએસયુ બેંક (૨.૭૬ ટકા), મિડસ્મોલ પ્રાઇવેટ બેંક્સ ક્વોલિટી ટિલ્ટ (૨.૭૪ ટકા), એફએમસીજી (૨.૫૪ ટકા), ફાઇનાન્શિયલ સર્વિસિસ (૨.૪૯ ટકા), બેન્કેક્સ (૨.૪૬ ટકા) અને ટોચની ૧૦ બેંકો (૨.૩૪ ટકા) ગબડ્યો હત. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૬.૧૮ ટકા વધીને પ્રતિ બેરલ ૭૮.૭૪ ડોલર થયો. દરમિયાન, બુધવારે રૂપિયો ૫૯ પૈસા ઘટીને ૯૫.૫૫ (કામચલાઉ) પર સ્થિર થયો હતો.

ઇન્સ્યોરન્સ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયાએ રીઇમેર્જિંગન્સ્યોરન્સ ઇન રેપિડલી ટ્રાન્સ્ફોર્મિંગ રીસ્ક લેન્ડસ્કેપ થીમ પર ૭૧મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે એક યોજ્યો હતો, જેમાં ખાસ કરીને વિકસિત આર્થિક, તકનીકી, પર્યાવરણીય અને સામાજિક જોખમોના સંદર્ભમાં ૨૧મી સદીમાં વીમા ક્ષેત્રને આકાર આપતા ઉભરતા પડકારો અને પરિવર્તનશીલ તકો પર ચર્ચા કરવાનો હતો. એલઆઇસી ઓફ ઇન્ડિયા, જનરલ ઇન્શ્યોરન્સ, કોલેજ ઓફ ઇન્શ્યોરન્સ, સ્ટાર યુનિયન દાઈ-ઈચી લાઈફ ઈન્સ્યોરન્સ, બજાજ જનરલ ઈન્સ્યોરન્સ, એજીસ ફેડરલ લાઈફ ઈન્સ્યોરન્સ, આદિત્ય બિરલા સન લાઈફ ઈન્સ્યોરન્સ, ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સ સહિતની કંપનીના અધિકારીઓ સહભાગી થયા હતા.



આદિત્ય બિરલા સન લાઇફ ચાઇલ્ડ એજ્યુકેશનના દરેક મહત્વના તબક્કાને માઇલસ્ટોન આધારિત ચુકવણીઓ દ્વારા ટેકો આપતો ઇન્શ્યોરન્સે અનમોલ અક્ષય પ્લાન લોન્ચ કર્યો છે. આ પ્લાન મધ્યમથી લાંબા ગાળાની બચત દ્વારા પરિવારોને ભવિષ્યના લક્ષ્યો હાંસલ કરવામાં સહાયક બનવાનો ઉદ્દેશ ધરાવે છે. ઉપરાતં મહિલાઓને સ્માર્ટ બચત સાથનો વિશેષ લાભ, હેલ્થ મેનેજમેન્ટ સર્વિસીસ, માતૃત્વ સંબંધિત ચુકવણી અને કેન્સર સહાયનો લાભ પણ તેમાં સમાવિષ્ટ છે.

હોર્મુઝ સ્ટ્રેટમાં ઇરાની વેપારી જહાજો પરના હુમલા બાદ યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઇરાન સાથેના વચગાળાના શાંતિ કરારની સમાપ્તીની જાહેર કર્યા પછી ભૂ-રાજકીય તણાવ ફરી શરૂ થયો અને વૈશ્વિક ઉર્જા પુરવઠા અંગે નવી ચિંતાઓ ઉભી થવાને કારણે ભારતીય ઇક્વિટી બજારોમાં ભારે વેચવાલી શરૂ થઇ ગઇ હતી. ભૂરાજકીય જોખમો ફરી સપાટીએ આવતા ક્રૂડ ઓઇલના ભાવમાં લગભગ સાતેક ટકા સુધીનો તીવ્ર ઉછાળો આવતાં વૈશ્વિક નાણાકીય બજારોમાં જબરદસ્ત આંચકા જોવા મળ્યા હતા.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૫.૩૫ ટકા, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ૨.૧૧ ટકા અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ ૦.૪૯ ટકા ઘટ્યો હતો, જ્યારે હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ૨.૯૯ ટકા વધ્યો હતો.

યુરોપિયન બજારો નોંધપાત્ર રીતે નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૩૯૩.૧૯ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા.

પાછલા સત્રમાં બેન્ચમાર્ક ૧૦૪.૩૫ પોઈન્ટ અથવા ૦.૧૩ ટકા ઘટીને ૭૮,૧૮૦.૭૨ પર બંધ થયો હતો. નિફ્ટી ૩૧.૬૫ પોઈન્ટ અથવા ૦.૧૩ ટકા ઘટીને ૨૪,૩૯૮.૭૦ પર બંધ થયો હતો.

## ડાયમંડ પાવરને ₹ ૪૩૬ કરોડનો ઓર્ડર

મુંબઇઃ ડાયમંડ પાવર ઇન્ફ્રાસ્ટ્રક્ચરને હૈદરાબાદમાં એલએન્ડટી, સ્ટર્લિંગ અને વિલ્સન, બ્લુ સ્ટારના ૩૧૦ મેગાવોટ હૈદરાબાદ ડેટા સેન્ટર પ્રોજેક્ટ્સ માટે હાઇ અને લો ટેન્શન પાવર કેબલ્સના સપ્લાય માટે રૂ. ૪૩૬ કરોડનો સપ્લાય ઓર્ડર મળ્યો છે. એક્સચેન્જ ફાઇલિંગ અનુસાર આ ઓર્ડર ભારતના ડેટા સેન્ટર સેગમેન્ટમાં સૌથી મોટા સિંગલ કેબલ સપ્લાય ઓર્ડર્સમાંનો એક છે. કંપનીનો શેર ગુરુવારે રૂ. ૨૪૦ની બાવન અઠવાડિયાની ઊંચી સપાટીએ પહોંચી અંતે ૨.૮૦ ટકા વધી રૂ. ૨૩૧.૬૦ બોલાયો હતો. દરમિયાન, વિવિધ રાજ્ય સરકારો પણ નવા રોકાણોને આકર્ષવા માટે તેમના વીજ માળખામાં વધારો કરી રહી છે. તાજેતરમાં, ગુજરાત સરકારે શહેરી અને અર્ધશહેરી વિતરણ માળખાને આધુનિક બનાવવાના પ્રયાસના ભાગરૂપે ભૂગર્ભ કેબલ માટે રૂ. ૨૨,૦૦૦ કરોડની જોગવાઈ કરી છે.

# સેન્સેક્સના તમામ શેર રેડ ઝોનમાં ધકેલાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં ટ્રમ્પને કારણે ત્રાટકેલી મંદી વચ્ચે બ્રોડ બેઝ્ડ સહિત બધા ઈન્ડેક્સ રેડ ઝોનમાં ધકેલાયા હતા અને તેમાં ખાસ કરીને સર્વિસીસ, બેન્ક્સ અને ઓટો શેર્સ અને તેમના સંબંધિત ઇન્ડેક્સમાં સૌથી વધુ ધોવાણ નોંધાયું હતું. એ જ સાથે માર્કેટ કેપમાં એકઝાટકે રૂ.૮.૯૭ લાખ કરોડનું ધોવાણ નોંધાયું હતું.

બુધવારે સેન્સેક્સ ગત મંગળવારના ૭૮,૧૮૦.૭૨ પોઈન્ટના બંધની સરખામણીએ ૧૬૭૭.૧૨ પોઈન્ટ કે ૨.૧૫ ટકા ઘટ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૭,૮૧૬.૪૫ પોઈન્ટે ખૂલ્યો હતો, જે ઊંચામાં ૭૭,૮૫૧.૧૮ પોઈન્ટ સુધી તથા નીચામાં ૭૬,૨૫૯.૦૩ પોઈન્ટ સુધી ગયા બાદ અંતે ૭૬,૫૦૩.૬૦બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની ત્રીસે ત્રીસ સ્ક્રિપ ઘટી હતી. આજે માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૧.૨૩ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કામકાજના દિવસે રૂ.૪૮૦.૨૦ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૮.૯૭ લાખ કરોડનો ઘટાડો થયો હતો.

બીએસઈ પર કુલ ૪,૪૫૪ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૧,૦૭૦ શેરોના ભાવ વધ્યા હતા, ૩,૨૧૧ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૧૭૩ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૧૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૦૪ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

આજે કુલ ૧૯ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૧૧ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૮ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. આજે બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૧.૭૪ ટકા અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૨.૦૦ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૧.૩૮ ટકા તથા એસએમઈ આઈપીઓ ૨.૦૧ ટકા ઘટ્યા હતા.

સેક્ટરલ સૂચકાંકોમાં બધા સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં મુખ્યત્વેસર્વિસીસ ૩.૨૧ ટકા, પીએસયુ બેન્ક્સ ૨.૭૬ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ક્વોલિટી ૨.૭૪ ટકા, એફએમસીજી ૨.૫૪ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૨.૪૯ ટકા, બેન્કેક્સ ૨.૪૬ ટકા , પ્રાઈવેટ બેન્ક્સ ૨.૪૪ ટકા અને ટોપ ૧૦ બેન્ક્સ ૨.૩૪ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ઈન્ડિગો ૫.૦૨ ટકા, મારુતિ ૪.૧૧ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૩.૩૬ ટકા, બજાજ ફાઈનાન્સ ૩.૦૮ ટકા, કોટક બેન્ક ૨.૯૩ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૮૫ ટકા, આઈટીસી ૨.૮૨ ટકા અને બીઈએલ ૨.૭૦ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૪૯૧.૭૬ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૨,૪૪૪ ટ્રેડ્સમાં ૩,૧૮૦ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૪૧,૧૫,૯૭૪ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૨,૬૭,૦૫,૯૭૬.૨૬ કરોડ રહ્યું હતું.

# ક્રૂડતેલ ઉછળતાં વૈશ્વિક સોનામાં એક ટકાનો અને ચાંદીમાં બે ટકાનો કડાકોઃ સ્થાનિકમાં ચાંદી ₹ ૫૬૫૦ અને સોનું ₹ ૧૭૩૩ ગબડ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેનાં વચગાળાના શાંતિ કરાર પૂરા થઈ ગયા હોવાનું જણાવતાં આજે વિશ્વ બજારમાં ફરી ભૂરાજકીય તણાવ સપાટી પર આવતાં ક્રૂડ તેલના ભાવમાં ઉછાળો અને ડૉલર ઈન્ડેક્સ પણ મજબૂત થતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં એક ટકાનો અને ચાંદીના ભાવમાં બે ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હોવાના નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૫૬૫૦ અને સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૨૬થી ૧૭૩૩ ગબડી ગયા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વિશ્વ બજાર પાછળ હાજરમાં ચાંદીના વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૫૬૫૦ના ઘટાડા સાથે રૂ. ૨,૨૧,૫૫૦ના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં વધુ ઘટાડાના આશાવાદ હેઠળ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહી હતી. તે જ પ્રમાણે હાજરમાં સોનાના વેરારહિત ધોરણે ભાવમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૨૬ના ઘટાડા સાથે રૂ. ૧,૪૧,૭૮૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૭૩૩ના ઘટાડા સાથે રૂ. ૧,૪૨,૩૫૦ના મથાળે રહ્યા હતા.



આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકા ઘટીને ગત બીજી જુલાઈ પછીની નીચી ઔંસદીઠ ૪૦૬૧.૩૨ ડૉલરની સપાટીએ અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ બે ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૪૦૭૪ ડૉલર આસપાસ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૫૮.૭૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ઈરાન સાથે ચાર મહિના સુધી ચાલેલા વિવાદ પશ્ચાત્ થયેલા શાંતિ માટેના સમજૂતી કરારનો અંત આવ્યો છે અને હવે અમે ઈરાન સાથે વધુ સંકળાયેલા રહેવાનું ઈચ્છતા નથી એવાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના નિવેદન પછી વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં છ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. આમ ક્રૂડતેલના ભાવ વધી આવતા ફુગાવામાં અપેક્ષિત વધારાની સાથે અમેરિકી ફેડરલ રિઝર્વનાં નીતિવિષયક નિર્ણય પર પણ માઠી અસર પડે તેમ હોવાથી આજે સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું યુબીએસનાં વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ જણાવતાં ઉમેર્યું હતું કે ભૂરાજકીય તણાવને પગલે તેલના પુરવઠા પર અસર પડે છે કે નહીં તેના પર બજાર વર્તુળોની નજર છે.

સામાન્યપણે વધતા ફુગાવાના સંજોગોમાં સોના અને ચાંદી જેવી કિંમતી અસ્ક્યામતોમાં રોકાણકારોની હેજરૂપી લેવાલી રહેતી હોય છે, પરંતુ હાલના તબક્કે વધતા ફુગાવાને અંકુશમાં લેવા કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ હોવાથી સોનાની હેજરૂપી માગ દબાણ હેઠળ રહે છે. નોંધનીય બાબત એ છે કે આગામી સપ્ટેમ્બર મહિનામાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૮ ટકા શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો મૂકી રહ્યા હતા. જોકે, ગઈકાલે આ શક્યતા ૬૨ ટકા મુકાઈ રહી હતી. વધુમાં આજે રોકાણકારોની નજર મોડી સાંજે જાહેર થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ હોવાથી સાવચેતીનો અભિગમ જોવા મળ્યો હતો.

# દેશી તેલમાં મથકો પાછળ સુધારાતરફી વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૧ રિંગિટનો ઉછાળો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં પણ ૬૪ સેન્ટ વધી આવ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિકમાં આયાતી તેલમાં માત્ર સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે કામકાજો નિરસ રહેતાં આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું.

વધુમાં આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૨૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા. તેમ જ કપાસિયા રિફાઈન્ડ અને સરસવના પણ ભાવ વધી આવ્યા હોવાથી સ્થાનિકમાં પણ ૧૦ કિલોદીઠ સિંગતેલના ભાવમાં રૂ. ૨૦નો અને કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના ઑગસ્ટ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦, એવીઆઈના જુલાઈ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૫થી ૧૪૬૦ અને ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૬૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦ અને રૂ. સન રિફાઈન્ડના રૂ. ૧૬૯૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો છૂટાછવાયા હતા.

આજે હાજર બજારમાં ૧૦૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, સન રિફાઈન્ડના રૂ.



૧૬૭૦, સિંગતેલના રૂ. ૧૬૨૦ કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૮૦ અને સરસવના રૂ. ૧૬૫૦ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૮૦માં થયાના અહેવાલ હતા.

# પાંખાં કામકાજો વચ્ચે ધાતુમાં મિશ્ર વલણ સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ટીનમાં ₹ ૨૯નો ઉછાળો

મુંબઈઃ ઈરાને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ પરનાં ત્રણ જહાજો પર હુમલા કરતાં અમેરિકાએ ઈરાન પર નવેસરથી હુમલાઓ શરૂ કરતાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં અને ડૉલર ઈન્ડેક્સમાં તેજીનું વલણ રહેતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં એકંદરે કામકાજો પાંખાં રહેતાં વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હતું. જોકે, આજે મુખ્યત્વે ટીન, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૯, રૂ. પાંચ અને રૂ. ચાર વધી આવ્યા હતા, જ્યારે કોપર સ્ક્રેપ હેવીમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સુધારો આવ્યો હતો, જ્યારે સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે કોપર વાયરબારમાં કિલોદીઠ રૂ. સાતનો અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ટીન, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૯ વધીને રૂ. ૫૧૯૨, રૂ. પાંચ વધીને રૂ. ૨૯૫ અને રૂ. ચાર વધીને રૂ. ૩૪૩ અને કોપર સ્ક્રેપમાં છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૧૨૬૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને વપરાશકારોની માગ પણ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૧૩૪૦ અને નિરસ માગે ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૩૭૬ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ, લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં છૂટાછવાયાં કામકાજોને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

# ખાંડમાં વધુ ₹ ૧૦થી ૨૦ની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની આક્રમક લેવાલી જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર વધુ ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૧૧૦થી ૪૧૬૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦ની અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦ની આગેકૂચ જોવા મળી હતી. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ ઉપરાંત મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો ઉછાળો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, સ્થાનિક માગ ઉપરાંત મથકો પરના પ્રોત્સાહક અહેવાલે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ની તેજી સાથે રૂ. ૪૨૦૨થી ૪૨૯૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૪૩૦૬થી ૪૩૯૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ મથકો પરના પ્રોત્સાહક અહેવાલ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ વધી આવ્યા હતા, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૧૯૦થી ૪૨૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૨૭૦થી ૪૩૨૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

# અમેરિકાના ઈરાન પર હુમલાથી ક્રૂડતેલ ઉછળતાં રૂપિયો બાવન પૈસા પટકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈરાને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ પર ત્રણ જહાજો પર હુમલા કર્યા હોવાથી અમેરિકાએ ઈરાન પર નવેસરથી હુમલાઓ શરૂ કર્યાના નિર્દેશો સાથે આજે ક્રૂડતેલના ભાવ ઉછળતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો બાવન પૈસા પટકાઈને ૯૫.૪૮ના મથાળે બંધ રહ્યો હતો.

નોંધનીય બાબત એ છે સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાં રહેલાં ત્રણ જહાજો પર તહેરાને હુમલા કરતાં અમેરિકાએ ઈરાન પર વળતા હુમલાઓ કરવાની સાથે ઈસ્લામિક રિપબ્લિકને વિશ્વ બજારમાં ક્રૂડતેલનાં વેચાણ માટે આપેલી છૂટ પાછી ખેંચી હતી અને ઈરાને પણ બેહરીન અને કુવૈત પર હુમલાઓ કર્યા હોવાથી આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ૬.૧૬ ટકા વધીને બેરલદીઠ ૭૮.૭૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ કડાકા બોલાઈ જતાં રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૪.૯૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૧૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૬૧ અને ઉપરમાં ૯૪.૯૮ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે બાવન પૈસા પટકાઈને ૯૫.૪૮ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૪૭ પૈસાનો ઉછાળો આવ્યો હતો.

એકંદરે આજે ડૉલર સામે રૂપિયો નરમાઈના અન્ડરટોને ખૂલ્યો હતો. વધુમાં આજે ડૉલર ઈન્ડેક્સ પણ વધવાની સાથે ક્રૂડતેલના ભાવમાં તેજીનો પવન ફૂંકાઈ જતાં વૈશ્વિક ભૂરાજકીય અનિશ્ચિતતા સપાટી પર આવતાં રૂપિયો ગબડ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરીનાં એડ્વાઈઝર્સ એલએલપીનાં ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનિલ કુમાર ભણસાળીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૫.૨૫થી ૯૬.૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૧ ટકા વધીને ફરી ૧૦૦ની સપાટી પાર કરીને ૧૦૧.૧૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૬૭૭.૧૨ પૉઈન્ટનો અને ૫૧૬.૬૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.




ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આગામી સમયમાં યોજાનારી ચૂંટણીઓની તૈયારીઓના ભાગરૂપે રાજકોટ અને જામનગર ખાતે સૌરાષ્ટ્ર ઝોન સંગઠન સમીક્ષા બેઠકો યોજવામાં આવી હતી. આ બેઠક કોંગ્રેસના ગુજરાત પ્રભારી મુકુલ વાસનિક, પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરી અને અગ્રણી નેતા ભરતસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી... (ફોટોગ્રાફર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# આપ નેતા નંદિની બોસમિયાના મોત મામલે પરિવારના ગંભીર આક્ષેપ, આત્મહત્યા નહીં, હત્યા હોવાની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ જેતપુરની આમ આદમી પાર્ટીની નેતા નંદિની બોસમિયાના આપઘાતના મામલે હવે નવો વળાંક સામે આવ્યો છે. ૮ જુલાઈના રોજ નંદિનીના પિતા અને બહેન મીડિયા સમક્ષ આવ્યા હતા અને સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરી દોષિતોને કડકમાં કડક સજા, તેમજ ફાંસીની સજા આપવાની માંગ કરી હતી.

પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે, જૂનાગઢના પરણિત મુસ્લિમ યુવક અસલમ સાથે મૈત્રી કરાર થયા બાદ નંદિનીએ આપઘાત કર્યો હતો. આ મામલે અસલમ અને તેના પરિવાર સામે દુષ્પ્રેરણાની ફરિયાદ પણ નોંધાઈ હતી. પરિવારજનોએ આશંકા વ્યક્ત કરી હતી કે, યુવતીઓને ફસાવતું એક ગોઠવાયેલું નેટવર્ક કાર્યરત છે, જેથી સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ. પરિવારે વધુ એક ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે આ આત્મહત્યા નહીં પરંતુ હત્યા હોઈ શકે છે. પરિવારના જણાવ્યા મુજબ, ઘટનાના સમયે રૂમનો મુખ્ય દરવાજો બંધ હતો જ્યારે બાલ્કની તરફનો પાછળનો દરવાજો ખુલ્લો હતો અને ઘરની અંદરનો સામાન પણ વેરવિખેર હાલતમાં હતો. આ તમામ સંજોગોને આધારે પરિવારે હત્યાની આશંકા વ્યક્ત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે નંદિની છેલ્લા ઘણા સમયથી રાજકોટમાં રહેતી હતી. હવે સમગ્ર મામલે પોલીસ તપાસમાં શું હકીકત સામે આવે છે તેના પર સૌની નજર છે. ■

# સુરેન્દ્રનગરના જોરાવરનગરમાં વીજ કરંટથી ભેંસનું મોત, લોકોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ શહેરમાં જોરાવરનગરના નીલકંઠ મહાદેવ મંદિર નજીક વરસાદી માહોલ દરમિયાન વીજ કરંટ લાગતાં એક દૂધાળી ભેંસનું મોત નીપજ્યું હતું. આ ઘટના નજીકના કેમેરામાં કેદ થઈ હતી. ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. મળતી માહિતી મુજબ, વરસાદ દરમિયાન રસ્તા પરથી પસાર થઈ રહેલી ભેંસ અચાનક વીજ કરંટની ઝપેટમાં આવી ગઈ હતી અને સ્થળ પર જ ઢળી પડી હતી. ઘટના બાદ સ્થાનિકો અને પશુ પ્રેમીઓએ વીજ તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. ચોમાસા પૂર્વે પ્રી-મોનસૂન કામગીરીના દાવા વચ્ચે આવી ઘટના બનતાં જોખમી વાયરિંગ અને વીજ સુરક્ષા અંગે તપાસ કરવાની માંગ ઉઠી છે.સ્થાનિકોએ મૃત પશુના માલિકને યોગ્ય વળતર આપવામાં આવે તેમજ જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી. આ સાથે જ જોરાવરનગર વિસ્તારમાં જોખમી વીજ વાયર અને પોલનું તાત્કાલિક નિરીક્ષણ કરી જરૂરી સમારકામ કરવાની પણ રજૂઆત કરવામાં આવી છે. સદનસીબે આ ઘટનામાં કોઈ માનવહાનિ થઈ ન હતી, પરંતુ ઘટનાએ જાહેર સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. સ્થાનિકોએ ચેતવણી આપી હતી કે, જો તાત્કાલિક કાર્યવાહી નહીં થાય તો તેઓ પીજીવીસીએલ કચેરી સમક્ષ ધરણા કરશે. ■

# ભાવનગરના થોરડી ગામે પૂરનાં પ્રવાહમાં તણાઈ ગયેલા આધેડનો મૃતદેહ મળ્યો



(ફોટોગ્રાફર વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લામાં ભારે પાણીના પ્રવાહમાં ૩ લોકો તણાયા હતા જેમાં ૨ નો બચાવ થયો હતો, થોરડી ગામે આવેલી વાડીએથી ૨ બાઈક પર નીકળેલા ૩ લોકો પરત ફરતા સમયે વોકળામાં તણાયા હતા, જેમાં ૨ લોકોનો આબાદ બચાવ થયો હતો જ્યારે દિલીપભાઈ છગનભાઈ રાઠોડ નામના આધેડ પાણીના પ્રવાહમાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાની જાણ વહેલી સવારથી શોધખોળ હાથ ધરી હતી, ત્યારે ફાયર અને ટીમની થતા મામલતદાર તેમજ ની ટીમ દ્વારા ગુમ થયેલા ૧૦ કલાકની સતત જહેમત બાદ દિલીપભાઈ રાઠોડનો મૃતદેહ મળી દિલીપભાઈ રાઠોડની શોધખોળ હાથ ધરવામાં આવી આવ્યો હતો, દિલીપભાઈ રાઠોડનું પાણીમાં તણાઈ મોત નીપજતા હતી, જેમાં ની ટીમે બોટ અને ડીપ ડાઈવ સાથે પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. ■

# કચ્છના ગળપાદરમાંથી ₹ ૩૮ હજારનો વિદેશી દારૂ ઝડપાયોઃ બુટલેગર ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના ગાંધીધામ સંકુલ નજીક ગળપાદરના નવાવાસ વિસ્તારમાં પોલીસે એક દુકાનમાં દરોડો પાડીને રૂા. ૩૮,૮૮૦ની કિંમતનો ગેરકાયદેસર વિદેશી દારૂ અને બિયરનો જથ્થો જપ્ત કર્યો હતો. જોકે, પોલીસ દરોડા દરમિયાન આરોપી બુટલેગર હાજર મળી આવ્યો ન હતો.

સ્થાનિક પોલીસને પૂર્વ બાતમી મળી હતી કે, ગળપાદર નવાવાસમાં રહેતો લિસ્ટેડ બુટલેગર રાહુલ વિનોદ ચૌહાણ પોતાના મકાનની બાજુમાં આવેલી એક દુકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવીને તેનું વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે સદરહુ દુકાનમાં દરોડો પાડ્યો હતો.

તલાશી દરમિયાન દુકાનમાંથી ગ્રીન લેબલ વ્હિસ્કીની ૭૫૦ મિ.લિ.ની ૪૮ બોટલ, ગ્રીન લેબલ અને રોયલ ચેલેન્જના ૧૮૦ મિ.લિ.ના ૬૦ ક્વાર્ટરિયા તેમજ કિંગફિશર બિયરના ૨૪ ટીન મળી આવ્યા હતા. પોલીસે રૂા. ૩૮,૮૮૦નો આ તમામ શરાબનો જથ્થો કબજે કર્યો હતો. દરોડા દરમિયાન આરોપી રાહુલ ચૌહાણ નાસી છૂટવામાં સફળ રહ્યો હોઈ, પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.■

# ભાવનગર જિલ્લાનો માલણ અને ખારો ડેમ ઓવરફ્લોઃ અન્ય ૧૨ ડેમમાં પાણીની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લામાં થઈ રહેલા સતત વરસાદને પગલે જિલ્લાના જળાશયોમાં પાણીની ભારે આવક થઈ રહી છે. ભાવનગર જિલ્લાના કુલ ૧૬ ડેમોમાંથી ૪ ડેમ હાલ ઓવરફ્લો થઈ ચૂક્યા છે, જ્યારે ૧૨ ડેમોમાં હજુ પાણીની આવક ચાલુ છે. જળાશયોની સ્થિતિ પર નજર રાખવા માટે કલેક્ટર કચેરી અને ઈમરજન્સી રીસ્પોંસ સેન્ટર સતત કાર્યરત છે.

જિલ્લાના સૌથી મોટા એવા શેત્રુંજી ડેમ તેની ૫૫.૫૩ મીટરની ઓવરફ્લો સપાટીએ પહોંચી જતાં સંપૂર્ણ ૧૦૦ ટકા ભરાઈ ગયો છે. ડેમમાં હાલ ૧૮૦૦ ક્યુસેક પાણીની અંદાજિત આવક સામે તેટલો જ એટલે કે ૧૮૦૦ ક્યુસેક પ્રવાહ પસાર થઈ રહ્યો હોવાથી ડેમના તમામ ૫૯ દરવાજા ખોલવામાં આવ્યા છે. આ ઉપરાંત, ધારી તાલુકાનો ખોડીયાર ડેમ પણ ૨૦૨.૫૦ મીટરની સપાટીએ પહોંચ્યો છે, જેમાં ૮૦૦ ક્યુસેક પાણીની આવક સામે ૨ દરવાજા ખોલીને ૮૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. મહુવા તાલુકાનો માલણ ડેમ પણ ૧૦૪.૭૨ મીટરની સપાટી સાથે ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યો છે અને તેમાંથી ૫૩૩.૦૨ ક્યુસેક પાણીનો પ્રવાહ પસાર થઈ રહ્યો છે. જ્યારે મહુવાનો જ રોજકી ડેમ ૯૯.૩૫ ટકા જેટલો ભરાઈ જતાં ઓવરફ્લો થવાની અણી પર છે.

અન્ય જળાશયોની સ્થિતિ જોઈએ તો, ઉમરાળાનો રંઘોળા ડેમ ૮૮.૧૩ ટકા, પાલીતાણાનો હણોલ ડેમ ૭૪.૬૪ ટકા, ગઢડાનો કાળુભાર ડેમ ૭૨.૩૮ ટકા અને પાલીતાણાનો રજાવળ ડેમ ૬૮.૩૭ ટકા ભરાઈ ચૂક્યા છે. તળાજાના કાળુભાર ડેમમાંથી પણ ૩૦૦ ક્યુસેક પાણીનો પ્રવાહ પસાર કરવામાં આવી રહ્યો છે. આ સિવાય લાખણકા, હમીરપરા, બગડ, જસપરા, પીંગળી, ખાંભડા અને ઉતાવળી ગુંદા રાણપુર જેવા ડેમોમાં પણ પાણીનો નોંધપાત્ર સંગ્રહ થયો છે.

તંત્ર દ્વારા નદી કાંઠાના અને નીચાણવાળા વિસ્તારોના લોકોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે અને ફ્લડ સેલ દ્વારા તમામ ડેમોની સપાટી પર સતત ૨૪ કલાક દેખરેખ રાખવામાં આવી રહી છે. ■

# રાપરના બેલા ગામે બુલડોઝર ફર્યું ₹ ૫ લાખની કિંમતનાં ત્રણ ગેરકાયદે દબાણો તોડી પડાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં સરકારી જમીનો પરના ગેરકાયદે દબાણો દૂર કરવાની ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત રાપર તાલુકાના બેલા ગામે વહીવટી તંત્ર દ્વારા દબાણ હટાઓ કાર્યવાહી કરવામાં આવી હતી. તંત્રએ પોલીસ બંદોબસ્ત સાથે રાખીને બેલા ગામે ત્રણ ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવી દીધું હતું અને અંદાજે રૂા. ૫ લાખની વર્તમાન બજાર કિંમત ધરાવતી સરકારી જમીન ખુલ્લી કરાવી હતી.

ભચાઉ પ્રાંત અધિકારીની સત્તાવાર યાદી મુજબ, જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ રાપર તાલુકા વિકાસ અધિકારી અને મહેસૂલ તંત્રની ટુકડીએ બેલા ગામ ખાતે ગામતળની જમીન પર થયેલા બિનઅધિકૃત બાંધકામો દૂર કર્યા હતા.

આ કામગીરી દરમિયાન એક ધાર્મિક અને બે કોમર્શિયલ હેતુ માટે કરાયેલા દબાણો તોડી પાડવામાં આવ્યા હતા, જેમાં ૨૫૦૦ ચોરસ મીટરનું બાંધકામ (બજારકિંમત અંદાજે રૂા. ૩,૦૦,૦૦૦) અન્ય બે સ્થળોએ કરાયેલા ૧૨૦-૧૨૦ ચોરસ મીટરના બે બાંધકામો (દરેકની બજારકિંમત અંદાજે રૂા. ૧,૦૦,૦૦૦) તોડી પડાયા હતા. વહીવટી તંત્ર દ્વારા ૨,૭૪૦ ચોરસ મીટર જેટલી કિંમતી સરકારી જમીન પેશકદમી મુક્ત કરાવવામાં આવી હતી.■

# ગાંધીધામમાં માત્ર અડધો ઇંચ વરસાદમાં જ પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખૂલી

## ૨૪ કલાક બાદ પણ માર્ગો જળબંબાકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીધામ અને આદિપુરમાં ગત સોમવારે રાત્રે પડેલા માત્ર ૧૮ મિલીમીટર (અડધો ઇંચ) વરસાદમાં જ તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીના ધજાગરા ઊડી ગયા છે. મેઘરાજાએ વિરામ લીધાના ૨૨ થી ૨૪ કલાક બાદ પણ અનેક મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં હજુ સુધી વરસાદી પાણી ભરાયેલા રહેતાં વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતિએ મહાનગરપાલિકા, પીજીવીસીએલ અને જીયુડીસી સહિતની એજન્સીઓની કામગીરીની પોલ ખોલી નાખી છે.

કરોડો રૂપિયાના ખર્ચ પછી પણ પરિસ્થિતિ જસની તસ રહી છે. શહેરના એ-ડિવિઝન પોલીસ સ્ટેશન રોડ, મહેશ્વરીનગર ચાર રસ્તાથી ભારતનગર ચાર રસ્તા, ગુરુકુલના આંતરિક માર્ગો તેમજ સાઉથ ઝોનના મુખ્ય માર્ગો પર પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. ભારતનગર જેવા નીચાણવાળા વિસ્તારોમાં તો ગોઠણડૂબ પાણી ભરાઈ ગયા હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ, વર્ષોથી વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાનો અભાવ, વ્યાપક દબાણો અને આંતરિક માર્ગોનું મુખ્ય માર્ગો સાથે અયોગ્ય લેવલિંગ આ સમસ્યા માટે મુખ્યત્વે જવાબદાર છે. કેટલાક વિસ્તારોમાં ગટરની ચેમ્બરો તોડીને પાણીનો નિકાલ કરવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ મોટાભાગના વિસ્તારો હજુ પણ જળબંબોળ છે. આવી જ વરવી સ્થિતિ આદિપુરમાં પણ જોવા મળી રહી છે. ■

# પોરબંદરમાં ભારતીય નૌસેનાનું વિમાન ક્રેશ, સદ્નસીબે જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ પોરબંદર જિલ્લામાં ભારતીય નૌસેનાનું એક માનવરહિત વિમાન ક્રેશ થતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. આ ઘટના ધરમપુર ગામ નજીક આવેલા નેશ વિસ્તારમાં બની હોવાનું બહાર આવ્યું હતું.

પ્રાથમિક માહિતી મુજબ, નિયમિત તાલીમ અથવા ટેકનિકલ કામગીરી દરમિયાન અચાનક નિયંત્રણ ગુમાવતાં જમીન પર તૂટી પડ્યું હતું. ઘટનાની જાણ થતાં ભારતીય નૌસેનાના અધિકારીઓ, સ્થાનિક પોલીસ તેમજ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર વિસ્તારને સુરક્ષિત બનાવી તપાસ હાથ ધરી હતી. સદનસીબે ખુલ્લા વિસ્તારમાં ક્રેશ થતાં કોઈ જાનહાનિ કે ઇજા થઈ નથી તેમજ કોઈ મોટી મિલકતી નુકસાનની પણ માહિતી સામે આવી નથી. ઘટનાસ્થળેથી ના અવશેષોને કબજે લઈ સુરક્ષા એજન્સીઓ દ્વારા ટેકનિકલ તપાસ શરૂ કરવામાં આવી છે. જો કે ક્રેશ થવાનું ચોક્કસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી. પ્રાથમિક તબક્કે ટેકનિકલ ખામીની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે, જોકે તપાસ પૂર્ણ થયા બાદ જ વાસ્તવિક કારણ સ્પષ્ટ થશે. ભારતીય નૌસેનાના અધિકારીઓ સમગ્ર ઘટનાની ગંભીરતાથી તપાસ કરી રહ્યા છે. ■

(ફોટોગ્રાફર- પ્રવિણ સેદાણી)





# જામનગરમાં દારૂની તસ્કરી કરતું દંપતી ઝડપાયું

## ૧૦૮ દારૂની બોટલો સહિત ₹ પાંચ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ શહેરના સિટી 'એ' ડિવિઝન પોલીસે દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. મહાપ્રભુજી બેઠક વિસ્તાર પાસેથી પસાર થતી એક શંકાસ્પદ કારને અટકાવીને પોલીસે તપાસ હાથ ધરતા દારૂની હેરાફેરીનો કિસ્સો બહાર આવ્યો હતો. પોલીસે વિનોદ દામા અને તેમની પત્ની પ્રિયાબેન દામાની દારૂના જથ્થા સાથે ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન પોલીસ પણ દંગ રહી ગઈ હતી, કારણ કે આ દંપતીએ પોલીસને થાપ આપવા માટે કારની અંદર ખૂબ જ વ્યવસ્થિત રીતે 'ચોરખાના' બનાવ્યા હતા. કારના દરેક ખૂણે અને સીટોની આસપાસ ગુપ્ત ખાનાઓ બનાવી તેમાં વિદેશી દારૂની ૧૦૮ બોટલો ખૂબ જ હોશિયારીથી સંતાડવામાં આવી હતી. પોલીસની ટીમે એક પછી એક ખાના ખોલાવીને આ છુપાયેલો દારૂ બહાર કાઢ્યો હતો. ■

# રાપર પોલીસે સાબરમતી જેલમાંથી પેરોલ જમ્પ કરી નાસેલા આજીવન કેદના કેદીને ઝડપી પાડ્યો

ભુજઃ ''મિશન ફ્યુગિટિવ'' અંતર્ગત રાપર પોલીસે કાર્યવાહી કરીને અમદાવાદની હાઈ સિક્યોરિટી સાબરમતી જેલમાંથી પેરોલ જમ્પ કરી લાંબા સમયથી ફરાર આજીવન કેદની સજા પામેલા એક વોન્ટેડ આરોપીને કચ્છના રાપરના ગેલીવાડી વિસ્તારમાંથી દબોચી લેવામાં આવ્યો હતો. પકડાયેઓ આરોપી વિસા લક્ષ્મણ ચૌધરી વિરુદ્ધ રાધનપુર પોલીસ મથકમાં પોક્સો એક્ટ તેમજ આઈપીસીની કલમ ૩૬૩, ૩૬૬ અને ૩૭૬ હેઠળ ગુનો નોંધાયેલો હતો, જેમાં તેને અદાલતે આજીવન કેદની સજા ફટકારી હતી. તે સાબરમતી જેલમાંથી પેરોલ મેળવીને બહાર આવ્યા બાદ ફરાર થઈ ગયો હતો.તપાસમાં ખૂલ્યું હતું કે આ આરોપી અમદાવાદ શહેરના શાહપુર પોલીસ મથકના એક અન્ય ગુનામાં પણ વોન્ટેડ હતો. તજવીજ શરૂ કરી છે. ■

# ભાવનગરમાં નશાકારક કફ સિરપના જથ્થા સાથે એક શખસ ઝડપાયો અમદાવાદના શખસ પાસેથી જથ્થો લાવ્યાની કબૂલાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના નવાપરા વિસ્તારમાં આવેલા તબેલા કેમ્પમાં પોલીસે બાતમીના આધારે એક મકાન પર દરોડો પાડી નશાકારક કોડાઈન ફોસ્ફેટ ઘટક ધરાવતી કફ સિરપની બોટલો સાથે એક શખસની અટકાયત કરી પૂછપરછમાં આ જથ્થો અમદાવાદના એક શખ્સ પાસેથી લાવવામાં આવ્યો હોવાનું ખૂલતાં પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ કરી છે. ભાવનગરના નવાપરા ખાતે રહેતો હનીફ સતારભાઈ શાહ પોતાના મકાનમાં કફ સિરપની બોટલો રાખી તેનો નશો કરવા તેમજ વેચાણ કરવા માટે ઉપયોગ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે સરકારી પંચોને સાથે રાખીને મકાનમાં દરોડો પાડ્યો હતો. તલાશી દરમિયાન રૂમમાંથી પ્લાસ્ટિકના કોથળામાં છુપાવી રાખેલી ૪,૭૫૨ની કિંમતની ૩૦ બોટલો અને ૫,૦૦૦ની કિંમતનો એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો.

# કચ્છના માંડવીમાં ટેકાના ભાવે ખેડૂતો પાસેથી ૭૯૨ મેટ્રિક ટન બાજરીની ખરીદી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા કચ્છના બંદરીય માંડવી ખાતે ટેકાના ભાવે શરૂ કરાયેલી બાજરીની ખરીદી પ્રક્રિયાને ખેડૂતો તરફથી વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. જગતના તાતને પોતાની ઉપજના પૂરતા અને યોગ્ય ભાવ મળી રહે તે માટે તંત્ર દ્વારા સમગ્ર ખરીદી પ્રક્રિયા પારદર્શક રીતે ચલાવવામાં આવી રહી છે. નાયબ જિલ્લા મેનેજર વી.બી. જાદવના માર્ગદર્શન હેઠળ કાર્યરત આ ખરીદી કેન્દ્ર પર અત્યાર સુધીમાં ૨૯૦ ખેડૂતોને એસ.એમ.એસ. દ્વારા જાણ કરવામાં આવી હતી, જેમાંથી ૨૫૩ ખેડૂતો કેન્દ્ર પર ઉપસ્થિત રહ્યા હતા. વહીવટી તંત્ર દ્વારા આ ખેડૂતો પાસેથી કુલ ૭૯૨.૪૫ મેટ્રિક ટન બાજરીની ખરીદી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. ખરીદ અધિકારી ચિરાગ ઠાકોરે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ખરીદી પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઇન અને સુવ્યવસ્થિત હોવાથી ખેડૂતોને કોઈ પણ પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો પડ્યો નથી. સરકારના આ વલણથી ખેડૂતોએ સંતોષ વ્યક્ત કર્યો છે અને જણાવ્યું હતું કે, ટેકાના ભાવે ખરીદી થવાથી તેમને મોટી આર્થિક રાહત મળી છે. બાજરી ખરીદીનું આ અભિયાન આગામી તારીખ ૧૫ જુલાઈ સુધી કાર્યરત રહેશે. બીજી તરફ, માંડવી તાલુકા કિસાન સંઘના પ્રમુખ રતિલાલભાઇ રાબડિયાએ સરકારના આ નિર્ણયને આવકારીને જણાવ્યું હતું કે, ટેકાના ભાવે ખરીદી એ ખેડૂતોના હિતમાં છે. સાથે જ તેમણે એવી પણ માગણી કરી હતી કે, ખેડૂતો જેટલી બાજરીનું ઉત્પાદન કરે છે તે તમામ જથ્થો મર્યાદા વિના સરકાર ટેકાના ભાવે ખરીદે, જેથી દરેક ખેડૂતને આ યોજનાનો પૂરતો લાભ મળી શકે અને આગામી સમયમાં પણ આ ખરીદી પ્રક્રિયા સમયસર શરૂ કરવામાં આવે. ■




ઉના નજીક તુલશીશ્યામ માર્ગ પર ગીરના ગૌરવ સમાન સાવજ જોવા મળ્યો હતો, આ સિંહની નિર્ભય નજર અને ગર્વભરી અદાને કેમેરામેને આબાદ રીતે કેમેરામાં કેદ કરી હતી. (ફોટોગ્રાફર- ફારૂખ કાંઝી)